# કાશ્મીરનો પ્રવાસ

અથવા

## સ્વર્ગનું સ્વપ્નું



લેખક :

… અખંડાનંદની પ્રસાદી

… સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ ૨

કિંમત બાર આના

'સસ્તુ' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચુ' સાહિત્ય'

# કાશ્મીરનો પ્રવાસ

અથવા

## સ્વર્ગનું સ્વપ્નું

**પ્રકાશક સંસ્થા તરફથી ભેટ**

★

લેખક :

સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨

★

બાર આના

૯૧૫.૪/૯૪
૨૧૧૪૦
૯૧૫.૪
ગોહિલ
૨૧૧૪૦

સંવત ૨૦૧૪ : : : : આવૃત્તિ બીજી

[ સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે. ]

1000-11-'57

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ લ૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ : : અમદાવાદ




જન્મ : સંવત ૧૯૩૦ :: વિદેહ : સંવત ૧૯૫૬

# નિવેદન

ગુજરાતી ભાષાને ગદ્ય અને પદ્યમાં ઉત્તમ સાહિત્ય અને ઉન્નત વિચારોનો વારસો આપી માત્ર ૨૬ વર્ષની ભરયુવાનીમાં જ આ નશ્વર દુનિયાને ત્યજી ગયેલા 'લાઠી'ના સ્વ૦ નામદાર ઠાકોર શ્રી સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ–'કલાપી'ના નામથી ગુર્જર સાહિત્યનો કોઈક જ અભ્યાસી અજાણ્યો હશે. તેમનું આ પુસ્તક ઈ. સ. ૧૯૧૧માં આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલું. તેમનું સાહિત્ય સચવાઈ રહે અને આજની પેઢીના વાચકોને તેનો લાભ મળે તે માટે તેના પુનર્મુદ્રણરૂપે આ નવી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઈ. સ. ૧૮૯૨માં માત્ર અઢાર વર્ષની ઉમ્મરે તેમણે આ પુસ્તક પહેલવહેલું લખેલું. એમાં તેમના સંસ્કારી હૃદયની, તેમની સૃષ્ટિસૌંદર્ય નીરખવાની ને તેને સરળ ને રસિક શૈલીથી આલેખવાની તેમની શક્તિની આપણને પ્રતીતિ થાય છે.

પોતાના કાશ્મીરના પ્રવાસનું વર્ણન તેમણે તેમના શિક્ષક સ્વ. નરહર બાલકૃષ્ણ જોશીને ઉદ્દેશીને લખાયેલા પત્રરૂપે આલેખ્યું છે. એમાં તે સમયના કાશ્મીરના સૃષ્ટિસૌંદર્યનું તેમ જ પ્રવાસમાંની સગવડ–અગવડનું ચિત્રણ ચીતર્યું છે, જે આજેય સુરમ્ય લાગે છે.

આ પછીનાં પાનાંમાં ભાઈ કપિલ ઠક્કરે 'પત્ર અને પત્રલેખકનો પરિચય' એ મથાળા નીચે લેખકનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે, તે તરફ વાચકબંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે.

મુંબઈ,
તા. ૩૧–૧૦–'૫૭

'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વતી
**મનુ સુબેદાર (પ્રમુખ)**

# પત્ર અને પત્રલેખકનો પરિચય

'પ્રવાસ, યુવાનો માટે કેળવણીનું અને બુઝર્ગો માટે અનુભવનું એક અંગ છે,' એ લૉર્ડ બેકનના મશહૂર સૂત્ર અનુસાર પશ્ચિમના દેશોની યુનિવર્સિટીઓમાં ભણી ઊતરેલા વિદ્યાર્થીઓ માટે શિક્ષણના આખરી તબક્કા તરીકે નાનામોટા પ્રવાસો યોજવાની પ્રથા પ્રચલિત છે. કાઠિયાવાડ–ગુજરાતના રાજવંશીઓ માટે સને ૧૮૭૧માં રાજકોટમાં રાજકુમાર કૉલેજની સ્થાપના કરવામાં આવી હતી. આ કૉલેજમાં વિદ્યાર્થીઓ માટે પાટી પર આંકડા અને અક્ષરો માંડવાના શિક્ષણથી શરૂઆત કરી મુંબઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષામાં બેસવા માટે તૈયાર કરવાનો પ્રબંધ હતો. આ કૉલેજના પ્રથમ પ્રિન્સિપાલ શ્રી. ચેસ્ટર મેકનોટન સાહેબને ફાળે એ પ્રદેશના અનેક ભાવી રાજવીઓના ઘડતરનો યશ નોંધાયો છે. વિદ્યાર્થીઓમાં તેઓ અતિપ્રિય હતા. કૉલેજની શરૂઆતથી ૧૮૯૬ની સાલ સુધી એમણે પોતાની ફરજ બજાવી અને એ વરસના ફેબ્રુઆરીની ૧૦મી તારીખે બહુ ટૂંકી માંદગી પછી રાજકોટમાં જ વિદેહ થયા. એમની આરસપ્રતિમા આજે પણ એ કૉલેજના ચોગાનમાં ઊભી છે.

એ કૉલેજમાં ૧૮૮૦ની સાલમાં સાત વરસની વયે હડાળા બગસરાના કુમાર શ્રી ગીગાવાળા દાખલ થયા અને અગિયાર વરસના અભ્યાસ પછી મૅટ્રિક સુધી પહોંચ્યા. એમના પછી બે વરસે, ૧૮૮૨ની સાલમાં લાઠીના કુમાર સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ, આઠ વરસની વયે જોડાયા અને ૧૮૯૧ સુધીમાં પ્રિ–મૅટ્રિક વર્ગ સુધી પહોંચ્યા. કુમાર ગીગાવાળા અને એમની વચ્ચે ગાઢ મહોબત બંધાઈ. ૧૮૯૧માં બન્ને કુમારોએ મૅટ્રિકની પરીક્ષા આપ્યા વગર, કેટલાક સંજોગો અનુસાર કૉલેજ છોડી. આ કૉલેજમાં ભણી જનારાઓમાંથી મૅટ્રિક પસાર કરનારની સંખ્યા

બહુ થોડી નીકળે.

બન્ને કુમારોને એમની રિયાસતોનો વહિવટ સોંપાવાને હજી વિલંબ હતો. અને એ ગાળા દરમ્યાન, કાઠિયાવાડ એજન્સીએ કુમારો માટે નક્કી કરેલા ધોરણ મુજબ એમને સારુ આર્યાવર્તનો એક પ્રવાસ યોજવામાં આવ્યો. એ પ્રવાસખર્ચ માટે બન્ને કુમારો વચ્ચે રૂપિયા ૨૫૫૦૦નો ખર્ચ મંજૂર કર્યો. મુસાફરીનો સમય છ માસનો નક્કી કરવામાં આવ્યો. કુમારોના વાલી અને સાથી તરીકે વઢવાણના વતની અને એ સમયે વડિયા સ્ટેટના મેનેજર રાવબહાદુર પ્રાણજીવન વિશ્વનાથ ઠાકરની પસંદગી થઈ. રાવબહાદુર અને એમનો એક રસોઇયો અને બે નોકરો મળી ચાર, કુમારશ્રી સૂરસિંહજી અને એમના છ નોકરો મળી સાત અને કુમારશ્રી ગીગાવાળા અને એમના ચાર નોકરો મળી પાંચ, એમ સોળ યાત્રાળુઓએ સને ૧૮૯૧ના ઑકટોબરની ૧લી તારીખે રાજકોટથી યાત્રાનો આરંભ કર્યો.

રાજકોટથી અમદાવાદ, જયપુર, અલ્વર અને એ પછી રાવળપિંડી થઈને ઑકટોબરની આખરે મુસાફરો શ્રીનગર પહોંચ્યા. નવેમ્બરનું પહેલું પખવાડિયું કાશ્મીરમાં પસાર કર્યું. ફરી પાછા રાવળપિંડી, હરદ્વાર, દિલ્હી ફરી ડિસેમ્બરની શરૂઆતમાં મથુરા પહોંચ્યા. મથુરામાં કુમારશ્રી ગીગાવાળાને એક માનતા પૂરી કરવાની હતી. મથુરાના દાઉજીના મંદિરમાં, એમનાં માતુશ્રીની યોજના મુજબ હાંડો ચડાવી, વિધિ સાથે ગીગાવાળા નામ બદલી વાજસૂરવાળા નામ ધારણ કરવાનું હતું. તા. ૫મી ડિસેમ્બરથી ‘ કુમાર ગીગા વાલેરા ’ ‘ વાળા વાજસૂર વાલેરા ’ તરીકે ઓળખાવા લાગ્યા.

મથુરા, ગોકુળ, વૃંદાવન, આગ્રા, ગ્વાલિયર અને ઝાંસી થઈને ૧૮૯૧ના છેલ્લા દિવસે મુસાફરો ગયાજી પહોંચ્યા. તા. ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૮૯૨એ કલકત્તા અને તા. ૧૫મીએ કલકત્તાથી સ્ટીમ લોંચમાં નીકળી કટક, જગન્નાથપુરી અને ફરી સ્ટીમરમાર્ગે

મદ્રાસ. પ્રથમ યોજના મુજબ આ પ્રવાસમાં સીલોનનો સમાવેશ કરવામાં આવ્યો હતો, પણ સંયોગોવશાત્ એ પડતો મુકાયો અને મદ્રાસ ઈલાકો, મ્હૈસુર રાજ્ય વગેરે ફરતાં મુસાફરો પાછા તા. ૯મી માર્ચ ૧૮૯૨ની રાત્રે મુંબઈ આવી પહોંચ્યા.

હવે આ પ્રવાસના થોડાએક યાત્રીઓ, આ પત્ર અને જેના પર એ પત્ર લખાયો છે એ વ્યક્તિઓનો થોડો પરિચય કરીએઃ

આ પત્રના લેખક લાઠીના કુમાર સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ ગુજરાતના સાહિત્યજગતમાં 'કલાપી'ના તખલ્લુસથી મશહૂર છે અને એમના જીવન-કવનની સાથે એક રોમાંચક પ્રણયગાથા સંકળાયેલી છે. ૧૮૯૨થી શરૂ કરેલી કાવ્યલેખન પ્રવૃત્તિ જીવનના અંત સુધી ચાલુ રહી. 'કલાપીનો કેકારવ' એટલે એમનાં કાવ્યોનો સંગ્રહ. એ ઉપરાંત 'સ્વીડનબોર્ગના ધર્મવિચારો,' 'માલા અને મુદ્રિકા' એ નામથી અંગ્રેજી લેખક જેમ્સ સ્પિલિંગની The Wreath and the Ring નામની નવલકથાનો અનુવાદ, 'જેસલ અને તોરલ', 'મેનાવતી અને ગોપીચંદ,' 'ભર્તૃહરિ અને વિક્રમ' અને 'જાલંધર અને ગોપીચંદ' એ નામના ચાર સંવાદો, 'કાશ્મીરનો પ્રવાસ' અને એમની 'પત્રધારા' એટલું એમનું પ્રગટ થયેલું સાહિત્ય છે. ઈ. સ. ૧૯૦૦ના જૂનની ૧૦મી તારીખે એક જ રાતની ટૂંકી બીમારી વેઠી ૨૬ વરસની વયે તેઓ આપણી વચ્ચેથી વિદાય થયા.

એમના પરમ મિત્ર, આ પ્રવાસના સાથી, હડાળા દરબારશ્રી વાજસૂરવાળા (જેમનો આ લેખમાં કુમારશ્રી ગીગાભાઈ તરીકે ઉલ્લેખ થયો છે) કાઠિયાવાડના એક આગેવાન સંસ્કારમૂર્તિ અને સૌજન્યશાળી રાજવી તરીકે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મશહૂર હતા. સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીના સંસર્ગથી થિયોસોફીના રંગે રંગાયા. ૧૯૦૯-૧૩ દરમ્યાન પોરબંદર રાજ્યના સીનિયર એડ્મિનિસ્ટ્રેટર તરીકે કામ કર્યું. ૧૯૧૬થી ૧૯૪૮ સુધીનાં ૩૨

વરસો પોતાને ગામ હડાળામાં થિયોસોફીનો અભ્યાસવર્ગ નોતર્યો, 'કલાપી'ના એકલા બાકી રહેલા મિત્ર તરીકે ગુજરાતને 'કલાપી'નો પરિચય કરાવ્યો અને ૧૯૫૩ના એપ્રિલ માસમાં એંશી વરસને કાંઠે આવી પરલોકવાસી થયા.

જેમને સંબોધીને આ પત્ર લખાયો છે એ 'પ્રિય માસ્તર સાહેબ જોષીજી'નું આખું નામ શ્રી નરહર બાળકૃષ્ણ જોષી. મહારાષ્ટ્રના મૂળ વતની અને શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી વિમેન્સ યુનિવર્સિટીના સ્થાપક મહર્ષિ ધોંડુ કેશવ કર્વેના સમવયસ્ક. મહર્ષિ કર્વે, મહાન દેશભક્ત ગોપાલ કૃષ્ણ ગોખલે અને શ્રી નરહર જોષી એ ત્રણે જણાએ ૧૮૮૪ની સાલમાં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ.ની પરીક્ષા સાથે જ પસાર કરી હતી. એ પછી શ્રી જોષી એલએલ. બી. થયા, કાઠિયાવાડમાં નિવાસ કર્યો, રાજકોટમાં વકીલાત કરી, યુવાન વયે વિધુર થયા; પત્નીની મૃત્યુશય્યા પાસે સંકલ્પ કર્યો કે ફરી લગ્ન નહિ કરું, સંતાનોને ઉછેરીશ અને ભગવાં લૂગડાં પહેરી બાર વરસ સુધી વિનાવેતને કેળવણી સંસ્થાઓમાં સેવા કરીશ. એ સંકલ્પ એમણે પાર પાડ્યો. એ પછી વડિયા દરબાર સ્વ૦ બાવાવાળા સાહેબના આગ્રહથી વડિયામાં સ્થિર થયા. જિંદગીનાં આખરી વરસો એમના મોટા પુત્ર પુરુષોત્તમ સાથે ભાવનગરમાં વિતાવ્યાં, અને સને ૧૯૩૬માં ૭૮ વરસની વયે ભાવનગરમાં જ વિદેહ થયા. મહર્ષિ કર્વેએ વિધવા પુનર્લગ્નનો દાખલો બેસાડવા માટે જે વિધવા સાથે લગ્ન કરેલાં એ શ્રી નરહર જોષીનાં સગાં બહેન થતાં.

૧૮૯૧ની સાલમાં આ બે કુમારોએ કૉલેજ છોડી એ પહેલાં એમને કાયદો શીખવવાનું કામ શ્રી નરહર જોષીને સોંપવામાં આવ્યું હતું. શ્રી જોષી અંગ્રેજી અને સંસ્કૃત કાવ્ય–સાહિત્યના ઊંડા અભ્યાસી હતા, અને કાયદાનું વાચન પૂરું થાય પછી સૂરસિંહજી અને ગીગાભાઈને વર્ડ્ઝવર્થ, શેલી વગેરે અંગ્રેજી

કવિઓ અને કાલિદાસ, ભવભૂતિ, બાણ, ભાસ વગેરે સંસ્કૃત કવિઓનાં કાવ્યો બહુ રસથી સમજાવતા. આ પુસ્તકમાં પણ જોષી માસ્તરે N. B. J.ની સહીથી foot-note તરીકે ઘણે સ્થળે એવાં અવતરણો ઉમેર્યાં છે. સૂરસિંહજીને પ્રકૃતિદર્શન અને નિરીક્ષણ કરવાની દૃષ્ટિ એમણે એક રીતે આપી એમ કહેવાય. સૂરસિંહજીની એવી ઇચ્છા હતી કે મુસાફરી માટે એમના સાથી અને વાલી તરીકે શ્રી જોષીની પસંદગી કરવામાં આવે. પણ તે એમના અખત્યારની વાત ન હતી. સૂરસિંહજીએ એમને કહેલું કે જે કાશ્મીર દેશનાં સુંદર વર્ણનો એમણે સંસ્કૃત કાવ્યોમાંથી વાંચી સંભળાવ્યાં હતાં, એ નજરે દેખીને એનો વૃત્તાંત તેઓ જોષી સાહેબ પર લખી મોકલશે.

'પ્રિય માસ્તર સાહેબ જોષીજી' પર જગન્નાથપુરીથી તા. ૨૨મી જાન્યુઆરી ૧૮૯૨ને દિવસે લખાયેલ આ પત્રની શરૂઆત સૂરસિંહજીએ પોતાની રોજનીશી પરથી કલકત્તાથી કટક જતાં સ્ટીમલોંચમાં કરી હતી, અને કાંજીવરમ્ સુધી પહોંચતાં એ પત્ર પૂરો કર્યો હતો. પત્રના અંતમાં મુકાયેલી કાવ્યપંક્તિઓ કુમારશ્રી વાજસૂરવાળાએ પૂરી પાડી હતી. એ પત્ર જગન્નાથજીથી ટપાલમાં રવાના કરવામાં આવ્યો હતો. જોષીમાસ્તરે એ પત્ર જેવો મળ્યો એવો કાઠિયાવાડના એક સામયિકમાં છપાવી નાખ્યો હતો એવું જાણવા મળે છે. એ પછી સૂરસિંહજીએ ૧૮૯૩ના અરસામાં શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી અને શ્રી ગોવર્ધનરામભાઈ, જે બંનેને એમણે પોતાના ગુરુ જેવા માનેલા, એમના પર લખાયેલા પત્રોમાં આ લેખને ભાષા, જોડણી, વિચારો અને શૈલીની દૃષ્ટિએ સુધારી આપવાની વિનતિ કરેલી એવું સમજાય છે. પણ એવો સુધારો થઈ શકયો ન હતો. એટલે આ પત્ર જે સ્વરૂપમાં જોષીમાસ્તરને મળ્યો હતો એ જ સ્વરૂપે પ્રગટ થયો છે અને અહીં પણ એ જે રૂપે એ છપાયો છે. અલબત્ત, ગુજરાત વિદ્યાપીઠના જોડણીકોશ મુજબ, આ બીજી

આવૃત્તિમાં જોડણીમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

અંગ્રેજી પાંચમા-છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ કરેલા સત્તર વરસની વયના અને 'રાજકુમાર કોલેજમાં મેં અભ્યાસ કર્યો છે તે નામનો જ છે' એમ માનનારા એક રાજકુમારનો આ પ્રથમ મહત્ત્વનો લેખ છે. એ પત્ર લખાયો એ સમયે ગુજરાતી ભાષામાં પ્રવાસવર્ણનનાં ઘણાં પુસ્તકો ન હતાં, અને કાશ્મીરનો પ્રવાસ આજ જેવો સરળ ન હતો. આ સફરનાં અનેકવિધ વર્ણનોનું પૃથક્કરણ કરવાનો પ્રયત્ન કરવો બહુ લંબાણ માગી લે એવું સાહસ લાગે છે, અને આ પરિચયલેખની મર્યાદા મને એમ કરતાં રોકે છે. મુસાફરી શરૂ કર્યા પહેલાં સૂરસિંહજીએ શ્રી છગનલાલ હરિલાલ પંડ્યાનો કાદંબરીનો ગુજરાતી અનુવાદ વાંચ્યો હતો અને કાશ્મીરનાં અનેક સ્થળો અને દૃશ્યોનાં વર્ણનોમાં એની શૈલીની છાપ ઠેરઠેર નજરે પડે છે. રૂઢિ, રિવાજો, લોકજીવન, ગરીબી, સ્વદેશી કારીગરી, મુસાફરીમાં હમેશાં નજરે પડતાં દૃશ્યો અને એનાં વર્ણનો અને એની ઉપર ચિંત્વન, મુશ્કેલીઓ પાર કરવામાં ઊપજેલી રમૂજ અને માથા પર ઈસ્કોતરો બાંધી લઈ અંધારામાં કાપેલા અંતરનાં સરળ, સુરમ્ય બયાન, એ બધું આંગળી ચીંધી બતાવવાની કશી જરૂર નથી. વાચકને આ નાના લેખમાં પોતાની રુચિ અનુસાર પ્રસંગો અને વિવરણો સહેજે મળી આવશે. એક ફારસી કહેવત કહે છે એમ, 'મુશ્ક આન અસ્ત કે ખુદ બેબુયદ, ન કે અત્તાર બેગુયદ.' સ્વયં મ્હેકે એ કસ્તુરી; સુરૈયો કહે એ નહિ.

સૂરસિંહજી અને એમના સંઘે જે વરસમાં કાશ્મીરની સફર કરી એ જ વરસના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી એક અંગ્રેજ મુસાફર પણ એ પ્રદેશોમાં ઘૂમ્યો હતો. એ હતો એક પત્રકાર અને ગ્રંથકાર. એનું નામ ઈ. એફ. નાઈટ (E. F. Knight). પોતે અંગ્રેજ હોઈને અને કાશ્મીરમાં અમલદારી

ભોગવતા અંગ્રેજ મિત્રોનો એને સાથ હોવાને કારણે એની સફરના સગવડ–અગવડના અને સાધનોના સંયોગો જુદા અને વધારે અનુકૂળ હતા. વળી એની સફર તો વરસ ઉપરાંત પણ લંબાઈ હતી. છતાં કાશ્મીરનાં જે સ્થળોએ અને પ્રકૃતિદર્શને સૂરસિંહજીને આકર્ષ્યા છે, એ જ વસ્તુઓ ઘણીવાર આ લેખકનો વિષય બની છે. આ એક નોંધપાત્ર હકીકત છે. એ લેખકે પોતાના 'Where Three Empires Meet' નામના પુસ્તકમાં પોતાની નજરે આ પ્રદેશ જોયો તેવો વર્ણવ્યો છે. એણે વર્ણવેલાં ત્રણ સામ્રાજ્યો–બ્રિટન, રશિયા અને ચીનના ત્રિભેટા સુધી એ મુસાફરી કરી વળ્યો હતો. સફર–વર્ણનોના રસિકો 'કલાપી'નો આ લેખ વાંચ્યા પછી એ અંગ્રેજી પુસ્તક નિહાળશે તો એમને સરખામણીની અને બીજી અનેક નજરે એ વાચન આનંદ સાથે માહિતી આપનારું નીવડશે.

સ્વ. દરબારશ્રી વાજસૂરવાળા સાહેબને મુખેથી મેં કલાપી સંબંધી અનેક હકીકતો વરસો સુધી સાંભળી છે અને એમાંની ઘણીખરી કાગળ પર ઉતારી છે. આ પરિચયલેખમાં સમાએલી ઘણી વાતો એમણે કહેલી હતી. સોળ મુસાફરોના કાફલામાંથી છેલ્લા તેઓ જ એક બાકી રહેલા હતા. 'કલાપી' જીવનનાં સ્મરણો એમને સદા તાજાં હતાં. એ વાતો કહેતાં ઘણીવાર એમની આંખો ભીની થતી.

'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' વરસોથી અપ્રાપ્ય બનેલા 'કલાપી'ના આ લેખને ફરી છપાવી એ ખોટ પૂરી પાડે છે એ માટે ગુજરાતી વાચકો એના કાર્યવાહકોના આભારી થશે. આ પત્રનો આટલો પરિચય લખવાનો યશભાગી મને કરવા માટે હું પણ એમનો આભારી છું.

કૃષ્ણનગર, ભાવનગર
તા. ૧૫–૧૦–'૫૭

કપિલ પરમાનંદ ઠક્કર

'સસ્તુ' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચુ' સાહિત્ય'

# કેટલાક ઉપયોગી ગ્રંથો

## નવલકથા-વાર્તાસંગ્રહો

| | |
|---|---|
| ચાણક્ય ને ચંદ્રગુપ્ત | ૩-૫૦ |
| લાખેણી વાતો ... | ૨-૦ |
| દિવ્ય વાર્તાઓ ... | ૧-૦ |
| ઉચ્ચ જીવનની મંગળ વાતો | ૨-૦ |
| માણુસાઈની વાતો ... | ૨-૦ |
| આળાં હૈયાં ... ... | ૨-૦ |
| ગુલાબસિંહ ... ... | ૪-૦ |
| વનરાજ ચાવડો ... | ૨-૫૦ |
| પલટાતા રંગ ... | ૧-૫૦ |
| પરાક્રમી દશ કુમાર ... | ૨-૫૦ |
| કમળકુમાર ... ... | ૦-૭૫ |
| ભોજપ્રબંધ ... ... | ૧-૨૫ |
| ટૂંકી વાર્તાઓ-ભા. ૬ | ૨-૫૦ |
| ઉત્તરરામચરિત ... | ૧-૫૦ |
| કથાસરિત્સાગર ... | ૧-૦ |
| વિક્રમની વાતો ... | ૨-૫૦ |
| સંત બળરામ અને પતિતા | ૦-૬૨ |
| બિરબલ અને બીજા ... | ૨-૦ |

*

| | |
|---|---|
| ગામડું બોલે છે... | ૦-૭૫ |
| ભરતીઓટ ... ... | ૨-૦ |
| સંગમ ... ... ... | ૨-૦ |
| જીવનરંગ ... ... | ૩-૫૦ |
| બનાવટી ફૂલો ... | ૧-૦ |
| અત્તરના દીવા ઉત્તમ આવૃત્તિ | ૨-૫૦ |
| રંગ અને દીવા ... | ૧-૫૦ |
| જીવનસુવાસ ... ... | ૧-૫૦ |
| માટીની મૂર્તિઓ ... | ૦-૭૫ |
| અક્ષયપાત્ર | ૧-૫૦ |
| અંધારી રાતે (ઉત્તમ આ.) | ૧-૫૦ |
| ઇન્સાન મિટા દૂંગા અને બીજી વાતો ... | ૧-૨૫ |
| ઇતિહાસને અજવાળે | ૦-૭૫ |
| અદાલતને આંગણે | ૧-૫૦ |
| કંકુ ને કન્યા | ૧-૨૫ |
| પટલાઈના પેચ ... | ૧-૫૦ |
| સોનાનો સૂરજ ... | ૧-૨૫ |

*

| | |
|---|---|
| બે ડોસાની જાત્રા ... | ૦-૨૫ |
| જીવલેણ ગાડું ... | ૦-૨૫ |
| ધાવણની ધાર ને બીજી વાતો ... | ૦-૧૯ |
| બરાસ-કસ્તૂરી ... | ૦-૫૦ |
| કેરીની મોસમ અને બીજી વાતો ... | ૦-૩૧ |
| શ્રમણ નારદ અને પાંડુ ઝવેરી | ૦-૧૯ |

## પ્રકીર્ણ ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| પાઘડીનો વળ છેડે ... | ૧–૫૦ | વ્યાયામ અને સૂર્યનમસ્કાર | ૦–૫૦ |
| શુભસંગ્રહ (ભા. ૨, ૯) | ૬–૦ | હિંદુસ્થાની સંગીત ... | ૦–૫૦ |
| સ્વામી અખંડાનંદજીનાપત્રો | ૧–૨૫ | અંતર નિરીક્ષણ ... | ૧–૦ |
| સાહિત્ય પ્રવેશિકા ... | ૨–૫૦ | સ્વપ્નાં ... ... | ૦–૫૦ |
| સાહિત્ય પ્રારંભિકા ... | ૧–૨૫ | સો મૂર્ખોનાં લક્ષણો ... | ૦–૧૯ |

## પ્રવાસમાહિતી

| | | | |
|---|---|---|---|
| બ્રહ્મદેશ–દર્શન ... | ૧–૦ | જગન્નાથપુરી અને ઓરિસાના પુરાતન અવશેષો | ૦–૬૨ |
| ગુજરાતનાં તીર્થસ્થાનો * | ૧–૫૦ | મારો ભારત દેશ ... | ૦–૭૫ |
| રશિયા ... ... | ૧–૫૦ | | |

## ખેતીવિષયક

| | | | |
|---|---|---|---|
| શાકભાજી અને બીજા લેખો | ૦–૭૫ | ખેતીનાં મૂળ તત્ત્વો ભા.૨જો | ૧–૦ |
| ખેતીનાં મૂળ તત્ત્વો ભા. ૧લો | ૧–૪ | ,, ભા. ૩જો | ૧–૫૦ |
| | | ખેતીનાં મૂળ તત્ત્વોભા.૪થો | ૧–૭૫ |

## લોકસાહિત્ય

| | | | |
|---|---|---|---|
| કહેવતસંગ્રહ ... | ૪–૦ | મદન–મોહના... ... | ૦–૨૫ |
| ગુજરાતનાં લોકગીતો | ૧–૨૫ | સુંદર કામદારની વાર્તા | ૦–૭૫ |
| વૈતાલની વાતો ... | ૧–૫૦ | ગજરામારુ ... | ૦–૬૨ |
| પાંચ લોકકથાઓ ... | ૧–૫૦ | નંદબત્રીસી ... | ૦–૩૧ |
| સોરઠી દોહાસંગ્રહ ... | ૦–૭૫ | ધીસમારુની વાર્તા ... | ૦–૩૧ |
| લોકસાહિત્યનાં રહસ્યો | ૦–૨૫ | ઢોલામારુ ... | ૦–૩૭ |

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–અમદાવાદ**

# કાશ્મીરનો પ્રવાસ

અથવા

## સ્વર્ગનું સ્વપ્નું

૨૧૧૪૦
૧૪-૧૧૫૭

શ્રી જગન્નાથપુરી
તા. ૨૨ જાન્યુઆરી, ૧૮૯૨

પ્રિય માસ્તર સાહેબ જોશીજી,

આપને કુદરતી લીલાનું અવલોકન કરવાનો શોખ છે અને મને પણ કુદરતી કૃતિ પર લક્ષ આપી તેનું વર્ણન લખવામાં આનંદ આવે છે. કાશ્મીર દેશ કુદરતી ખૂબીનો જ સમુદાય હોવાને લીધે તે વિષે આપને કાંઈક લખવું એવી મારી ઇચ્છા છે.

જે રસ્તે અમે શ્રીનગર ગયા હતા તે જ રસ્તેથી પાછા આવ્યા છીએ, તો એક જ દેખાવનું બે વખત વર્ણન આપવું એ નીરસ લાગશે; તેથી પહેલાં શ્રીનગરનું વર્ણન આપી પછી રાવળપિંડી અને શ્રીનગર વચ્ચે રસ્તામાં જે જે સુંદર દેખાવો આવે છે તેનું વર્ણન આપું છું. અને તેની સાથે અમને જે જે હરકત થઈ હતી તેનું પણ ટૂંકું બયાન લખું છું.

અમે શ્રીનગર ઑક્ટોબરની એકત્રીશમી તારીખે સવારે અગિયાર વાગે પહોંચ્યા. અમારાં વાહન, ગાડી અથવા ઘોડાં ન હતાં, પણ અમે એક જાતની હોડીમાં બેઠા હતા. આ હોડીનું તળિયું દરિયામાંની હોડી જેવું હોતું નથી પણ ચપટ હોય છે; કારણ કે આ હોડીને જેલમ નદીમાં ચાલવાનું છે અને કોઈ કોઈ ઠેકાણે પાણી છીછરું હોવાને લીધે આવું તળિયું રાખવાની જરૂર છે. હોડી પાણીમાં માત્ર એકાદ વેંત ડૂબતી રહે છે અને ઉપર ઘાસનું છાપરું હોય છે, તેથી સખત પવનના ઝપાટાથી અથવા તોફાનથી ઊંધી વળી જવાની ઘણી ધાસ્તી રહે છે. અમારે સામે પૂર જવાનું હતું, તેથી અમે જ્યાંથી આ હોડીમાં બેઠા ત્યાંથી તેને ખેંચવી પડતી હતી. તેના અગાડીના ભાગમાં એક લાકડું ખોડી રાખે છે અને તેને એક દોરડું બાંધવામાં આવે છે. આ દોરડું ઝાલી હોડીને ખેંચવા માટે ચાર–પાંચ માણસો

કિનારે ચાલ્યાં જાય છે; અને હોડીને નદીની વચમાં રાખવાને એક માણસ તેના અગાડીના ભાગમાં લાંબો વાંસ લઈ ઊભેલો હોય છે. તે વાંસને તળિયામાં ખોસતો આવે છે અને હોડીને મરજી મુજબ વાળે છે. આ ખલાસીઓને કાશ્મીરમાં માંજી કહે છે અને હોડીને કિસ્તી કહે છે. અમારે આવી કિસ્તીમાં આશરે એંશી માઈલ મુસાફરી કરવાની હતી. એકમાં કુમારશ્રી ગીગાવાળા, હું અને અમારા પાસવાનો હતા; બીજીમાં પ્રાણજીવનભાઈ અને એમનાં માણસો; ત્રીજીમાં રસોઇયા અને રસોડાનો સામાન અને ચોથીમાં બધો સામાન અને કેટલાંક માણસો. એકેક કિસ્તીનું દર માસે પંદર રૂપિયા ભાડું ઠરાવેલું હતું.

જે જગ્યાએ અમો કિસ્તીમાં બેઠા હતા ત્યાં અમારી બરદાસ માટે રાજ્ય તરફથી એક બ્રાહ્મણ મોકલવામાં આવ્યો હતો. આવા બ્રાહ્મણો કાશ્મીરમાં ઘણા છે અને તેઓ પંડિત કહેવાય છે. જે પંડિત અમારી બરદાસ માટે આવેલ હતો તેનું નામ વાસકાક હતું, પણ પાછળથી અમે એનું નામ કાગવાસ પાડ્યું હતું. આ પંડિત અમારી સાથે ચાલ્યો. કિસ્તીવાળાએ કહ્યું કે, જો માંજીલોકો વધારે હશે તો અમે તમને શ્રીનગર એક દિવસ વહેલા પહોંચાડીશું. માંજી લાવવાનું કામ પંડિતને સોંપ્યું, પંડિત ત્રીસચાળીસ માણસોને પકડી લાવ્યો, પણ સવારે તો અમે એકે માંજી જોયો નહિ. બીજે દિવસે પણ એટલાં જ માણસોને પકડી લાવ્યો અને સવારે ચાર માણસો રહ્યાં. બીજાં ક્યાં ગયાં? અગાડીને દિવસે લાવેલ માણસમાંથી કામ કરવા એકે કેમ ન આવ્યું? અમે પંડિતને કહ્યું હતું કે અમે એ લોકોને પૈસા આપશું; પણ પંડિતો ગરીબ લોકોને એક પાઈ પરખાવતા નથી. જે લોકોને તે પકડી લાવ્યો હતો તેઓમાંના દરેક પાસેથી તેણે પા પા અડધો અડધો રૂપિયો લઈ છોડી મૂક્યા. આ લોકો આવી રીતે પંડિતોનાં ગજવાં શા માટે ભરે છે? રાજ્યમાં કર્તાહર્તા પંડિતો જ છે. તેમની સામેની ફરિયાદ કોઈ સાંભળે નહિ.

માંઝીલોકો ગરીબ અણસમજુ: તેઓ બિચારા માથે છપ્પનના પાટા પડે છે. તેઓની સ્થિતિ ગુલામ કરતાં પણ વધારે ખરાબ છે. પંડિતો વેઠે કામ કરાવે છે. કામ ન કરે તો માર મારે છે. આવો એક માંઝી અમારી હોડી ખેંચતો હતો તેણે અમને આ બધી વાત કરી. એ સિવાય પણ આ વાત સાચી માનવાને અમને ઘણાં કારણો મળ્યાં હતાં. એક વખત તો અમે માંઝીલોકોને ભાગી જતાં, આ પંડિતને તેની પાછળ પડતાં અને માર મારતાં નજરે જોયા. ત્યાર પછી અમે પંડિતને કહી દીધું કે, હવેથી કોઈ માંઝીને લાવવો નહિ અને અમારું કામ કરવા આણેલા બિચારા ગરીબ માંઝીઓને ખુશી કરી ઘેર જવા દીધા.

શ્રીનગરના ધોરી રસ્તા, એ જેલમ નદી અને તેના ફાંટા છે. આથી ગાડી અને ઘોડાને બદલે વગર રંગેલી કિસ્તીનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે શ્રીનગરને કુદરતી બક્ષિસ ઘણી સારી મળેલી છે; તોપણ ત્યાંના રહેવાસી ગંદા, ગરીબ અને જંગલી જેવા હોવાને લીધે તેનો ઉપયોગ કેમ કરવો તે સમજતા નથી. શહેર ઘણું જ ગંદું છે. સ્વચ્છતા એટલે શું, એ થોડા જ સમજે છે. ગરીબનાં ઝૂંપડાં, તવંગરનાં ઘર, તેમ જ મહારાજાના મહેલ પર નળિયાંને બદલે ઘાસથી છવાયેલાં માટીનાં છાપરાં હોય છે; તફાવત માત્ર એટલો જ છે કે શ્રીમંત લોકો ઘાસ કપાવી લીલા ગાલીચા જેવો છાપરાનો દેખાવ રાખે છે અને ગરીબ લોકો તેમ કરી શકતા નથી. મહારાજાની કિસ્તી પણ વગર રંગેલી અને ગંદી હોય છે. તો પછી ગરીબ માંઝીની શી વાત કરવી? ઘરને કોઈ પણ મરામત કરાવતું નથી, તેથી શહેર ખંડેર જેવું દેખાય છે.

શ્રીનગરમાં ૧,૦૦,૦૦૦ માણસની વસ્તી છે, તેમાં બે ભાગ મુસલમાનના છે અને એક પંડિતનો છે. સ્ત્રીપુરુષો ઘણાં ખૂબસૂરત, દેખાવડાં અને કદાવર છે પણ શરીર અને કપડાં હમેશાં ગંદાં જ હોય છે. મુસલમાન વર્ગ વેપાર અને બીજાં કામ કરી

રોજગાર ચલાવે છે. મુસલમાનનો થોડો જ ભાગ રાજ્યકારભારમાં નોકરી પર છે; કારણ કે સત્તા પંડિતોના બાપની જ છે. ઈશ્વર-કૃપાથી હવે તે સત્તામાં દિનપ્રતિદિન ઘટાડો થતો જાય છે.

કાશ્મીરના મહારાજા પ્રતાપસિંહજીનો કામકાજમાં અભિપ્રાય પૂછવામાં આવે છે, અને એમના જ હુકમથી રાજ્યનો બધો કારભાર ચાલે છે એવો દેખાવ મહારાજાના નાનાભાઈ અમરસિંહજીએ રાખ્યો છે. પણ કર્તાહર્તા એક કાઉન્સિલ છે. કાઉન્સિલના પ્રેસિડેન્ટ અમર-સિંહજી છે. ખુદ મહારાજા રાજ્યમાં ઘણું થોડું ધ્યાન આપે છે. અહીં ગવર્મેંટ તરફથી એક રેસિડેન્ટ રહે છે. એમની પણ રાજ્યમાં સારી સત્તા છે. મહારાજાના બીજા ભાઈ રામસિંહજી જે અમર-સિંહજીના કરતાં મોટા છે તે સેનાધિપતિ છે. પોતાના લશ્કરી કામ સિવાય બીજા કોઈ કામમાં વચ્ચે પડતા નથી.

કાશ્મીરમાં દરેક માણુસ પારસીના ગોર ( દસ્તુર ) જેવી સફેદ પાઘડી બાંધે છે. વિવાહ પ્રસંગમાં પણ આ રંગ બદલતા નથી. વરલાડડો પણ તે જ રંગની અને તેવી જ પાઘડી બાંધે છે. સાધા-રણ માણુસો સુરવાલ પહેરે છે. શરીર પર બદન અને તેના પર એક લાંબો, પગની ઘૂંટી સુધી નીચો લટકતો ઝબ્બો પહેરે છે. આ ઝબ્બાની બાંહો ઘણી લાંબી અને પકતી હોય છે, તેથી હાથ બિલકુલ બહાર દેખાતા નથી. કામ કરવું હોય ત્યારે બાંહોને ઊંચી ચડાવી એવડી કરી લે છે. કેટલાએક પંડિતો સુરવાલ પહેરે છે અને ઘણા માત્ર લંગોટી જ રાખે છે, કેમ કે ઝબ્બો ઘણો જ લાંબો હોય છે. હવે કેટલીક જગ્યાએ કોટ–પાટલૂન પણ નજરે પડે છે. સ્ત્રીઓ પુરુષ જેવાં જ કપડાં પહેરે છે, પણ માથે એક સફેદ વડોરાના જેવી ટોપી ઘાલે છે. આ અતિશય બેડોળ લાગે છે. ઘરેણાં બહુ જ થોડાં રાખે છે.

શ્રીનગરની હવા વિલાયતના જેવી છે. કેટલાકનું મત એવું છે કે મદિરાપાન કાશ્મીરમાં ન કરે તો માણુસને હરકત થાય અને માણુસ હમેશાં નાહી શકે નહિ. આમ કહેનારા દારૂના શોખી, આળસુ

કે અજાણ્યા જ હોવા જોઈએ. વિલાયતમાં તેમ જ કાશ્મીરમાં એવાં માણસો ઘણાં છે કે જે મદિરાનો સ્પર્શ પણ કદી કરતાં નથી. અમે હમેશાં નિયમસર કાશ્મીરમાં વગર હરકતે નાહી શકતા, મદિરા પીવાની કોઈ પણ વખતે કોઈને જરૂર પડી નહોતી અને આનંદથી બહાર હરીફરી શકતા હતા.

કાશ્મીરમાં મુસાફરી કરનારા માણસને કઈ કઈ બાબતની જરૂર પડે છે તે અમે પૂરું જાણી શક્યા નથી. કારણ કે અમે કાશ્મીરનો ઘણો જ થોડો ભાગ જોઈ શક્યા હતા; તોપણ અમને નીચેની વસ્તુઓની ઘણી જરૂર પડી હતી :

૧—ગરમ કપડાં, ઓઢવાને શાલો અથવા બંડુસ.

૨—સંકેલાય તેવા પલંગો અને નાનાં પાતળાં ગાદલાં.

૩—પાયખાનાનો તંબુ. જે માણસ હૉટેલ અથવા ડૉક બંગલામાં ન ખાઈ શકતો હોય તેણે એક બીજો રસોડાનો તંબુ પણ રાખવો જોઈએ. એક બે દિવસનું સીધું પણ સાથે જ રાખવાની જરૂર છે. દરેક મુકામે મજાના ડૉક બંગલા છે. તેમાં હોટેલની માફક જ જમવાની અને રહેવાની સારી સોઈ છે. જ્યાંથી જેલમ નદી પર કિસ્તીમાં મુસાફરી કરવી પડે છે ત્યાંથી સીધું સાથે રાખવાની ઘણી જ જરૂર છે. માંજીલોકો ઘણા જ સારા માણસો છે. નોકર કરતાં પણ વિશેષ આજ્ઞાંકિત છે. વળી ભલા અને હાથના ચોખ્ખા છે. આ લોકો મુસલમાન છે અને રાંધી પણ આપે છે. જેને મુસલમાનોના હાથે રાંધેલું ન ખપતું હોય તેણે રસોઇયા સાથે રાખવા જોઈએ.

૪—કાશ્મીરમાં અમે ભેંશો ક્યાંય જોઈ નહિ. દૂધ ગાયોનું મળે છે. ઘી અને માખણ આળા ચામડામાં ભરી રાખે છે તેથી ઘણાં જ ખરાબ, કડવાં અને દુર્ગંધી હોય છે. અમને ઘી અને માખણ વિના ઘણી અડચણ પડી હતી. કાશ્મીરના દરેક

મુસાફરે આ બે ચીજો હમેશાં સાથે રાખવી.

રાવળપિંડીથી બારામુલ્લાં સુધી ટાંગા ભાડે મળી શકે છે. આ ઉત્તમ વાહન છે, તે અમને મળી શકયું નહિ; કારણ કે વાઇસરૉયને માટે બધા ટાંગા રાખેલા હતા. અમે ફેટન ગાડીમાં બારામુલ્લાં સુધી ગયા. સામાન અને માણસોને માટે એકા ભાડે કર્યાં હતા. આ એકાનાં ટટ્ટુ ઘણાં જ ખરાબ હોય છે; એકા નાના અને ખળભળી ગયેલ હોય છે અને હાંકનાર બેદરકાર હોય છે. જો સામાન પંદર અથવા સોળ દિવસ અગાડીથી ચડાવી શકાય તેમ હોય તો ગાડાં અથવા કરાંચીઓ પણ મળે છે. આ કરાંચીના બળદોને રાશ હોતી નથી, પણ હાંકનાર લાકડીથી બળદને ડાબી જમણી તરફ વાળે છે. પર્વત પરના આડાઅવળા અને સાંકડા રસ્તામાં આ ભયંકર છે.

કાશ્મીરમાં જવાનો ખરો વખત વસંત જ છે. એ ઋતુમાં હિમાલયમાંથી ઊતરતી, પછડાતી, ઊછળતી નદીઓ ઘણા જ જોસથી વહે છે. પર્વતો ઝરણથી છલકાતા દેખાય છે. ડુંગરો અને ખીણો પર વનસ્પતિના ગાલીચા પથરાઈ ગયેલા હોય છે. વળી ટાઢ પણ ઓછી હોય છે. જે ઋતુમાં અમે કાશ્મીરમાં ગયા તેમાં ફળફૂલાદિ ઊલી ગયાં હતાં, અને ઠંડી પણ સખત હતી. વાઇસરૉય તે જ વખતે કાશ્મીર હતા તેથી અમારા ધારવા પ્રમાણે અમે જઈ શકયા નહિ. રાવળપિંડીમાં અમારે લગભગ બાર દિવસ પડયું રહેવું પડયું. અમારે આખો હિંદુસ્તાન છ માસમાં જોવાનો હતો અને કાશ્મીરમાં ઘણી ટાઢ હોવાને લીધે અમને વધારે રોકાવું અને વધારે જોવું પરવડયું નહિ. આમ થવાથી અમે નાગાપર્વત, માનસબલ, માર્તંડ, અવંતિપુરનાં મંદિરો, અનંગનાથ, ઇસ્લામાબાદ અને પૃથ્વીના સ્વર્ગ જેવા કાશ્મીર દેશના એવા જ બીજા અતિ રમણીય પ્રદેશો જોઈ શકયા નહિ.

કાશ્મીરની ખૂબસૂરતી અને મુસીબતો વિષે અમે જેવું વાંચ્યું હતું અને તેથી અમારા મનમાં જેવી કલ્પના હતી તેવું અમે અનુભવ્યું નહિ, તોપણ એ દેશ સ્વર્ગનું પ્રતિબિંબ છે અને ત્યાં જવું

કઠિન અને જરા જોખમ ભરેલું છે તેમાં તો કાંઈ શક જ નથી. અલબત્ત મુસીબત વિના સ્વર્ગનાં દર્શન ક્યાંથી થાય?* ખૂબસૂરતી ઓછી લાગી તેનું કારણ તો એટલું જ હશે કે અમે ગયા તે સારી ઋતુ નહોતી. અમે બહુ જ થોડું જોયું અને જે કાંઈ જોયું તે પણ ઉતાવળથી. મુસીબત ઓછી પડી તેનું કારણ એ જ કે વાઇસરૉયને લીધે રસ્તા ઘણી સારી સ્થિતિમાં હતા. વળી જે સડક પર અમે ચાલ્યા હતા તે નવી બાંધેલી હતી. અમે કેટલાક દેખાવો એવા જોયા કે જે કલ્પનામાં પણ અગાડી નહોતા, અને મુસીબતો પણ એટલી ભોગવવી પડી કે જેથી એ ત્રણ જીવની હાનિ થાત. ગમે તેમ હોય તોપણ મને તો એમ જ લાગ્યું કે, કોઈ પણ સારી અથવા ખરાબ બાબતનો, ભોક્તા થયા પહેલાં જે વિચાર હોય છે તેમાં ભોક્તા થયા

---

* એ વાક્ય વાંચી મને બંગાલી બાઈ શ્રી તોરૂદત્તે આવો જ વિચાર, પોતે લખેલી 'The Royal Ascetic and the Hind' એટલે 'રાજર્ષિ અને મૃગી' નામની કવિતામાં બતાવેલ છે તે યાદ આવ્યો છે, તેમાંથી નીચેનો ફકરો આપણા અંગ્રેજી જાણનારા વાંચકોને માટે દાખલ કરું છું:

"Not in seclusion, not apart from all,
Not in a place elected for its peace,
But in the heat and bustle of the world,
'Mid sorrow, sickness, suffering and sin
Must he still labour with a loving soul
Who strives to enter thro' the narrow gate."

એ બંગાલી બાઈ આ દેશમાં પેદા થયેલાં સ્ત્રીરત્નોમાં પહેલો નંબર પામે એવાં વિલક્ષણ બુદ્ધિવાળાં હતાં. અમારા દુર્ભાગ્યે એ પૂરાં વીશ વર્ષ જીવવા પામ્યાં નહિ, તોપણ આટલી નાની ઉંમરમાં બંગાલી, સંસ્કૃત વગેરે દેશી ભાષામાં તેમ જ અંગ્રેજી ભાષામાં 'Sheaf gleaned from French Field' વગેરે જેવા પંડિતમાન્ય, સરસ અને માર્મિક મોટા ગ્રંથો તેણે લખેલા છે.

N. B. J.

પછી ઘણો જ ઘડાડો થાય છે.+ અહીંની ભાષા જુદી જ છે. હિંદુસ્તાની ભાષા ઘણા માણસો સમજી શકે છે. રાજ્યનું દફતર ફારસી ભાષામાં રાખવામાં આવે છે.

તા. ૧–૧૧–૯૧ : આજ અમે કાંઈ જોવા ગયા નહોતા. આજ દિવાળી હતી. દિવાળીનો મહિમા આ દેશમાં ઘણો જ થોડો છે.

૨. દિવાળી હોવાને લીધે આજ કાંઈક ગમ્મત કરવાને અને અહીંનું ગાયન કેવું હશે તે જિજ્ઞાસાથી આજ રાતે અમે ચાર ગવૈયા બોલાવ્યા. તેઓ આવ્યા ત્યાર પહેલાં અમે વાળુ કરી લીધું. અમે એક ઢોલિયા પર બેઠા અને તેઓ ગાવા લાગ્યા. તેઓ શું ગાય છે તે અમે જરા પણ સમજી શક્યા નહિ. તેઓની પાસે તીવ્ર અને ઝીણા અવાજનાં રાવણહથ્થા જેવાં વાજાં હતાં. તેઓ મોટે સાદે ગાતા હતા. તે વખતે યમરાજના દૂતોનું ભાન થતું હતું; કેમ કે તેઓ

---

+ 'આવા જ વિચાર પ્રખ્યાત આંગ્લભૌમ કવિ વર્ડ્ઝવર્થે પોતાના 'Yarrow unvisited' and 'Yarrow visited' એ બે કાવ્યોમાં બતાવેલ છે. તેઓ યારો જોયા પહેલાં લખે છે :

'Be Yarrow stream unseen unknown;
It must, or we shall rue it :
We have a vision of our own,
Ah ! why should we undo it ?
The treasured dreams of times long past,
We will keep them, winsome Marrow !
For when we're there, although 'tis fair,
'T will be another Yarrow !'

અને એ જોયા પછી એઓ નીચે મુજબ ઉદ્ગાર કાઢે છે :

'And is this—Yarrow ?—This the stream
Of which my fancy cherish'd
So faithfully, a waking dream;
An image that hath perished ?'

N. B. J.

ગુજરાતી સભા ૨૧૧૪૦

ઘણા જ કદાવર હતા અને તેઓનો અવાજ ઘેરો હતો. થોડો વખત આ કાસ્મીરી ગાયન સાંભળી અમે સૂઈ રહ્યા.

તા. ૨-૧૧-૯૧ : આજ બેસતા વર્ષનો તહેવાર હતો તેથી અમે સૌ વહેલા ઊઠ્યા. ગંગરી અથવા નાની સઘડી છાતી આગળ રાખી ઉતાવળથી નિત્યકર્મ કરવા લાગી ગયા

અગિયાર વાગે કાસ્મીરના રેસિડન્ટ કર્નલ પ્રિડોને મળવા ગયા. તે ઘણા જ વૃદ્ધ ને ભલા માણસ છે. અમને શ્રીનગરની કેટલીક સુંદર જગ્યાઓ બતાવવામાં રેસિડેન્સી વકીલ લાલા જયકિસનદાસ મદદ આપશે એમ રેસિડેન્ટે કહ્યું. વાઈસરોય પાંચમી તારીખે શ્રીનગર આવવાના હતા, તેથી એમની મુલાકાત લેવા અમારો વિચાર થયો. રેસિડંટને અમારી આ ઇચ્છા જણાવી તેથી તેણે કહ્યું કે, વાઈસરોયના ફોરિન સેક્રેટરી સર ડયુરેંડ તે ગોઠવણ કરી આપશે. રેસિડંટની રજા લઈ તુરત જ લાલા જયકિસનદાસ મારફત સર ડયુરેંડને મળવાનો વખત પુછાવ્યો. અમે અમારી કિસ્તી સુધી નહોતા પહોંચ્યા તેટલા વખતમાં લાલા જયકિસનદાસે આવી કહ્યું કે, સર ડયુરેન્ડ સાહેબ હમણાં જ મુલાકાત લેશે, તેથી અમે જ્યાં તેઓ ઊતર્યા હતા ત્યાં ગયા. થોડા જ વખતમાં તેઓ આવ્યા. વાઈસરોયની મુલાકાત વિષે પૂછતાં એમણે કહ્યું કે, 'હું એઓ સાહેબને પૂછી જોઈશ. પછી કેટલીક વાતચીત કરી અમે રજા લીધી, ઉતારે આવ્યા અને જમ્યા.

અમે દૂધ લેવાં એક માણસ મોકલતા હતા. તે માણસ દૂધ દોવરાવતી વખત ગાય પાસે જ રહેતો છતાં દૂધ પાતળું આવતું. આમ થવાનું કારણ થોડો વખત અમે સમજી શક્યા નહિ. પણ પછી માલૂમ પડ્યું કે, ગોવાળી દોતી વખત એક ચામડાની નળી ઝભ્મા નીચે રાખે છે. તેમાં પાણી ભરી રાખે છે અને દોતી વખત આ નળીના મોંમાંથી થોડું થોડું પાણી ઠામમાં જવા દે છે. અહો!

અસંતોષ અને લોભ માણસને કેવાં નીચ કૃત્યો શીખવે છે!* લાલચથી માણસની બુદ્ધિ કેવી ભ્રષ્ટ થઈ જાય છે! દ્રવ્યની લાલસા મનુષ્યના બ્રહ્મતુલ્ય શુદ્ધ ચેતન આત્માને કેવો તુચ્છ બનાવી દે છે! સ્વાર્થ અંતઃકરણને કેવું અશુદ્ધ કરી નાખે છે! હૃદય અનીતિથી કેવું ભ્રષ્ટ અને અવિચારી બની જાય છે! નીતિનો માર્ગ એક વખત જ જરા પણ ઉલ્લંઘન કર્યા પછી માણસની કેવી પશુવત્ સ્થિતિ થઈ જાય છે! એક દુષ્ટ કૃત્ય સિદ્ધ કરવા બીજાં હજાર પાપ કરવાં પડે છે. આ ક્ષણભંગુર દેહને બહુ જ થોડું જોઈએ છીએ, છતાં ઇંદ્રિયસુખની તૃષ્ણામાં લપટાઈ જઈ માણસ શું શું કૃત્ય ન કરે! આ એક ધનલોભી માણસ શું નહિ સમજતો હોય કે બીજાને છેતરવા જતાં હું જ છેતરાઉં છું! ઈશ્વરનો ગુનેગાર થાઉં છું! મારી સાખ હલકી થવાથી મને અતિશય નુકસાન થાય છે! તેની ચોરી પકડાઈ ત્યારે પણ તેને પોતાનાં આવાં કપટી કર્મનો ત્યાગ કરવાની શું ઇચ્છા નહિ થઈ હોય? ખરેખાત, તેને પણ સ્મશાન-વૈરાગ્ય થયો હશે જ, પણ એ ક્યાં સુધી? દુરાચરણથી પેટ ભરનારા ક્ષુદ્ર જનોને વળી કર્તવ્ય શું અને અકર્તવ્ય શું!

સાંજે અમે બહારશાહ અને સમદશાહની દુકાને કાશ્મીરી પશમીના અને શાલો જોવા ગયા. આ શાલો એવી તો ટકાઉ અને સુંદર બને છે કે તેની જોડ સૃષ્ટિમાં બીજે ક્યાંય છે જ નહિ. ક્યાં આ જંગલી દેશ અને ક્યાં આ અલૌકિક કારીગીરી! ઉદ્યોગ શું ન કરે! પ્રયત્નથી પશુપક્ષીઓ પણ સારું કામ કરે છે તો આ જંગલી કાશ્મીરનાં માણસો આવું કામ કરે તેમાં શું નવાઈ! હે હિંદુસ્તાન! તારી કારીગીરીને તું શા માટે ઉત્તેજન નથી આપતો? તારાં બચ્ચાંને તું કુશલ શા માટે નથી બનાવતો? કુદરત તો તારા

---

* 'लोभमूलानि पापानि' એ સંસ્કૃત વાક્યની સત્યતા વખતોવખત જોવામાં આવે છે.

પર પૂર્ણ કૃપા વર્ષાવી રહી છે. તેનો ઉપયોગ કેમ કરવો એ જ શીખવાનું બાકી રહ્યું છે. જુલ્મની અંધારી રાત્રિ તો ગઈ છે. શત્રુઓનાં વાદળાં અદૃશ્ય થઈ ગયાં છે. ઘાણ વાળતી તરવાર, રુધિરની નદીઓ ચલાવનારી સાંગો અને બરછીઓ હવે દીવાલ પર જ દેખાય છે! તે તો હવે તારાં રમકડાં બની ગયાં છે, હવે તેનાથી ધાસ્તી રાખવાનું કાંઈ કારણ નથી. દુઃસ્વપ્નો દૂર થયાં છે, પ્રભાત થયું છે, પ્રહર એક સૂર્ય ચડી ગયો છે, અંધકારનો નાશ થયો છે, સોનાનાં નળિયાં થઈ ગયાં છે; હવે આંખ ઉઘાડ, ઊભો થા, કામે લાગ. તારા જે ભાઈઓ તને મદદ આપે છે તેઓનો આભાર માની તેની બરાબર થવા કોશિશ કર. બ્રહ્માંડચક્ર પણ એક નિશાળ જેવું છે. ચડતી-પડતી ઘટમાળની માફક થયા જ કરે છે. તારા સોબતીઓમાં તું સર્વોત્તમ હતો. હવે નીચે પડ્યો છે તેથી આંસુ પાડવાનું નથી. તેમ કરીશ તો વધારે નીચો જઈશ. તને ઊંચો કરવા તારા ભાઈઓ કોશિશ કર્યા જ કરે છે, પણ જ્યાં સુધી તું જરા પણ જોર નહિ કરે ત્યાં સુધી કાંઈ ફાયદો થવાનો નથી. પૂછલેલ બળદ પણ મદદ મળે ત્યારે બળ કરી ઊભો થાય છે. તારાં કલાકૌશલ્યનો લય નથી થયો, તેનું તેજ હજી ક્યાંક ક્યાંક ચળકી રહે છે. તેને મૂળ રૂપ પકડતાં વધારે વખત લાગશે નહિ. આ બાબતમાં વધારે લખવું એ હાલ જરૂરનું નથી. આટલું લખવાનું એ જ કારણ છે કે, એક વસ્તુ જોઈ મારા મનમાં શું અસર થઈ તે આપ જાણો.

આ દુકાનો જોઈ અમે કિસ્તીમાં બેઠા અને પાછા અમારે ઉતારે આવ્યા. ઉતારાની ગોઠવણ મહારાજા તરફથી થઈ હતી. અમારા સાંભળવા પ્રમાણે અમારો ઉતારો બીજા બધા ઉતારા કરતાં સારો હતો તોપણ તેમાં સેંકડો ઉંદરનાં દર હતાં. આ ઉપરથી આ ઉતારાથી ઊતરતા દરજ્જાનાં ઘર કેવાં હશે તેની સહજ કલ્પના થઈ શકશે.

તા. ૩-૧૧-૯૧: આજ મારી તબિયત નાદુરસ્ત હતી તેથી

અમે બહાર ફરવા જઈ શક્યા નહિ, તોપણ કેટલાક વેપારીઓ કાશ્મીરમાં બનાવેલાં કેટલાંક રૂપાનાં અને ત્રાંબાનાં વાસણો અમારે ઉતારે લઈ આવ્યા હતા તે જોયાં. નકશીનું કામ ઘણું જ વખાણવા લાયક હતું. કાશ્મીરની આ કારીગીરી ભુજના નકશીના કામની બરાબરી કરી શકે તેવી જ છે.

તા. ૪–૧૧–૬૧ : આજ મારી તબિયત સારી હતી. સૂર્યોદય થયો ત્યાર પછી ટાઢે થરથરતા બિછાનામાંથી ઊઠી, ગંગરીઓ ખોળામાં રાખી, દાતણપાણી, સ્નાન વગેરે નિત્ય કર્મ કરી, અને મિત્રોને કાગળ લખી જમી લીધું. બાર વાગ્યા હતા, સૂર્ય માથા પર આવ્યો હતો, તોપણ ઠંડી લાગતી હતી, તેથી ગરમ કપડાં પહેરી લીધાં અને અમારી સોબતી ગંગરીઓ પણ કિસ્તીમાં સાથે રાખી લીધી. અમારે ડાલ સરોવર જોવા જવું હતું. કિસ્તી ચાલવા લાગી, માંજીઓ હલેસાં મારવા લાગ્યા અને જ્યારે બીજી કિસ્તી નજરે પડતી ત્યારે સરત કર્યા વિના રહેતા નહિ. આ પ્રમાણે સરત કરતાં કોઈ વખત એકાદ માંજી પાણીમાં ગબડી પડે છે. એક વખત અમારા જોવામાં પણ આવો પ્રસંગ આવ્યો હતો. અમારા ઉતારાથી આ સરોવર ચાર માઈલ દૂર હતું. ચોતરફ સુંદર દેખાવો જોતા જોતા બે કલાકની અંદર સરોવર પાસે પહોંચી ગયા.

આ રમણીય સરોવરમાં જતાં પહેલાં એક દરવાજામાંથી પસાર થવું પડે છે. આ દરવાજા પાસે સફેદ અને ભૂરાં બદકોનાં વાખરાઈ ગયેલાં ટોળાં, ઊચાંનીચાં થતાં નજરે પડે છે. તેઓના કઠોર કલકલ અવાજ પાણીના ઘુઘવાટ સાથે મળી જાય છે. કિસ્તીની આવજા આ જગ્યોએ થોડી છે. આ દરવાજામાંથી પાણી એટલા જોરથી બહાર આવે છે કે કિસ્તીને તળાવમાં દાખલ કરવી એ મુસ્કેલીનું કામ છે, અમે દરવાજામાં પ્રવેશ કર્યો. માંજીલોકો બૂમો પાડી હલેસાં મારવા લાગ્યા પણ કિસ્તી બહાર નીકળી ગઈ. પછી દરવાજાની ભીંતોમાં વાંસ ભરાવી કિસ્તીને મહા પ્રયત્ને ડાલ

સરોવરમાં લીધી.

અહો ! આ બિચારા માંજીઓ માત્ર કાસ્મીરી જાર જેવા ચોખા, કમળની ડાંડલીઓ અને પાણીમાં ઊગતા કેટલાક છોડો પર પોતાનું ગુજરાન ચલાવે છે. દિવસમાં એક જ વખત પકાવે છે અને પછી ટાઢું અનાજ ખાય છે. પંડિતોની લાકડીઓ, ગાળો અને જુલ્મ સહન કરે છે. વળી કાસ્મીરમાં શિયાળાની શરદીમાં માત્ર એક ફાટેલો ઝભ્ભો જ પહેરે છે છતાં તેઓની અજ્ઞાન અવસ્થાને લીધે તેઓ આને દુઃખ માનતા નથી, નફિકરા રહે છે અને પશુની માફક મજૂરી કર્યા કરે છે.

સરોવરની અથવા સ્વર્ગની અંદર દાખલ થયા. પાણી પર કોમળ નીલા અને જરદવેલા, તેનાં કુમળાં, સુંદર અને પોપટિયા રંગનાં પાંદડાં, કેટલીક જગ્યાએ મખમલ જેવો દીસતો લીસો ચળકતો શેવાળ, અને કમલનાં નાનાં, ગોળ, લીલાં અને સુકાઈ ગયેલાં સોનેરી રંગનાં, અડાળીનાં આકારનાં પાનો છવાઈ ગયેલાં હોય છે; તેઓ પર નાનાં, મોટાં, લાંબાં અને ગોળ, ચળકતાં, આમતેમ રડતાં, ઘડીમાં મળી જતાં અને ઘડીમાં છૂટાં પડતાં સુશોભિત જલબિંદુઓ આકાશ પરના ખરતા તારાગણ અને અચલ ગૃહો જેવાં ભાસે છે. આ પાણીનાં ટીપાં અને આ પાન, ઘણે દિવસે ઘેર આવતા ભાઈને વધાવવાને જેમ બેને સાચાં મોતીથી સોનાનો થાળ ભરી હાથમાં રાખ્યો હોય તેવાં, વર્ષાઋતુના અંધારા દિવસમાં કાળા ભીલોએ ધીટ જંગલના મદમત્ત વનગજોનાં ગંડસ્થલમાં તરવારોના પ્રહાર કરી લોહીથી ખરડાઈ ગયેલી રકાબીઓમાં મુક્તાફળ કાઢી લીધાં હોય તેવાં, અથવા રાતે જોસભર પડતા વરસાદના કણો જેવાં વીજળીથી ચળકે છે તેવાં, નજરે પડે છે. તેઓના પર સૂર્યનાં કિરણો પડે છે તેથી તેઓ યુદ્ધ કરતાં પડેલાં કોઈ પૃથ્વીપતિનાં જડાવ કર્ણપલ્લવ અથવા શરદઋતુની ચાંદનીની રાતે શ્રીકૃષ્ણે કરેલી રાસક્રીડા સમાપ્ત થયા પછી તે જગાએ પડી રહેલાં ગોપવધૂઓનાં રત્નજડિત રત્ન-પ્રભાથી ભરાઈ ગયેલાં ગાળાવાળાં નૂપુર જેવાં દીસે છે. તેઓમાં

સૂર્યનાં સેંકડો બિંબ પડે છે, તેથી પ્રલય સમયના બ્રહ્માંડ જેવાં ભાસે છે. હલેસાંથી પાણીની શીતલ ફરફર ઊડે છે, અને તેમાં સૂર્યનો તડકો પડવાથી આમતેમ દોડતાં, ઘડીમાં દૃષ્ટિમાં પડતાં અને ઘડીમાં અદૃશ્ય થઈ જતાં, વિચિત્ર આકારનાં અનેક ઇંદ્રધનુષો રચાય છે. આથી આ સરોવર પંચ રત્નની અખૂટ ખાણુ, દેવદાનવોએ મંથન કર્યા પહેલાના ચૌદ રત્નથી અલંકૃત રત્નાકર અથવા વસંત જેવું દીસે છે. આ અલૌકિક તળાવની એક બાજુએ, હલતાં અને સ્થિર ગાઢાં કાળાં વાદળોથી કેટલાક ભાગમાં છવાયેલા, બરફથી ઢંકાયેલા, ગંધકના રંગવાળા, નાનીમોટી પાણીની ધારથી હાલતા દીસતા છરેરા, ઊંડી કોતરો, વૃક્ષઘટા અને ધુમ્મસથી ભયાનક, અંધારી અને વધારે ઊંડી દેખાતી ગુહાવાળી ટેકરીઓવાળા, આકાશને ટેકો દેતા પર્વતો આવી રહેલા છે. આ ભવ્ય મહાન ડુંગરોપરના બરફ પર કેટલીક જગાએ સૂર્યનાં ઉજ્જવળ કિરણ પડવાથી તેઓ ચાંદીનાં પત્રોથી ઢંકાયેલ હોય, કાચથી છવાયેલ હોય અથવા જાણે કેમ અનેક ચંદ્રવાળાં અનેક રૂપ પ્રકટ કરેલ મહાદેવનાં કપાલ હોય તેવા દીસે છે. આ તડકો ક્ષણે ક્ષણે વધારેઓછા ચળકાટવાળો થયા કરે છે અને તેથી બરફના રંગ પણ પળે પળે બદલાયા કરે છે.

બીજી બાજુએ, કિનારા પર સુંદર નીલાં, સોટા જેવાં લાંબાં સફેદાનાં, લાલ પાંદડાંવાળાં, સુવર્ણમય દીસતાં, ભમરડાના આકારનાં, મનોરંજક ચિનારનાં અને એવાં જ બીજાં અતિ સુંદર વિવિધ પ્રકારનાં વૃક્ષોની એકલ છાયા આપતી કુંજોથી સુશોભિત બગીચા શોભી રહ્યા છે. તેઓની ઉપર તોળાઈ રહેલા, પાછળ ઊભા રહી ચોકી કરતા, દૃષ્ટિમર્યાદા સુધી દીસતી નાટકશાળાની બેઠકો જેવા, દૃષ્ટિને ખેંચી લેતી ટેકરીઓવાળા, બીજી બાજુના ડુંગરો સાથે જોડાઈ જઈ તળાવની આસપાસ કિલ્લો કરી દેતા પર્વતો પડેલા છે. એક ખૂણા પરના શિખર પર ગરુડ જેવું શંકરાચાર્યનું મંદિર અથવા તખ્તે સુલેમાન નજરે પડે છે. કિનારા પર ચોતરફ આવી રહેલા આ

દેખાવોનું ચંદ્ર જેવા શીતલ, સ્ફટિક મણિ જેવા સ્વચ્છ અને કાચ જેવા પારદર્શક જલમાં પ્રતિબિંબ પડે છે, જેથી આ પ્રદેશની રમણીયતા ખેવડાય છે. આ બિંબને જોકે હમેશાં પાણીમાં જ રહેવાનું છે તોપણ જલની શીતલતાથી તે કોઈ કોઈ વખતે જરા ધ્રૂજ્યા કરે છે. કેટલેક સ્થાને આ જળના વિશાળ દર્પણ પર લીલી લુઈ પથરાયેલી છે. જો આ જગત પર કોઈ સ્થળ મહાશ્વેતાનું અચ્છોદ સરોવર હોય તો તે આ જ છે. આવા, અદ્વિતીય દર્શનીય વસ્તુઓમાં ઉત્તમ પ્રદેશમાં અમારી કિસ્તી ધીમે ધીમે ચાલી કિનારા પાસે આવી પહોંચી. આ કિસ્તી તે જ વિમાન અને આ ડાલ તે જ સ્વર્ગ; ઓ દેવ! આહા! એ પણ એક સમય હતો! કિસ્તી ઊભી રહી એટલે અમે ઊભા થયા અને નીચે ઊતર્યા. પહેલાં અમારે ચસ્મેશાહી જે કિનારાથી આશરે સવા માઈલ દૂર છે, ત્યાં જવાનું હતું. દ્રાક્ષના વેલાઓની અંદર નાની સડક પર આડાઅવળા અમે ચાલવા લાગ્યા. ટાઢ ઊડી ગઈ, ડગલા ઉતાર્યા, અગાડી ચાલ્યા. જમણી બાજુએ એક નાના ડુંગર પર પરીમહેલ, જ્યાં જહાંગીર કોઈ કોઈ વખતે નૂરજહાં સાથે રહી આનંદમાં દિવસ ગુજારતો હતો તે, નજરે પડ્યો. તે હાલ ખંડેર જેવો દેખાય છે. અમે ત્યાં ગયા નહિ પણ સડક પર ઊભા રહી દૂરબીનથી જ તેનાં દર્શન કરી અગાડી વધ્યા. અર્ધા કલાકમાં ચસ્મેશાહી પહોંચી ગયા. શાહજહાંનો બણાવેલો એક નાજુક બંગલો અહીં છે તેની અંદર ગયા. અહીં પર્વતપરથી પાણીનું એક ઝરણું આવે છે. આ ઝરણને અટકાવવાથી પાણી ફુવારામાં ચડે છે. બંગલાના એક ખૂણા પાસે એક શીતલ જલનો ચસ્મો છે. આ પાણી ઘણું જ સ્વાદિષ્ટ અને ઠંડું છે. મને તરસ નહોતી લાગી, નહિ તો ખરેખાત ધરાઈ ધરાઈને તે પાણી પીત; તોપણ સૌએ એ પર્વતનું ચરણામૃત અથવા ચસ્માની પ્રસાદી લીધી. આ બાગ જોકે હાલ પડતીમાં છે, તોપણ ઘણો સુંદર છે, તો જહાંગીરના વખતમાં તેની ખૂબી કેવી હશે?

આ જગાએ કડીના રહીશ બાબુ કાળિદાસે અમારે માટે ચાર ટટ્ટુ અને એક ખચ્ચર તૈયાર રાખ્યાં હતાં. બાબુ કાળિદાસની સાથે અમારી મુલાકાત બીજી તારીખે થઈ હતી. તળાવની વચમાં બે તરતા ટાપુ છે એમ અમે સાંભળ્યું હતું, તેથી તે જોવાની જિજ્ઞાસાથી, ઘોડાં અને ખચ્ચરને નિશાદબાગ મોકલી આપી, કિસ્તીમાં બેસી, તે આશ્ચર્યકારક અસાધારણ બેટ તરફ ચાલ્યા. ટાપુની પાસે જઈ તપાસી જોતાં માલૂમ પડયું કે આ તરતા ટાપુ નથી પણ માત્ર ટાપુ જ છે. તેને છોડી નિશાદબાગ તરફ અમે ચાલ્યા. થોડા વખતમાં ત્યાં પહોંચી ગયા. અહીં પણ એક નાનો બંગલો છે અને કુવારાની ગોઠવણ પણ સારી છે. બાગનો દેખાવ સાધારણ છે. નિશાદબાગ જલદી છોડી, ટટ્ટુ પર અસવાર થઈ શાલેમ્હાર બાગ તરફ ઝડપથી ચાલવા લાગ્યા. કિસ્તીઓ પણ ત્યાં મોકલી આપી.

અમે જે ટટ્ટુ પર બેઠા હતા તે કાસ્મીરી હતાં. આ ટટ્ટુ કદમાં નાનાં પણ મજબૂત હોય છે, ડુંગર પર ઝડપથી અને સંભાળ રાખી ચડી જાય છે. ખચ્ચર પર રા. રા. રૂપશંકરભાઈ જે કુમાર શ્રી ગીગાભાઈ સાથે આવ્યા છે તે બેઠા હતા. ખચ્ચરને આ ઘોડાં સાથે દોડતાં ઘણી મુસ્કેલી પડતી હતી અને વારંવાર અટકતું હતું તોપણ સોટીથી જરા શિખામણ આપવામાં આવતી ત્યારે દોડવા લાગતું હતું. આ પણ એક નવું વિમાન!

'આહા, આ ઝાડનું પ્રતિબિંબ તળાવમાં કેવું મનહર દીસે છે! આ વાદળાંનો રંગ કેવો વિચિત્ર દેખાય છે! જુઓ! જુઓ! ત્યાં તે ટેકરીપરના બરફનો રંગ વાદળું ખસી જવાથી, એકદમ કેવો બદલાઈ ગયો! જમણા હાથ તરફના ડુંગર પર જુઓ તો ખરા! કેવા વિચિત્ર આકારનું વાદળું છવરાઈ ગયું છે! અને ત્યાં પણ કેવાં નાનાં નાનાં વાદળાં દોડાદોડ કરે છે!' આવી આવી આનંદની વાતો કરતા કરતા કલઈના પતરાંના બનાવેલા એક દરવજ્જાની પાસે અમે આવી પહોંચ્યા. આ દરવજ્જો શાલેમ્હાર બાગનો હતો. આ બાગની

આસપાસ એક દીવાલ છે, તેની અંદર અમે ગયા. અગાડી જોયેલા બાગ જેવો જ આ બાગનો દેખાવ છે. અમે સાંભળ્યું હતું કે, અહીં શાહજહાંનું એક ઘણું સારું તખ્ત છે. માળીને તે બતાવવા કહ્યું. તે અમને એક સુંદર બંગલામાં લઈ ગયો પણ તખ્ત અમે ક્યાંઈ જોયું નહિ. માળીને પૂછતાં માલૂમ પડયું કે આ બંગલો તે જ તખ્ત કહેવાય છે. આ બાગમાં આમતેમ ફરી અમે બહાર નીકળ્યા. અને ટટ્ટુ પર બેસી કિસ્તી તરફ ચાલ્યા. આ બાગના દરવાજા સુધી એક નહેર ખોદેલી છે પણ તેમાં માત્ર વસંતઋતુમાં જ પાણી રહે છે. વસંતમાં પાણી દરેક જગાએ વધારે હોય છે, કેમ કે તે વખતે પર્વત પરનો બરફ પીગળે છે. આ સુકાઈ ગયેલી નહેરની બંને બાજુએ ચિનારનાં ઝાડની સીધી હાર છે. આ વૃક્ષોની સુંદર ઘટા નીચે અમે ઘોડાંને દોડાવતા ચોતરફ આવેલ ખૂબસૂરત દેખાવો પર નજર ફેરવતા ચાલવા લાગ્યા. થોડે દૂર ગયા એટલે કિસ્તી ચાલી શકે તેટલું પાણી આવ્યું. અહીં અમારી કિસ્તીઓ તૈયાર હતી તેથી ઘોડાપરથી ઊતરી તેઓને બાબુ કાળિદાસને ઘેર લઈ જવા ખાસદારોને કહી કિસ્તીમાં બેઠા ને નસીમબાગ તરફ ચાલ્યા. પાણી પર કમલ અને લુઈ એટલાં ઘીચ ઊગેલાં છે કે માણસો તેના પર ધૂળ પાથરી ચીભડાં અને એવી બીજી વનસ્પતિ વાવે છે. આ પ્રદેશ જમીન જેવો દેખાય છે, પણ જો કોઈ માણસ અજાણતાં તે ઉપર ઊતરે તો બૂડી જાય અને વેલાઓમાં એવો ગૂંચવાઈ જાય કે પાછો બહાર નીકળી કે તરી શકે નહિ. આ તરતી, ત્રિશંકુના સ્વર્ગ જેવી જમીનની અંદર, નાની કિસ્તી ચાલી શકે તેવી ગલીઓ રાખેલી છે. કમલનાં પાન, લીલી લુઈ, તે પર ઊગેલી વનસ્પતિ, ધૂળના ક્યારા અને પાણીની સડકો અતિશય સુશોભિત અને રમ્ય ભાસે છે.*

* કૃત્રિમ રીતે બનાવેલા જમીનના આ ટુકડાઓને તરતા ટાપુઓ કહી શકાય અને પાછળથી મારા સાંભળવામાં આવ્યું છે કે, તેને પણ તરતા ટાપુઓ કહે છે.—સંચિત્

નસીમબાગ નજદીક આવી ગયો પણ સાંજ પડી જવા આવી અને અમારો ઉતારો દૂર હતો તેથી અમે તે બાગ દૂરથી જ જોઈ લીધો; અંદર ગયા નહિ. આ બાગ તળાવના એક કિનારા પર આવેલો છે તેથી તળાવમાંથી દેખાવ ઘણો સુંદર દેખાય છે, પણ બગીચાની અંદર ગયા પછી તે ખૂબી નજરે પડતી નથી.

સૂર્ય પશ્ચિમમાં અધોગતિ લેવા લાગ્યો, સંધ્યારાગ ખીલી નીકળ્યો. પૃથ્વી, આકાશ, પાણી અને વિશેષ કરીને પશ્ચિમ દિશાનું મુખ લાલચોળ થઈ ગયાં. સૂર્ય દેવતાના તપાવેલા સુવર્ણના રેષા જેવાં કિરણો, લાંબાં થઈ પૃથ્વીના પશ્ચિમ છેડાને સ્પર્શ કરવા લાગ્યાં. જળમાં પડતાં વૃક્ષાદિનાં પ્રતિબિંબ ભુંસાઈ જવા લાગ્યાં. ઝાડ–ઘટામાં નાનાં ચકલાં ચીંચીં કરવા લાગી ગયાં. કાગડાનાં ટોળાં કઠોર છતાં તે વખતે આનંદકારી લાગતા. ક્રૌંચ શબ્દો કરતાં જુદી જુદી દિશામાં ઊડી જતાં નજરે પડતાં હતાં. થોડી વારમાં તો આ સુંદર દેખાવ અને આ મધુર અવાજ દેખાતા અને સંભળાતા બંધ પડ્યા. સૂર્યબિંબ અદશ્ય થઈ ગયું. નાના છોડ, કુમળી વેલી અને મહાન વૃક્ષો એકબીજાં સાથે મળી જતાં હોય, એકરૂપ થઈ જતાં હોય, કાળાં પડી જતાં હોય અને દિશાઓ વિસ્તાર પામતી હોય તેવું ભાસવા લાગ્યું! ઋષિઓ ચારે દિશામાં હોમ કરતા હોય અને વેદિઓમાંથી ધુમાડાના ગોટા ઊંચા ચડતા હોય, બીજા જન્મેજયે સર્પકુળનો નાશ કરવા યજ્ઞ આરંભ્યો હોય અને તેથી જાણે ચોતરફ આકાશમાંથી કાળા સર્પનો વરસાદ પડતો હોય, કાળા વેલા જાણે એકદમ પૃથ્વીમાંથી નીસરી ઘુમ્મટ જેવા આકાશ પર ચારેકોર ચડી જતા હોય, પૃથ્વીને ઘેરી લેવા કલિનું કાળું લશ્કર જાણે આવતું હોય અથવા ભૂમિના પર્વતભાગો જાણે મહાપ્રલયના જળમાં ડૂબી જતા હોય, તેમ અંધારું વ્યાપવા લાગ્યું! નાનામોટા તારા સતેજ થયા અને અંધારાને મદદ આપતા ધુમ્મસમાં ચળકવા લાગ્યા; આકાશ પાસે આવવા લાગ્યું. આગિયા અહીંતહીં ઝબકવા લાગ્યા. ઠંડી પડવા

લાગી તેથી અમે ગરમ કપડાં પહેરી કિસ્તીમાં બેસી ગયા. માંજીલોકો ગંગરીમાં કોલસા ભરવા લાગ્યા.

'ગંગરી' એ શબ્દ વારંવાર વાપરવો પડે છે તેથી તે શબ્દનો ખરો અર્થ સમજવો જોઈએ. માટીના હાંડલી જેવા વાસણની ચારેબાજુ બરુ ગૂંથેલ હોય છે, તેની ઉપર એક નાકું હોય છે. આ વાસણમાં અંગારા ભરી ગરીબ માણસો નાકામાં દોરી નાખી, ટાઢ પડતી હોય છે ત્યારે ઝભ્ભાની અંદર ડોકે તેને ટાંગી દે છે. આ ગંગરી બે પૈસાની એક મળી શકે છે. ઘરમાં જેટલાં માણસ હોય છે તેટલી જ ગંગરીઓ હોય છે. નાનું બાળક પણ ગંગરી ડોકમાં પહેરી ફર્યા કરે છે. જેમ સુધરેલ હમેશાં હાથમાં સોટી રાખે છે તેમ માંજીલોકો ગંગરી હમેશાં સાથે જ રાખે છે.

જે દરવાજામાંથી અમે તળાવમાં દાખલ થયા હતા તે જ દરવાજામાંથી બહાર નીકળ્યા. આ વખતે કિસ્તી તીરની માફક દરવાજા બહાર નીકળી ગઈ, કેમ કે પાણીનું તાણ અનુકૂળ હતું. આ તળાવ સારી રીતે જોતાં એક અઠવાડિયું થાય તે અમે માત્ર એક જ દિવસમાં જોયું! એક સ્વપ્ન જેવું થઈ ગયું! કિસ્તી બજારમાં ચાલવા લાગી, કેટલાક પંડિતોનાં લગ્ન હતાં તેથી સ્ત્રીઓ ગીત ગાતી હતી તે અમે સાંભળતા સાંભળતા ઉતારા પાસે આવી પહોંચ્યા.

પંડિતાણીઓ જે સફેદ ટોપી પહેરે છે તેમાં બે તરફ નાનાં કાણાં રાખે છે, અને તેની અંદર લાંબા ઠોળિયા જેવાં ઘરેણાં પહેરે છે. વળી આ ટોપી પર નાનું ઓઢણું ઓઢે છે. આ રિવાજની મને આજ જ ખબર પડી.

રાતના આશરે આઠ વાગે ઉતારે પહોંચ્યા, વાળુ કર્યું અને સગડી(હાર્થ)માં લાકડાં સળગાવી બિછાનામાં સૂતા. સૂતાં સૂતાં હું વિચાર કરતો હતો કે, કાશ્મીરમાં જ ઈશ્વરની રમણીય રચનાનો વરસાદ વર્ષી ગયો છે. વળી હિંદુસ્તાન આવાં સુંદર સ્થળોનો માલિક હોવાથી કેવો ભાગ્યશાળી કહેવાય! વિંધ્યાટવીનો પ્રદેશ પણ કાંઈ

ઓછો ખૂબીવાળો ગણાતો નથી, અને ભવભૂતિ, કાલિદાસાદિ કવિઓની અગાધ કલ્પનાશક્તિનું પણ આ જ સૃષ્ટિસૌંદર્ય મૂળ કારણ છે. પણ અતિશય થવાથી કઈ વસ્તુ હાનિ કરતી નથી? આ દેખાવો આનંદની સાથે દુઃખ દેનાર પણ ક્યાં ઓછા થયા છે? આર્યાવર્તમાં કુદરતની અતિશય ભવ્ય લીલાથી માણસોની કલ્પનાશક્તિ અતિશય વધી ગઈ અને તેથી ખરી વિચારશક્તિની ખામી રહી ગઈ! અને માણસો વહેમીલાં થઈ ગયાં.* કાલિના બલિદાનાર્થે હજારો માણસોના જીવ ગયા છે, પિતૃપીડા અને ભૂતપલિતથી સેંકડો માણસો રિબાય છે. આવતા જન્મમાં સુખી થવા માટે, કાશીમાં કરવત મેલાવી, ગિરનાર પર ભૈરવજપ ખાઈ, હિમાલયમાં ગળી, કમલપૂજા અને એવા અનેક પ્રકારે કરોડો અજ્ઞાની અને વહેમી આર્ય બંધુઓએ કમકમાટી ઉત્પન્ન કરે તેવી રીતે આત્મઘાત કરેલ છે! કુદરત સામે બાથ ભીડવા શક્તિમાન ન હોવાથી હજારો જડ વસ્તુઓને ઈશ્વરપદ આપેલ છે, દેવ બનાવેલ છે અને પૂજેલ છે. પરમબ્રહ્મની કૃપાથી તે ધૂન હવે મગજમાંથી દૂર થવા લાગી છે, તોપણ દૃઢ આગ્રહથી હિંમત રાખી એક કાર્ય પાછળ મંડ્યા રહેવું એ બ્રિટનોની ખાસિયત હજી હિંદુ ભાઈઓથી ઘણી દૂર રહેલી છે. અલબત્ત ક્યાંય ક્યાંય આ ગુણ પણ ચમત્કારો બતાવે છે. પણ તે મહાગુણ સર્વવ્યાપક ક્યારે થશે? હજી ઘણી વાર છે. તેમાં આર્ય બંધુઓનો દોષ નથી. જ્યારે જ્ઞાન વહેમને દૂર કરશે ત્યારે એની મેળે બધાં સારાં વાનાં થશે. હવે તો વિદ્યાની સાથે ગાઢ પ્રેમ બાંધવો જોઈએ. એ શસ્ત્ર

---

* જે જે દેશોમાં સૃષ્ટિચમત્કારો અને સૃષ્ટિરચના ભવ્ય અને ઉગ્ર હોય છે, ત્યાંના રહીશ વહેમીલા અને નબળા મનના શા માટે હોય છે એનો ખુલાસો ઘણા દેશોના ઇતિહાસમાંથી દાખલા લઈને પ્રસિદ્ધ ઇતિહાસ લખનાર **Buckle** સાહેબે પોતાના '**History of Civilization**' એટલે 'સુધારાનો ઇતિહાસ' નામના વિદ્વત્તા અને શોધ ભરેલા પુસ્તકમાં બતાવેલ છે.

**N. B. J.**

કર્યાંય છુપું રહે તેવું નથી. સૂર્ય ઊગ્યો એટલે અજવાળું થવાનું જ અને પુષ્પસમ ખીલી જવાનું. અસ્તુ.

આવા આવા વિચારોમાં મને ઊંઘ આવી ગઈ અને સુસ્વપ્નમાં રાત્રી નીકળી ગઈ.

તા. ૫-૧૧-૯૧ : આજ સવારમાં રાવ બહાદુરે ફોરેન સેક્રેટરીને ચીઠી લખી વાઇસરોયને મળવાનો વખત પુછાવ્યો. લાલા જયકિસનદાસની અઢી વાગે એક ચીઠી આવી તેમાં લખ્યું હતું કે, નામદાર વાઇસરોય સાહેબ પોણાત્રણ વાગે તમારી મુલાકાત લેશે અને જો તમે તેટલા વખતમાં ન પહોંચી શકો તો જ્યારે આવશો ત્યારે મળશે. આથી અમે જલદી કપડાં પહેરી ઉતાવળથી જ્યાં વાઇસરોય ઊતર્યા હતા ત્યાં ગયા અને ચાર વાગે અમે ત્યાં પહોંચી શક્યા. ત્યાં જઈ તપાસ કરતાં માલૂમ પડ્યું કે વાઇસરોય સાહેબ બહાર ફરવા ગયેલ છે તે સાંજે પાછા આવશે. તે બંગલામાં જવાને એક હોડીનો પુલ બાંધ્યો હતો ત્યાં અમે રોકાણા અને પ્રાણજીવનભાઈ ફોરેન સેક્રેટરીને મળવા ગયા અને દોઢ કલાકે પાછા આવ્યા પણ મુલાકાત થઈ શકી નહિ. સાડાપાંચ વાગે અમે માહમુદશાહની દુકાને ગયા અને ત્યાં કેટલીક શાલો વગેરે સામાન જોયો. અમને ત્યાં માલૂમ પડ્યું કે, વાઇસરોય સાહેબ આ દુકાને આશરે દોઢ કલાક રોકાણા હતા અને તેઓ સાહેબ હમણાં જ ગયા. અમે જો જરા વહેલા આ દુકાને આવ્યા હોત તો તેઓ નામદાર ત્યાં જ મળત.

સાંજે ઉતારે પાછા આવ્યા, વાળુ કર્યું અને સગડી પાસે બેઠા હતા તેટલામાં રાવ બહાદુરને એક સવારે આવી ચીઠી આપી. આ ચીઠી રેસિડેન્ટની હતી. તેમાં લખ્યું હતું કે, મહેરબાન વાઇસરોય સાહેબ તમારી મુલાકાત આજ પોણાત્રણ વાગે લેશે !

આજ અમે આ પ્રમાણે અમારી ધારણામાં નાઉમેદ થઈ સૂઈ રહ્યા.

તા. ૬-૧૧-૯૧ : ચક્રવાકની લાંબી ચીસો કાગાનીંદરમાં કોઈ

કોઈ વખતે કાને પડવા લાગી. માંજીલોકોનાં બગાસાં, ટૂંકાં ગાયનો
અને અવાજ સંભળાવા લાગ્યા. દીપજ્યોતિ જરા નિસ્તેજ થવા
લાગી. પડખું ફેરવતી વખતે ટાઢથી બિછાનું જરા ભીનું અને ઠંડું
લાગવા માંડયું. બહાર ઉજ્જવળ ભાસ નજરે પડવા લાગ્યો. પાણીના
ખળખળાટથી કિસ્તીની આવજા શરૂ થઈ ગઈ છે, એમ લાગ્યું.
કાગડા, ચકલાં, કાબર અને બીજાં પક્ષીઓ બોલવા લાગ્યાં. ચોકીએ
બેઠેલો સિપાઈ એક પછી એક રસોયાને ઉઠાડવા લાગ્યો. તેઓ ઊઠ્યા
કે તુરત જ આળસ મરડી કોઈ 'હરિ, હરિ, હરિ,' કોઈ 'હે
રામ! તું.' કોઈ 'હે! ભગવાન!' એમ બોલતા પથારીઓ સંકેલી
કામે લાગ્યા, પરભાતિયાં ગાવા લાગ્યા અને ચૂલા પાસે તાપવા
બેસી ગયા. ધીમે ધીમે અજવાળું ઓરડામાં આવ્યું એટલે અમે પણ
ઊઠ્યા. બેત્રણ માંજીઓને બોલાવી 'ડાકઘરકું જાકે સબ કાગઝ
જલદી લાઓ ઔર તાર હોવે તો વ્હો બી લાના,' બીજાને, 'બહાર
જાકે જલદી ચિરાગ તૈયાર કરો', ત્રીજાને 'શિકારી તૈયાર રખો
દુપેરકું બહાર ફિરને જાનાં હે', આ પ્રમાણે જુદાં જુદાં કામ બતાવી
દીધાં. કમાડ ઉઘાડ્યાં. તેઓ ગયા. અમે બહાર ઓસરીમાં ખુરશીઓ
નખાવી, ગરમ કપડાં પહેરી સગડી આસપાસ દાતણ કરવા બેસી
ગયા. પૂર્વ દિશાની લાલાશ, પર્વતો પરનો ગુલાબી દીસતો બરફ,
નાના પ્રકારના અવાજ કરતાં આમતેમ ઊડતાં પક્ષીઓ, ઝાકળથી
ટપકતાં વૃક્ષો, જરા જરા ઊઘડેલાં જલકણથી છવાયેલ પુષ્પ, ડાળીઓ-
પર પથરાઈ ગયેલી પાણીના મોતિયાથી ચળકતી કરોળિયાની જાળ,
લીલું ઘાસ અને તે પર પડેલાં પાણીનાં ટીપાં, ધીમે ધીમે વીખરાતો
ધુમ્મસ, ડુંગર પર ફરતાં હસ્તિદલ જેવાં દેખાતાં વાદળાં, નિર્મળ
થતું આકાશ, શુક્ર અને બીજા વિરલ વિરલ રહેલા ઝાંખા તારા,
પાણી પર ઊડતા કલકલિયા, ઓરડામાંથી નીકળતા ધુમાડાના થોડા
રહેલા ધુમ્મસ સાથે મળી જતા ગોટા અને પ્રભાતકાલના એવા
અનેક સુખકર રમણીય કુદરતી દેખાવો જોઈ આનંદમાં દાતણ-

પાણી કરી લીધાં. એટલી વારમાં એ ઊંચા ડુંગરો વચ્ચે ખીણમાં ચળકાટ મારતાં, ચોતરફ ફેલાતાં, માણસોના અવાજ સાથે વધતાં જતાં સૂર્યના સોનેરી કિરણો નજરે પડ્યાં અને આમ્ર-રસથી છકેલ કોકિલાની કીકી જેવાં લાલ વસ્ત્ર ધારણ કરી ભગવાન સૂર્યદેવતાએ દર્શન દીધાં. સુવર્ણની રેતી જેવો, શરદીમાં વહાલો લાગતો, કમળવનને વિકસિત કરતો, નદીના પાણીને રંગી નાખતો, બરફના લાલ રંગને ભૂંસી દેતો તડકો, પૃથ્વી, પહાડ, ઝાડ અને સર્વ વસ્તુ પર પથરાઈ ગયો. સૂર્યનો રથ ઊંચો ચડ્યો, પર્વતો નીચે આવી ગયા, જળની તરંગપરંપરા ચળકવા લાગી અને ટાઢ જરા ઓછી થઈ તેથી અમે નાહવા લાગ્યા. કોઈએ કહ્યું કે, 'કાગળ લઈ માંઝી આવ્યો.' તેથી જલદી કપડાં પહેરી રસોયાને 'થાળીને જરા વાર છે' એમ કહી લખવાની ઓરડીમાં દોડી જઈ જલદી જલદી પ્રિય સ્નેહીઓના પ્રિય કુશલ પત્રો વાંચ્યા, અને પછી જમી લીધું. મિત્રોને કાગળના જવાબ જલદી જલદી લખી નાખી, કિસ્તીમાં બેસી માંઝીલોકોને કહી દીધું કે, તખ્તે સુલેમાન તરફ શિકારી ચલાવો. તેઓ શિકારી ચલાવ્યા પહેલાં 'ઓ પીર, દસ્તગીર, શહેન-શાહ, બાદશાહ' એવા એવા શબ્દો હલેસાંને એકસરખાં નિયમિત કરવા બોલી, કિસ્તી સપાટાબંધ ચલાવવા લાગ્યા. રેસિડન્સીનું મકાન જે અમારા ઊતારાથી બહુ દૂર નહોતું ત્યાં આવી પહોંચ્યા. કિસ્તી ઊભી રાખી એક માંઝીએ કહ્યું કે, 'સા'બ, ઇધરસે ચલના પડેગા.' એક માંઝીને રસ્તો બતાવવા સાથે લઈ તેની પાછળ પાછળ વૃક્ષ-ઘટામાં ખાડાખડિયા કૂદતા કૂદતા, એક નાની કેડી પર એક પછી એક આડાઅવળા ચાલવા લાગ્યા. થોડા વખતમાં ટેકરીની નજદીક આવી ગયા. શ્રીનગર દરિયાની સપાટીથી ૫૦૦૦ ફીટ ઊંચું છે અને શંકરાચાર્યનું મંદિર ૬૦૦૦ ફીટ ઊંચું છે, તેથી અમારે ૧૦૦૦ ફીટ ઊંચું ચડવાનું હતું. ભાંગી ગયેલાં પગથિયાં પર સંભાળી સંભાળી પણ ઝડપમાં પગ મૂકતાં ઊંચા ચડવા લાગ્યા. વાઇસરૉયના માન

ખાતર આ ટેકરી પર રાતે રોશની થવાની હતી તેથી મજૂરો કપાસિયાનાં કોડિયાંની હારો કરતા હતા અને નાની નાની લાકડીઓ આમતેમ ખોડતા હતા. આ એક જાતના કાશ્મીરી ઝાડની સોટીઓ દિવાની માફક બળે છે અને તેથી તેને પણ રોશની કરતી વખતે વાપરવામાં આવે છે. ઘડીક ઊભા રહી આ રોશનીની તૈયારી અને નીચેની જમીન પર જરા નજર કરી પાછા ધીમે ધીમે ચાલવાનું શરૂ કર્યું. પગથિયાં છોડી દઈ એક નાની કેડી પર ચાલવા લાગ્યા. જમણી બાજુએ પથરા, ઝાડ, ડુંગર અને કામ કરતાં દાડિયાં હતાં, અને ડાબી બાજુએ વધારે વધારે ઊંડી થતી જતી ખાઈ હતી. લાંબી કાશ્મીરી લાકડીઓ હાથમાં રાખી લીધી હતી અને ખાઈ તરફ વારંવાર નજર કરતા, થાકી જવાથી ઘડીએ ઘડીએ પથરા પર બેસી વિસામો લેતા લેતા શ્રી શંકરાચાર્યના શિવાલય પર પહોંચી ગયા, અને 'શંભો હર' કરી નીચે બેઠા. શ્રમથી પસીનો વળી ગયો હતો અને મંદ શીતળ પવનની લહેરી આવતી હતી તેથી જરા વાર વિશ્રાંતિ લઈ મહાદેવનાં દર્શન કરવા ગયા. મંદિરમાં એક મોટું શિવલિંગ અને બે પર્શિયન લેખ છે. અહીં એક બાવો હતો તેણે કહ્યું કે, 'આ જગ્યાએ આર્ય ઉદ્ધારક શ્રી શંકરાચાર્ય અને મંડનમિશ્રનાં પત્નીનો સંવાદ થયો હતો.'

આ ઊંચે સ્થાનથી આખું શ્રીનગર અને ઘણે દૂર સુધીના સુંદર પ્રદેશો નજરે પડે છે. જોકે શહેરનાં દુર્દશામાં આવી પડેલાં જેવાં ઘર જેવાથી થોડો જ આનંદ મળે છે, પણ ઈશ્વરી કુદરત ઇંદ્રજાળની માફક આંખને ખેંચી લે છે અને જાગતાં છતાં સ્વપ્નાવસ્થાનું ભાન કરાવે છે. એક બાજુએ નાનાં નાનાં દેખાતાં સફેદાનાં વૃક્ષોની આડીઅવળી હારો, ચિનારના ઝાડની ઠેકાણે ઠેકાણે ઘટા, અહીંતહીં પથરાયેલાં લીલાં અને ભૂરાં, ચોરસ, ત્રિકોણી, ગોળ અને એવા અનેક આકારનાં મેદાનો અને ભાજીપાલાથી ભરપૂર ખેતરો, તેમાં ફરતાં વેંતિયાં માણસ જેવા દીસતાં ખેડૂતો, ડાલ સરોવર,

તેમાં તરતી નાનીમોટી વનસ્પતિ, કિનારા પરના બગીચા, વાદળાંથી વધારે કાળો દેખાતો પરીમહેલ, શહેરમાંની આડીઅવળી આસમાની પાણીની સડકો, ઘર બહાર નીકળતા ધુમાડાના ચાલ્યા જતા, ઊંચે ચડતા, વીખરાઈ જતા થાંભલા, ઘાસથી છવાયેલ છાપરાં અને બીજી બાજુએ ખીણુમાં ધીમે ધીમે સર્પાકારે ચાલી આવતી જેલમ નદી, મુસાફરી બંગલા, વાદળાં અને બરફથી ઢંકાયેલી, દૃષ્ટિમર્યાદા સુધી લાંબી લાંબી ચાલી જતી, ઊંચીનીચી ધાર અને અણીવાળી, લીલી અને કાળી ટેકરીઓવાળી પર્વતપરંપરા, અને તેની ઝાડીમાં જુદા જુદા અવાજ કરી ઊડતાં ચંડૂલાદિ પક્ષીઓ દૃષ્ટિએ પડે છે. આ તે પૃથ્વી! સ્વર્ગ! કે કૈલાસ છે! તેનો સંકલ્પવિકલ્પ કરાવે છે. ચારે દિશામાં આવા જ અદ્ભુત, દૃષ્ટિને આહ્લાદન આપતા, સૌંદર્યના વિશાળ ભંડાર આવી રહેલા છે. તેથી ક્યાંથી આંખ ફેરવી ક્યાં જોવું તે સૂઝતું નથી. આ ઋતુમાં પણ આ દેખાવ આટલું આશ્ચર્ય ઉત્પન્ન કરે છે તો ખેતરોને કેસર અને બીજ વનસ્પતિથી, દરેક વૃક્ષને ચળકતાં નવપલ્લવ અને ફળોથી, દરેક ઝરણુને નિર્મલ, શીત, ખળખળતા જળથી, દરેક મેદાનને લીલા ઘાસથી અને દરેક પર્વતને પુષ્પ, પાન અને ફળના નવરંગી ગાલીચાથી ભરી દેતી વસંતમાં આ પ્રદેશો હૃદય પર શું અસર નહિ કરતા હોય! સર્વદા ધન્ય છે, આવી અનુપમ લીલાને સરજનાર પરમાત્માને. આવા અકળ અમાનુષી, અતિગહન, ઈશ્વરી ચમત્કારના રમણીય ભંડારનું પ્રેમ, આનંદ અને આશ્ચર્ય સહિત અવલોકન કરી, મહાદેવનાં ફરીથી દર્શન કરી, ચિત્તવૃત્તિને ત્યાં જ છોડી પાછા વળ્યા. આ વખતે નીચે ઊતરવું હતું તેથી મહેનત ઓછી હતી પણ સંભાળ ઘણી જ રાખવી પડતી હતી, કેમ કે પગ લપસ્યો કે, 'રામરામ'. ખાઈ પડખે ઘણી જ ઊંડી; તેમાં પડ્યા તો પાવળું પાણી પણ માગવાનો વખત મળે નહિ. ઢાળ ઘણો છે તેથી સંભાળ રાખ્યા છતાં પગ લપસી પડતો હતો અને પાછા ઊભા થતાં પણ જરા મુશ્કેલી પડતી હતી. કેટલાક ખાઈ સામે નજર કરવાને પણ

હિમ્મત ધરી શકતા નહોતા. ધીમે ધીમે બધા સાજાસમા ઈશ્વર-કૃપાથી નીચે ઊતર્યા અને 'હાશ' કરી કિસ્તીમાં બેસી ગયા. ઉતારે પહોંચ્યા તેટલી વારમાં રાત્રી આવી પહોંચી તેથી વાળુ કરી થાક્યા-પાક્યા જલદી બિછાનામાં પડ્યા અને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

તા. ૭-૧૧-૯૧: સવારે ઊઠ્યા. થાક ઊતરી ગયો હતો. આજ સવારના નવ અને પિસ્તાળીશ મિનિટે હિઝ એકસેલન્સીને મળવા ગયા. પહેલાં એમના એડિકોંને મળ્યા. એડિકાં વાઇસરૉયને અમે આવ્યા છીએ, એ ખબર આપવા ગયા અને થોડી જ વારમાં એડિકોંની સાથે પોતે પધાર્યા. વાઇસરૉય ઘણા જ સરળ અને નમ્ર પ્રકૃતિના હશે એમ અમને આ મુલાકાત પરથી લાગ્યું. વાઇસરૉય સાહેબે 'તમે ઇંગ્રેજી અભ્યાસ ક્યાં કર્યો છે? મુસાફરી ક્યારથી નીકળ્યા છો? ક્યાં ક્યાં ગયા? શું શું જોયું? ક્યાં ક્યાં જવાના છો?' એવા કેટલાક પ્રશ્નો પૂછ્યા અને કેટલીક વાતચીત થયા પછી રાવ બહાદુરે વાઇસરૉય સાહેબને કહ્યું કે, 'મને આપ નામદાર તરફથી આ જ સાલમાં રાવ બહાદુરનો ઇલકાબ મળ્યો છે અને આ જ વર્ષમાં આપની સલામનો મને લાભ મળ્યો છે, તેથી હું ઘણો ભાગ્યશાળી થયો છું.' પછી તુરત જ અમે વાઇસરૉય સાહેબની રજા લઈ, આ મુલાકાતમાં એમનાં ભલાઈ, સાદાઈ અને માયાળુ સ્વભાવની વાતો કરતા ઉતારે ગયા.

જમીને બપોરે કાશ્મીરી શાલ બનાવવાનું એક કારખાનું જોવા ગયા. આ ઉત્તમ પ્રકારની શાલની બનાવટ અમદાવાદી અથવા સુરતી કિનખાબના જેવી છે. આ બનાવટ એકબીજા શાલના વેપારી એક-બીજાથી છૂપી રાખે છે. આમ કરવાનું કારણ એક વેપારીને પૂછ્યું પણ સીધો જવાબ મળ્યો નહિ. ખરેખાત આ છૂપું રાખવાની ટેવ ઘણી જ નુકસાનકર્તા છે. એથી સુધારાને તેમ જ કલાકૌશલ્યને હાનિ પહોંચે છે અને તેથી દેશ પછાત રહી જાય છે. આપણા ગિરનારી, આબુરાજના અને વિંધ્યાચળના, વૈરાગ્યનો ડોળ કરતા, લાંબી લાંબી પીળી જટાવાળા બાવા અને એવા ઘણા માણસો

કેટલાક પ્રકારની ઉત્તમ ઔષધિનો ઉપયોગ જાણતા હોય છે. કોઈ જંગલનાં પાંદડાંથી એકદમ ઘા મેળવી દે છે, કોઈ ચમત્કારિક મૂળથી વાનું દરદ મટાડી દે છે, તો કોઈ સર્પનું ઝેર એક ક્ષણમાં ઉતારી દે છે, પણ આ અતિ સ્વાર્થી લોકોને તે વનસ્પતિનું નામ પૂછતાં કાંઈ કહેતા નથી અથવા એ તો મંત્રથી સારું થઈ ગયું એમ કહી ઠગે છે. એક માણસ આખી દુનિયામાં પીડાતા માણસોને કેવી રીતે સારાં કરી શકે? આ દવા જો જુદા જુદા દેશોમાં પ્રસિદ્ધ કરી હોય તો તેથી પોતાને તેમ જ આખી સૃષ્ટિને કેટલો લાભ મળે? વળી તે માણસ મરી ગયો એટલે પૃથ્વી પરથી તેટલા જ્ઞાનનો નાશ થયો. જો આ પ્રમાણે દરેક માણસે કર્યું હોત તો માણસો આજ આ સ્થિતિમાં ક્યાંથી હોત? અને આમ છૂપા રાખનારાઓ પણ તે હુન્નર ક્યાંથી જાણતા હોય? આવા વિચારો અને વાતો કરતાં પાછા ઉતારે આવી ચા પીધો. કાશ્મીરી પશમીનાની બનાવટ જોવા જાત પણ વખત ન હોવાથી અને તે બનાવટ સાધારણ કાપડની બનાવટ જેવી જ છે એમ અમે સાંભળ્યું હતું તેથી તે જોવા ગયા નહિ.

સાંજના ચાર વાગે અમે મહારાજ ગંજ (ગંજ એટલે મારકેટ) જોવા ગયા. આ જગ્યાએ ચાંદીનાં અને ત્રાંબાનાં વાસણ વગેરે પરચૂરણ સામાન મળે છે. આ મારકેટ ચણેલી નથી પણ એક ચોક જ છે. જમીન પર નાનામોટા ખડબચડા પથ્થર પડેલા છે જેથી કોઈ પડે તો માથું રંગાઈ જાય તેવું છે. તેમાં આમતેમ આંટા માર્યા, પછી પાળા ચાલતાં ગામમાં ફરતાં ફરતાં જુમા મસ્જિદમાં બૂટ ઉતારી દાખલ થયા. આ મકાન ઘણું વિશાળ છે, પણ કાશ્મીરી રિવાજ પ્રમાણે મરામતની મોટી ખામી છે. આ આલીશાન બાદશાહી દબદબાવાળા મકાનમાં ત્રણ મોટા ખંડ છે. ઓરડાની વચમાં ચિનારના લાકડાના ઊંચા સ્તંભની હાર છે. એક ખંડમાં આવા છાસઠથી વધારે ફીટ લાંબા આઠ થાંભલા છે. આવા ઊંચા લાકડાના થાંભલા હજુ સુધી મેં જોયા નથી. આ મસ્જિદમાં એક સૈયદ રહેતો હતો

તેણે કહ્યું કે, 'આ મકાન સિકંદર લોધીએ બણાવેલું છે, અને એક વખત અકબરે મરામત કરાવી ત્યાર પછી કોઈએ આની સંભાળ લીધી નથી.' આના બારણામાં એ પર્શિયન લેખ છે પણ અમારામાં કોઈને તે ભાષા આવડતી ન હતી તેથી તેમાં શું લખ્યું હતું તે જણાયું નહિ.

આ મકાનની પાસે શાહ આમદાનની જારત છે તે અમે જોવા ગયા. ત્યાં પણ બૂટ ઉતારવા પડે છે. શાહ આમદાન એક મહાપુરુષ થઈ ગયેલ હતા. તે જ્યાં બેસતા હતા ત્યાં એક લાકડાની ઓરડી કરેલ છે અને તેની ઉપર અને પાસે દીવાલ પર કેટલાક અરબ્બી ભાષામાં લેખ છે. આ અક્ષરો ત્રાંબાના છે એમ અમે ધાર્યું પણ હાથ ફેરવી જોતાં માલૂમ પડયું કે તે રંગેલા છે.

ગામની શેરીઓમાં ખડબચડા પથ્થર પડેલા છે તેથી ગાડી અથવા ગાડું ચાલી શકે તેમ નથી અને જો ચાલે તો એકનાં બે થાય. વળી રસ્તા ઘણા જ દુર્ગંધી છે. તેથી નાક આડો રૂમાલ રાખી અમારે ચાલવું પડતું. તોપણ વાઇસરોયને લીધે આ વખતે રસ્તા જરા સાફ રાખવામાં આવ્યા હતા. વાઇસરોયને લીધે આ ગંદકીનો ખરો અનુભવ થઈ શક્યો નહિ તેમ ગંદકીથી માથું ચડયું નહિ. એથી અમે ભાગ્યશાળી કે દુર્ભાગી ?

તા. ૮-૧૧-૯૧: આજ બપોરે અમે જમીને હરિ પર્વત જોવા ગયા. કિસ્તી એક જગ્યાએ બજારમાં ઊભી રાખી અને ત્યાંથી બાબુ કાળિદાસે ટટ્ટુ અને ખચ્ચર તૈયાર રાખ્યાં હતાં તે પર સવાર થઈ ટેકરી તરફ ચાલ્યા. આ વખતે ડાક્ટર પુરુષોત્તમે પનોતા પ્રાણીની (ખચ્ચરની) સવારી કરી હતી. અમે ઘણા દિવસથી હજામત કરાવી શક્યા નહોતા અને કપડાં પણ વિચિત્ર પહેર્યાં હતાં, તેમાં વળી ડાક્ટર લંબકરણ ઉપર બેઠા હતા તેથી એમની મશ્કરી કરતા કરતા રેતીમાં ધીમે ધીમે ચાલવા લાગ્યા. કોઈએ મંકી કેપ માથા પર ઘાલી હતી તો કોઈએ કાનટોપી પહેરી હતી, કોઈએ ઓવર

કોટ પહેરી તે પર બેટ વીંટી લીધી હતી તો કોઈએ ગરમ ચોગો પહેરી લીધો હતો. કોઈએ પેન્ટલૂન પહેર્યું હતું તો કોઈએ સુરવાલ પર બટર્સ બાંધી લીધાં હતાં; અમારું આવું વિચિત્ર લંકાનું લશ્કર ગમ્મત કરતું હરિ પર્વત પાસે આવી પહોંચ્યું.

આ ટેકરી શંકરાચાર્યના ડુંગર કરતાં ઘણી જ નાની છે, પથ્થર સ્લેટના રંગના છે અને તેના પર ચડી જવું પણ સહેલું છે; કેમ કે થોડા વખત પહેલાં જ મજાનાં પગથિયાં ચણાવેલાં છે. ટેકરી પર ઝાડ ઘણાં જ થોડાં છે તેથી તે એક પથ્થરના ઢગલા જેવી દેખાય છે. તેના પર એક કિલ્લો છે ત્યાં અમારે જવું હતું.

પગથિયાં આવ્યાં એટલે ઘોડાપરથી ઊતરી ચાલવા લાગ્યા. અને થોડા ઊંચે ચડ્યા ત્યારે એક દેવીનું મંદિર આવ્યું. અમે બૂટ ઉતારી હાથપગ ધોઈ તેમાં ગયા. એક મોટો પાણો સિંદૂરથી રંગેલો હતો. આ દેવી છે એમ એક પંડિતે કહ્યું તેથી અમે તેની પાસે ગયા. હું પગે પણ નહોતો લાગ્યો તેટલી વારમાં તો એક પંડિતે મને દીવા કર્યા વિના જ ઉતાવળથી હાથમાં આરતી આપી દીધી! કેમ કે તેણે જાણ્યું કે આ કોટ–પેન્ટલૂનવાળા ગૃહસ્થો પૂજાબૂજા કરશે નહિ. પણ અમે તો પૂજા કરવા માટે જ ગયા હતા તેથી દર્ભાસન પર હાથ જોડી દેવીની સન્મુખ બેઠા. બે મિનિટમાં લાંબી દાઢી અને ધોળી પાઘડીવાળા, હાથપગ પાણીમાં પલાળી સંધ્યા કરનારા પચાસેક પંડિતો અમને વીંટળાઈ વળ્યા, અને મોં પહોળાં કરી મોટે સાદે દેવીની સ્તુતિ બોલવા લાગ્યા. આ સ્તુતિમાં દરેકનું મન લીન થઈ ગયું હોય તેવો ડોળ કરતા હતા પણ દરેકની આંખમાં સ્વાર્થ નજરે પડતો હતો. સ્તુતિ પૂરી થઈ એટલે દેવી પર દરેકે પુષ્પ અને ચોખા ફેંક્યા. અને અમને પણ તેમ કરવા ઇશારો કરી દીધો. આ પ્રમાણે પૂજન સમાપ્ત થયું; પછી આ બ્રાહ્મણોને શીખ આપી અમે દેવીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી વિદાય થયા.

પાછા બૂટ પહેરી પગથિયાં ચડવા લાગ્યા. કિલ્લાને દરવાજે

પહોંચ્યા ત્યારે એક ફાટલ ઝભ્ભાવાળા બુઢ્ઢા સિપાઈએ અમને અટકાવ્યા. અમને ખબર હતી કે અહીં જવાને રાજાના પાસની જરૂર છે, પણ અમારા કાગવાસ પંડિતને પૂછતાં તેણે કહ્યું હતું કે, 'સા'બ, હમેરી પાસ પાસ હે.' આ પાસ તે સિપાઈને બતાવ્યો પણ તેણે માથું ધુણાવીને કહ્યું કે, 'યેહ નહિ ચલેગા. રાજા રામ-સીંગકા પાસ ચાહીયે.' જે કાગળ પંડિત પાસે હતો તે, દરેક જગ્યા સાથે રહી બતાવવાનો, રેસિડંટનો હુકમ હતો. આવી રીતે વગર પાસે અમે અંદર જઈ શકયા નહિ પણ બહારથી જ શહેરનો દેખાવ જોયો. આ ટેકરી પરથી પણ આખું શહેર નજરે પડે છે. પણ શંકરાચાર્યના શિવાલય પરથી જે ખૂબી માણસની નજરે પડે છે તેવી અહીં નથી.

અમારાં ઘોડાં અમે ડુંગરની બીજી બાજુએ મોકલી આપ્યાં હતાં તેથી તે બાજુમાં એક કેડી છે ત્યાં થઈને અમે નીચે ઊતર્યાં. આ રસ્તો ઘણો જ ખરાબ છે. અમે વારંવાર પડતા હતા. પડખે ખાઈ ન હોવાથી ભેરવજપની ધાસ્તી નહોતી. લાકડીને ટેકે ટેકે ઘરડા માણસની માફક અમે નીચે ઊતરી 'શાંતિઃ શાંતિઃ શાંતિઃ' કહી ઘોડેસવાર થયા. સદર બજાર—જ્યાં ગાડી ચાલી શકે તેવી સડક છે ત્યાં થઈને લાલમંડી પેલેસ તરફ ચાલ્યા. આ સડકની બન્ને બાજુએ સુંદર ઝાડ ઊગેલાં છે. અહીં કાંઈક સુધારો નજરે પડે છે. રસ્તામાં એક પુલ આવ્યો. આ પુલ માત્ર લાકડાનો જ છે અને સાંકડો ઘણો છે. અહીં એક ગાડી સામી મળી. પુલની બાજુની રેલિંગની અડોઅડ ટટ્ટુ ઊભાં રાખ્યાં. આ ટટ્ટુ ઘણાં જ ડાહ્યાં, સમજુ અને પીઢ હોય છે, નહિ તો જો કાઠિયાવાડી ઘોડાં જેવી બાળ-બુદ્ધિ કરે તો તે ઘોડાને અને સવારને નીચે નદીમાં તટકાવું પડે. આવા શ્રીનગરમાં ઘણા પુલ છે. તે ઓળંગતા ઓળંગતા લાલમંડીના મકાને આવી ગયા. અહીં બે કચ્છી માડુ ચડી આવ્યા હતા, તેની સાથે કેટલીક વાતચીત કરી બંગલામાં ગયા. હજી સુધી કાસ્મીરમાં આ બે કચ્છી અને બાબુ કાળિદાસ સિવાય બીજો કોઈ દેશી નજરે પડ્યો નહોતો.

શહેરમાંનાં બધાં મકાનો ગંદાં હોવાને લીધે મહારાજા, વાઈ-સરોયની મુલાકાત લાલમંડી પેલેસમાં લેતા હતા. વાઇસરૉય સાહેબને કાશ્મીરી કારીગરી બતાવવા ત્યાં બનતી કેટલીક ચીજો આ બંગલા-માં લાવી રાખેલી હતી. પણ અગાડીને દિવસે તેમાંની કેટલીક પાછી ઉપાડી લઈ જવામાં આવી હતી. સાંજ પડી ગઈ હતી, બંગલો બંધ હતો, તેમાં ચમત્કારિક કાંઈ હતું નહિ અને કૂંચી લાવતાં વખત વધારે જાય એમ હતું તેથી તે મકાન બહારથી જ જોઈ ઉતારા તરફ ઘોડાં દોડાવ્યાં.

બાબુ કાળિદાસને મકાને તેનાં ઘોડાં મૂકી, અમારી કિસ્તી ત્યાં હાજર હતી તેથી તેમાં બેસી ઉતારે આવ્યા.

સવારના ચાર વાગે શ્રીનગર છોડવું હતું તેથી વાળુ કરી સામાન બધો કિસ્તીમાં ભરી, 'કાશ્મીર, તને સલામ છે. વળી અન્ન-જળ હશે તો કોઈ દિવસ તારું પૂરું અવલોકન કરવા આવીશું' એમ કહી સૌ કિસ્તીમાં ગયા. ટાઢ લાગતી હતી તેથી વહાલી ગંગરી છાતી પાસે રાખી ચારેકોર છત બંધાવી દઈ, નીચે પાટિયાં પર જ પથારી કરી, ધડકી, ગોદડાં અને રગ્ઝ ઓઢી ઈશ્વરનું નામ લઈ સૂઈ રહ્યા.

શ્રીનગર જેને કાશ્મીરી લોકો કાશ્મીર કહે છે તે શહેરની આવી દુર્દશા કેમ હશે? લોકો આવા ગરીબ અને કંગાલ કેમ છે? પાણીની એટલી છત છે કે કૂવો ક્યાંય ગળાવવો જ પડતો નથી છતાં આટલી ગંદકી ક્યાંથી! કાલિદાસના સમયમાં આ સ્વર્ગ કેવું હતું, હાલ કેવું છે, હવે કેવું થશે! એ જૂની વિદ્યા ક્યાં ગઈ? ચડતીપડતી દરેક વસ્તુને છે જ. સૃષ્ટિની ઘટમાળ તેમ જ ચાલ્યા કરે છે. સંપત્તિ અને વિપત્તિનું ચક્ર ઊંચુંનીચું ફર્યા કરે છે. દુનિયા પરની દરેક વસ્તુની સ્થિતિ છોકરાંના હાથમાંના દડા જેવી જ છે. ઊંચે ચઢ્યા પછી નીચે પડે છે અને નીચે અથડાયા પછી ઉપર આવે છે. એક જંગલ આજ નવપલ્લવ, પુષ્પ, અનેક

ફળ અને નાના પ્રકારના મધુર ગાયન કરતાં પક્ષીઓથી રમણીય, મનોરંજક હોય, કાલ અગ્નિ લાગવાથી તેમાં માત્ર ઠૂંઠા અને રાખ જ રહે છે, અને વળી થોડા કાળ પછી હતું એથી પણ વધારે સુશોભિત થાય છે. કાશ્મીર એ એક હિંદુસ્તાનનો ભાગ છે. હિંદુસ્તાનમાં એક વખતે રામ, ધર્મ, વિક્રમ, હરિશ્ચંદ્ર જેવા કુશળ, પ્રજાનું સુખદુઃખ તે જ પોતાનું સુખદુઃખ માનનારા ધર્મિષ્ટ, નીતિમાન અને 'નરપતિ' શબ્દને શોભાવે તેવા ગુણવાળા રાજા રાજ્ય કરતા હતા. તે ચાલ્યા ગયા. ભોજ જેવા વિદ્વાન પરીક્ષક લય પામ્યા. વસુંધરા, વિદ્યા અને કલાકૌશલ્ય રંડાણાં, કુસંપ સાથે અનેક અવિનયો અને વિપત્તિને દેશમાં આવવાનો રસ્તો મળ્યો. તૈમુર, મહમદ, અલાઉદ્દીન અને ઔરંગઝેબ જેવા, ધનલોભી, લોહીના તરસ્યા, ઝનૂની, ઘાતકી, નિર્દય, ક્રૂર, સ્વાર્થી, મૂરખ, કપટી, વ્યસની અધિકારીઓએ આર્યાવર્તને લૂટ્યો, દળ્યો, નિચોવ્યો, રગદોળ્યો. 'यथा राजा तथा प्रजा' એ યથાર્થ કહેવત પ્રમાણે આપણું ભૂંડું થયું, આપણે અગળ્યા, નીચે પડ્યા. અરે! પણ આવા સત્તાધીશો આવ્યા એમ કહેવું એ ખોટું છે. આપણે જ આપણા જ પગમાં કુહાડો માર્યો. આપણે જ તેઓને બોલાવ્યા. આપણે જ વિષને અમૃત માની સ્વેચ્છાએ આનંદથી પાન કીધું; દીર્ઘદર્શી, ડાહ્યા, રાજ્યનીતિમાં ઘડાયેલા પ્રૌઢજનોનો આપણે જ અનાદર કીધો; આપણા હાથથી જ આપણા ભાઈઓ, દેશરક્ષકો, શૂરા, ધીર, વીર પુરુષોના પગમાં બેડી નાખી, ગળાં કાપ્યાં, હણ્યા અને હણાવ્યા! અફસોસ, અફસોસ! આપણું કર્તવ્ય આપણે ચૂકયા. આપણો ધર્મ આપણે ભૂલ્યા. આપણાં શાસ્ત્રોને આપણે જ તિરસ્કાર્યાં, આપણે જ કૃતઘ્ની થયા. સર્વે દેશભાઈઓનું ભૂંડું કરતાં મારું ભલું થશે નહિ એ ભાન તો કોઈને રહ્યું જ નહિ. '**પરમાર્થ તે જ સ્વાર્થ છે**' એ વેદવાક્ય આપણે ભૂલી ગયા, તેથી આ દેશ પર ગુસ્સે થઈને વાલ્મીકિ, વિશ્વામિત્ર, મનુ, વસિષ્ઠાદિ ઋષિઓ, અર્જુન, ભીમ, કૃષ્ણ, હલધર, ભગીરથાદિ ...

બ્રહ્માઆદિ આયુધો હવે બીજા દેશોમાં જ જન્મ લે છે, બીજા દેશોને જ શોભાવે છે, બીજા દેશોને જ ઊંચા ચડાવે છે, બીજા દેશોનું જ રક્ષણ કરે છે. જે વિમાનો ભરતખંડની હવામાં ઊડતાં તે બીજા પ્રદેશોમાં ફરે છે! જે હીરા અહીંની ખાણોમાંથી નીકળતા તે બીજા દેશોમાં પ્રકાશે છે! આપણે જ આપણું સંભાળી ન શકયા તો બીજાને શો દોષ દેવો? આપણા વિદ્વાનો જે માલતીમાધવ જેવાં નાટક રચતા તેઓને હવે લલિતા દુઃખદર્શક જેવાં નાટકો લખવાં પડે છે! અફસોસ! આપણે બબ્બે આંખો છતાં અંધ થયા! ઘટિત અઘટિત કાંઈ વિચાર્યું જ નહિ! મહાભારત જેવાં યુદ્ધ કરી ભાઈએ ભાઈનું, કાકે ભત્રીજાનું, બાપે દીકરાનું લોહી પીધું! અરે આર્યાવર્ત! તેં સુખદુઃખની પરિસીમા અનુભવી જોઈ! તારા પર સુખદુઃખના સમુદ્ર રેલી ગયા! હવે વિશ્રાંતિનો સમય આવ્યો છે, તારી ખોવાઈ ગયેલી અમૂલ્ય વસ્તુઓ ગોતી ગોતી, તારા ભાઈઓ અને મિત્રો, તારા હાથમાં હવે આપવા લાગ્યા છે તેનો યથાર્થ ઉપયોગ કર. બ્રિટનનો સારો સુધારો **વિચાર કરી** તે યોગ્ય લાગે તેમ ગ્રહણ કર. તારા કેટલાક પુત્રો તો અગાડીના ઋષિ જેવા થવા યત્ન કરે છે, પણ હજી કેટલોક ભાગ ઘણો પછાત રહી ગયો છે. કાશ્મીર આમાંનો એક છે. ત્યાંની પ્રજા વેપારથી બહારના સુધરેલા ભાગ સાથે જોડાયેલી નથી. પોતાના દેશનો પાક વાપરી સંતોષ માની બેસી રહેલ છે. દુકાળનો ભય નથી અને અનાજ એટલું પાકે છે કે કાશ્મીરી માંજી ત્રણ પૈસામાં આખા દિવસનું પોષણ મેળવી શકે છે. એ સિવાય મચ્છી અને બદક પુષ્કળ મારી લાવે છે. પણ આ ત્રણ પૈસા કમાવામાં અને માછલી અને બદક મારવામાં તેનો આખો દિવસ જાય છે તેથી સ્થિતિ સુધારવા વખત મળતો નથી. ખેડનું કામ પણ તે જ કરે છે. આ પ્રમાણે મહેનતના ઘટિત વિભાગ પાડેલા નથી, તેથી આવી દરિદ્ર અવસ્થામાં તેઓને રહેવું પડે છે. શિયાળામાં ઘર બહાર નીકળી શકાય તેમ નથી તેથી આ જૂજ આવકમાંથી પણ તેઓને તેટલા માસના

ગુજરાન માટે કાંઈક બચાવવું પડે છે. હવે તેઓની સ્થિતિ ક્યાંથી સારી હોય? તોપણ લાદુદના ઉંદરની માફક હવે ધીમે ધીમે બહારની સુધરેલી પ્રજાની સાથે પ્રસંગમાં પડવા લાગ્યા છે તેથી સુધર્યા છે, અને જેમ જેમ વધારે મળશે તેમ તેમ વધારે સુધારો થશે. થોડા વખતમાં એ પણ આપણી બરાબરીમાં આવી જશે; કેમ કે આપણા કરતાં એ વધારે ઝડપથી આગળ વધે છે. રાજાની જીભ તે જ ન્યાય અને પંડિતનો હુકમ તે જ ઈશ્વરની આજ્ઞા, એવું હવે નથી. એક સભા ધારા બાંધે છે અને અમલમાં લાવે છે તોપણ અજ્ઞાન લોકો બિચારા આ સુધારાથી અજાણ્યા છે. અગાડીના સજ્જડ મારની કળ હજુ ઊતરી નથી, તેઓની ફરિયદ કોઈ સાંભળશે કે નહિ તેની તેઓને ખાતરી નથી. 'ચોર શાહુકારને દંડે' એવી ધાસ્તી નિરંતર મનમાં રહ્યા કરે છે, તેથી માથું ઉપાડવા હિમ્મત ધરી શકતા નથી. કાસ્મીર, એક કુદરતી વાડી છે પણ તેની જરા પણ સંભાળ લેવાતી નથી, નહિ તો ઝાડ પરથી સોનું ઊતરે તેવું છે. ઈટાલીના પ્રદેશો કરતાં હજારગણો ફળદ્રૂપ છે. ખરું જોતાં આ સ્વર્ગનો દરેક ડુંગર સોનાનો જ બનેલો છે અથવા સુવર્ણની બીજી ગુપ્ત લંકા છે પણ તેના પર વિભીષણ જેવો રાજા જોઈએ જેથી રામની કૃપા થાય.

જોકે મુસલમાની વસતિ ઘણું કરી ભલી અને ભોળી છે તો-પણ નીતિ અને શીલની ઘણી જ ખામી છે. તેનો બોધ હજી થયો નથી, તેના ફાયદા હજી જણાયા નથી, તેથી પશુ જેવી અવસ્થા રહી ગઈ છે.

પંડિતાણીઓ ઝીણા અક્ષરથી અંગૂઠાના નખ જેવડી નાની ગીતા લખે છે, પણ આવાં અથવા એવાં જ બીજાં કામ હજી થોડી જ સ્ત્રીઓ કરે છે. પુરુષની કેળવણી માટે હજી સારી ગોઠવણ નથી તો સ્ત્રીની વાત જ શા માટે કરવી? બાળક જન્મ્યું કે હલેસાં અને કિસ્તીની સોબત થાય છે, એસારુને ખુશ કરવા માબાપ પાસેથી હિંદુસ્તાની શણગારનાં ગીત શીખે છે અને તે ગાયા કરે છે. જરા

મોટાં થયાં એટલે ચાકરી કરવા એની મેળે શીખી જાય છે અને પછી કિસ્તીનું કામ શીખે છે. આ પ્રમાણે આ માણસોનું જીવિતનું ફળ માત્ર બીજાને ખુશી કરી તેઓની કૃપા સંપાદન કરવી અને તેથી બની શકે તેટલા પૈસા મેળવવા, એ જ છે.

વેપારીના દીકરા વેપારમાં ગુંથાય છે અને થોડુંઘણું ભણે છે, પણ એટલી વિદ્યાથી તેઓને થોડો જ લાભ મળે છે. પંડિતો આ મુસલમાનો કરતાં વધારે ભણેલા હોય છે અને પોતાના દિન-પ્રતિદિન ઓછા થતા અધિકારને પરાણે ખેંચી રાખવા વ્યર્થ પ્રયત્ન કર્યા કરે છે. આખા કાશ્મીરમાં જો કોઈ વિદ્વાન માણસ ગોતવા બેસે તો માત્ર દશ પંદર જ જડશે. હવે ઇંગ્રેજી, સંસ્કૃત અને પર્શિયન નિશાળો સ્થાપન થયેલી છે તેમાં ઘણાં છોકરાં અભ્યાસ કરે છે અને તેથી ઘણું કરીને એક સૈકામાં સારો સુધારો થઈ જશે. નિશાળો પણ બીજાં ઘર જેવી જ ગંદી રાખવામાં આવે છે તેથી સ્વચ્છતાની શિખામણ 'પોથીમાંનાં રીંગણાં' જેવી થાય છે; તોપણ કાશ્મીર અગાડી કરતાં ઘણું સુધરેલું છે અને હાલ છે તેથી થોડા જ વખતમાં ઘણું સુધરી જશે તેમાં કાંઈ શંકા નથી.

તા. ૯–૧૧–૯૧ : રાતે સારી નિદ્રા લેવાથી પ્રભાતે વહેલાં ઊંઘ ઊડી ગઈ. કાગાનીંદરનાં સુસ્વપ્નો એક પછી એક ચાલ્યાં જવા લાગ્યાં. કિસ્તી ચાલતી હતી. પાણીનો ખળખળાટ કાને પડતો હતો અને વળી કાંઈ સ્વપ્ન આવવાથી બંધ થઈ જતો હોય તેમ લાગતું હતું. ટાઢ સખત હતી અને ઊઠવાનું મન થતું ન હતું, તેથી બધા સૂતા છે કે કોઈ ઊઠયું છે તે જોઈ બધાને સૂતેલા દેખી આંખો મીચી જતા હતા, પણ થોડી વારમાં પાટિયાં પર પથારી કરી સૂતા હતા તેથી પડખાં તપવા લાગ્યાં, કાગડાના અવાજો કાને પડવા લાગ્યા અને નિદ્રાં બિલકુલ જતી રહી તેથી એક માંઝીને, 'સગડી તૈયાર કર' એમ કહી પથારીમાં જ બેસી ગરમ કપડાં પહેરવા લાગ્યાં અને સગડી તૈયાર થઈ એટલે બહાર નાના તૂતક પર જઈને બેઠા. શ્રીનગર-

ને ઘણું દૂર છોડી દીધું હતું. નદીના કિનારાની આસપાસ માત્ર મેદાનો અને દૂર પર્વતો હતા. પાણી ધીમે ધીમે વહેતું હતું અને તેમાં સૂર્યના હલતાં લાલ પ્રતિબિંબ પડવાથી ગેરુ જેવું ધૂસર દીસતું હતું. પર્વતો, પૃથ્વી, પાણી, આકાશ અને ઊંચી ટેકરીઓ પરના બરફનો રંગ સૂર્ય વધારે ઊંચે ચઢ્યો તેથી બદલાઈ ગયો અને ટાઢ પણ ઓછી થઈ, આકાશ નિર્મળ આસમાની અને પ્રકાશિત થયું; માત્ર કોઈ કોઈ ડુંગર પર જ વિરલ વિરલ વાદળાં નજરે પડતાં હતાં. બદકની હારો અને નાની નાની માછલી પાણીની ઉપર અને અંદર આમતેમ દોડતી દેખાતી હતી. ક્યાંય સારસજોડાં ધીમી ગતિથી આમતેમ ફરતાં દેખાતાં હતાં. પાણીમાં વેલા ક્યાંય ક્યાંય છવાયેલા હતા. રમણીય ફૂલોની ઝાકળથી ભીની પાંખડીઓ અહીંતહીં કિનારા પર ચળકતી હતી. કેટલાંક પક્ષી ઝીણી મચ્છી મારવા ઊંચેથી પાણીમાં પડતાં હતાં અને પાછાં બહાર નીકળતાં હતાં. આવા સુંદર દેખાવો જોતા જોતા અમે ચાલ્યા જતા હતા. થોડી કસરત થાય તે માટે થોડો વખત હલેસાં મારી અને રસોડાની કિસ્તીમાં જઈ ચા પી પાછા અમારા તૂતક પર આવી કુદરતી આશ્ચર્યકારક લીલા જોવા બેઠા. બરફનો દરેક ડુંગર અમે એક પછી એક છોડવા લાગ્યા, તેઓ અદૃશ્ય થઈ જવા લાગ્યા અને પૃથ્વીમાં ડૂબી જવા લાગ્યા.

ચા પીધા પછી માનસબલ જે પાસે જ હતું તે જોવા અમારે જવું હતું પણ પ્રાણજીવનદાસભાઈની કિસ્તી ઘણી જ અગાડી ચાલી ગઈ હતી તેથી એકલા તે તળાવમાં જવું એ અમને વાજબી ન લાગ્યું, કેમ કે વખતે તોફાન થાય તો સારું નહિ; એમ વિચારી અમારી કિસ્તી અમે અગાડી ચલાવી. ગુરુજનની આજ્ઞા વિના કાર્ય કરવું એ મૂર્ખાઈ છે. આ વખતે નદીના પાણીને અનુસરીને ચાલવાનું હતું તેથી કિસ્તીને ખેંચવી પડતી ન હતી; પણ હલેસાંથી જ વધારે ઝડપથી ચાલતી હતી.

અમે દિવસનો ઘણો ભાગ તૂતક પર જ બેસી રહ્યા, કેમ કે બપોરે

પણ તડકો વહાલો લાગતો હતો અને દૃષ્ટિ સૌંદર્યથી સંતોષ પામતી ન હતી.

અમારી ચાર કિસ્તીમાં અમે કેવી રીતે બેઠા હતા તે હું આગળ લખી ગયો છું. જમવાની વખતે રસોડાની કિસ્તીમાં જતા અને પછી પાછા અમારી કિસ્તીમાં આવી બેસતા.

સાંજ પડી, સૂર્ય અસ્ત થયો, અંધારું થઈ ગયું, ધુમ્મસ ચોતરફ વીંટળાઈ વળ્યો. વુલર લેકનો કિનારો આવ્યો. પાણી વિશાળતા પામ્યું. મોજાં નજરે પડવા લાગ્યાં. કિસ્તી ઊભી રાખી. રાતે આ સરોવરમાં ચાલવું એ જરા જોખમ ભરેલું છે તેથી આ કિનારા પર જ રાતે કિસ્તીને રાખી, સૂઈ રહ્યા. સવારે ચાર વાગે ચાલવું હતું, કેમ કે એ વખત હવા સારો હોય છે અને તોફાનનો ભય ઓછો હોય છે.

તા. ૧૦–૧૧–૯૧ : સવારના ૭ વાગ્યે પથારીમાંથી ઊઠ્યા. પાણીનાં હલેસાં જોરથી કિસ્તી સાથે અથડાતાં હતાં અને જે કિસ્તી હમેશાં જેલમ નદીના શાંત, મંદગતિવાળા પાણીમાં સ્થિર ચાલી જતી હતી તે આજ આમતેમ ડોલતી હતી અને ઊંચીનીચી થઈ પાણી સાથે અથડાયા કરતી હતી. પાણીની છોળ તૂતક પર આવતી હતી. કિસ્તી બૂડશે તેવી શંકા કરાવતી હતી અને બહાર જવા ના કહેતી હતી. માંજીલોકો જોરથી બૂમો પાડી હલેસાં મારતા હતા. આ વુલર લેક હતું. આ સરોવરમાં ઘણા અકસ્માત બને છે, કેમ કે આ સમુદ્ર જેવા સરોવરનાં મોજાં સામે માત્ર ચાર તસુ જ પાણીમાં રહેતી કિસ્તીની શી વિસાત? માંજી કાંઈ ગુસ્સે થઈ અંદર અંદર વાતો કરતા હતા. આ શું છે એમ એક માંજીને પૂછતાં તેણે કહ્યું કે, 'આજ ત્રણ વાગે ચારે કિસ્તીઓને સાથે બાંધી અમારે વુલર લેકમાં ચાલવું હતું જેથી કોઈને જોખો લાગે નહિ, પણ સાહેબ-(પ્રાણજીવનભાઈ)વાળી કિસ્તીના માંજીએ અગાડી પહોંચી જવા માટે–અમને કોઈને ખબર આપ્યા વિના કિસ્તી રાતના બે વાગે

ચલાવી દીધી. સામાનવાળી કિસ્તી વુલરને કિનારે જ ચોંટી ગઈ અને રસોડાવાળી કિસ્તી વાંસે રહી ગઈ તેથી આવું મોટું જોખમ માથે લઈ અમે વુલરમાં આ એકલી કિસ્તીને નાખી છે. હવે પણ કરી હરકત તો નહિ આવવા દઈએ પણ અમને ઘણી ધાસ્તી લાગે છે.' આટલું કહી તે હલેસાં મારવા લાગ્યો અને અમે બીઠીને 'ઈશ્વર ની ઇચ્છા વિના કાંઈ થતું નથી.' એમ ધારી આ તળાવ અથવા સાગર જોવા લાગ્યા. માંજીલોકોએ બહાર આવવા ના કહી પણ આ તોફાનથી સરોવરનો દેખાવ કેવો લાગે છે તે જોવાની જિજ્ઞાસા શાંત ન થવાથી અમે આંખો ચોળતા ચોળતા તૂતક પર ઊભા રહ્યા. શ્રીનગર જતી વખતે આ સરોવરનું જલ એક મોટા અરીસા જેવું નજરે પડયું હતું; પણ આજ તો તે બીજો સમુદ્ર જ થઈ ગયો હતો. મોટાં મોજાંથી પાણી કૂદતું હોય, બિચારી કિસ્તી પર ગુસ્સે થઈ ચોતરફથી તેના પર ધસી આવતું હોય અથવા તેને ગળી જવા ઇચ્છતું હોય તેવું દેખાયું. નજરે માત્ર નાની નાની ટેકરી જેવી તરંગપરંપરા જ પડતી હતી. બીજી એકે કિસ્તી દૃષ્ટિએ પડતી નહોતી. ચોતરફ કિનારા સરખા જ દૂર દેખાતા હતા તેથી અમે મધ્ય ભાગમાં હતા. દૂરબીનથી જોતાં માલૂમ પડયું કે આ તળાવમાં ચાલનારી બધી કિસ્તીઓ એક દૂરના ટાપુના કિનારા પર જતી રહી છે. વાદળાં અને ધુમ્મસથી સૂર્ય દૃષ્ટિએ પડતો નથી. બરફના પર્વતો માત્ર ઝાંખા ઝાંખા જ દેખાય છે. કિનારા પરનાં વૃક્ષ, ડુંગર પરની વનસ્પતિ અથવા ખીણોમાં વહેતાં ઝરણ જોઈ શકાતાં નથી. પવન સુસવાટ કરતો ફૂંકે છે. આવા ભયંકર પણ અદ્ભુત, જોખમવાળા પણ રમણીય, ધીરજની કસોટી કરતા પણ આનંદકારી, તોફાની પણ મનને આહ્લાદક અને શ્યામ પણ સુખકર દેખાવો જોતા જોતા થોડા વખતમાં કિનારા પાસે આવી પહોંચ્યા. માંજીલોકોએ એકબીજાને ભેટી સલામ કરી 'સાબ, અબી કુછ હરકત નહિ' એમ કહી તેઓની હથેલીઓ બતાવી ખીલ્યા. હલેસાં એટલાં જોરથી માર્યાં હતાં કે

૨૧૧૪૦
૧૪૧૧૯૭

હથેલીઓમાં ફોડલા પડી ગયા હતા.

કિનારા પર કીચડમાં એક વાંસ ખોડી તે સાથે દોરડાં વડે કિસ્તીને બાંધી અમે નીચે ઊતર્યા. આશરે એક કલાક પછી રસોડાની કિસ્તી દૂર એક ડાઘા જેવી દેખાઈ અને થોડી જ વારમાં અમારી પાસે આવી પહોંચી. આ તોફાને તેઓને પણ હરકત કરી હતી. અમે દાતણ કરી ચા પીધો. જોકે મને ચા પીવાની ટેવ ન હતી તોપણ કાશ્મીરમાં વારંવાર ઉષ્ણોદકપાન કરવું પડતું હતું; કોઈ વખતે એક દિવસમાં પાંચ છ વખત ચા પીવો પડતો, કેમ જે જમવાનું નિયમસર બની શકતું ન હતું અને નિયમસર મળતું ત્યારે પણ ભાવતું ન હતું, કેમ કે ઘી કડવું અને દુર્ગંધીલું હતું. બિસ્કિટ અને ચા એ જ અમારો મુખ્ય ખોરાક હતો.

થોડા વખતમાં સૂર્ય વાદળાં બહાર નીકળ્યો, તડકો થયો, ધુમ્મસ વીખરાઈ ગયું, લીલું ઘાસ ચળકવા લાગ્યું અને સામાનની કિસ્તી પણ આવી ગઈ. તે પણ તોફાનની લાણમાં થોડીઘણી આવી હતી. 'અમે હજી કેમ ન આવ્યા? શું થયું હશે?' એવી ચિંતાથી પ્રાણજીવનભાઈએ ડાકટર પુરુષોત્તમદાસને અમારી સામે મોકલી આપ્યા. એ અમને થોડા વખતમાં આવી મળ્યા. એમને અમારી કિસ્તીમાં લઈ જે કિસ્તીમાં તે આવ્યા હતા તેને રાવ બહાદુરને 'હમે હમણાં આવીએ છીએ,' એવા સમાચાર આપવા પાછી મોકલી દીધી. સાંજ પહેલાં અમે પણ બારામુલ્લાં પહોંચી ગયા અને બધી કિસ્તીઓ જોડાજોડ ઊભી રાખી રાતે તેમાં જ સૂઈ રહ્યા.

કિસ્તીની મુસાફરી આજ ઈશ્વરકૃપાથી સમાપ્ત થઈ. સવારમાં અમારે ગાડીમાં બેસી ચાલવાનું હતું. એક ઘોડાગાડી અને સાત એકા જેમાં બેસી અમે રાવલપિંડીથી બારામુલ્લા સુધી આવ્યા હતા તેમાં જ પાછું જવાનું હતું.

તા. ૧૧-૧૧-૯૧ : સવારે ઊઠ્યા, કિસ્તીમાં જ ચા પીધો. અમારું આ નાનું ઘર સંકેલ્યું, લબાચા ઉપાડ્યા, એકામાં અને

ગાડીમાં સામાન ભર્યો.

ગરીબ, મહેનતુ અને આજ્ઞાંકિત માંઝીઓને ઇનામ આપી સર્ટિફિકેટો લખી આપી, ખુશી કરી, આશરે સવારના આઠ વાગે રસ્તે પડ્યા.

(જ્યારે અમે બારામુલ્લાં આવ્યા ત્યારે આશરે દોઢસો માંઝી અમારી આસપાસ વીંટળાઈ વળ્યા હતા અને દરેક પોતાની કિસ્તીનાં વખાણ કરી સર્ટિફિકેટોના થોકડા બતાવતા હતા. આં વખતે કિસ્તી પોતે જોઈને જ પસંદ કરવી, કેમ કે દરેક માંઝી પાસે સર્ટિફિકેટો હોય છે અને દરેક માંઝી પોતાની કિસ્તીનાં સરખાં વખાણ કરે છે. અમે અમારી કિસ્તી પસંદ કરી રાત તેમાં જ રહ્યા હતા. આ વખતે પ્રાણજીવનભાઈ ખુલ્લે શરીરે નાહ્યા હતા તેથી એકદમ ટાઢ ચડી ગઈ હતી અને તુરત તાપ્યા ન હોત તો તાવ ચડી આવત. ત્યારથી એમણે રાતે નાહવાનું અને જમવાનું બંધ કર્યું હતું. આ વખતે સવારમાં કિસ્તી પર લોટ જેવો બરફ પથરાઈ ગયો હતો અને સામાન ફેરવતાં માણસો લપસી પડતાં હતાં.)

પર્વતપરની આડીઅવળી સડક પર અમારી ગાડી ચાલવા લાગી. સફેદાના લીલા સોટા અને ચિનારના સોનેરી ગોટા નજરે પડતા બંધ થયા. તેઓની જગ્યાએ મયૂરપિચ્છ જેવાં ચળકતાં સરોનાં અસંખ્ય વૃક્ષો અને બીજા જુદા જુદા રંગના સુશોભિત ગાલીચા દરેક ડુંગર અને ખીણમાં પથરાઈ ગયા છે. સ્લેટના પર્વતોની દીવાલો અને ઘાડ વૃક્ષઘટા ડાબી બાજુ પર ઝૂમી રહી છે. જમણી બાજુએ ઊંડી ખીણમાં જેલમ નદી વહે છે. આ જેલમ, જેમાં બારામુલ્લાં સુધી કિસ્તી ચાલી શકે છે અને જે માત્ર તળાવ જેવી સ્થિર દેખાય છે તેમાંથી પહેલાં મુગ્ધાના નૂપુરરવ જેવો, પછી ઉતાવળે પરણવા જતી બાળાના રથના ઘૂઘરા જેવો, પછી મદમત્ત ગંધગજની ગર્જના, સિંહના ઘર્ઘરઘોર અથવા વાંસ ઝાડીમાં ફુંકાતા પવન જેવો, પછી વર્ષાઋતુની ગર્જના સાથે ખડખડી પડતા કૈલાસ

શિખરના ગડગડાટ જેવો અથવા બ્રહ્માના કમંડલુમાંથી શંકરજટા પર અને શિવમસ્તક પરથી મેરુ પર્વત પર પડતી ભાગીરથીના ઘુઘવાટ જેવો, પગલે પગલે વધતો જતો, પાણીની છોળો ઉડાડતો, અનેક ઇંદ્રધનુષો રચતો, ઘોડાની પીળી કેશવાળી જેવાં ઊછળતાં, નીચે જતાં, ફેલાઈ જતાં અને ભેગા થતાં ફીણુના ગોટાને ઉત્પન્ન કરતો, ભ્રમર અને વમળને જન્મ આપતો, ખેંચી જતો અને લય કરતો, પર્વતોમાં પ્રચંડ પડઘો પાડતો, ગુફાઓમાં ભરાઈ રહેતો, વૃક્ષ, વેલી અને પથ્થરોને ધ્રુજાવતો, પાતાળ ફાડી નાખવાના યત્ન કરતો; કાશ્મીરને સપાટ કરવા મથતો, આંખને પોતા તરફ ખેંચતો, કર્ણ-વિવર બંધ કરતો, ફોડી નાખતો, નદીના ઊકળતા, ઊછળતા, પછડાતા ધોધનો ગંભીર અવાજ બહાર નીકળી ચરે દિશામાં ફેલાય છે; સૃષ્ટિના સંધિબંધ તોડી નાખવા ઇચ્છતો હોય તેમ દેખાય છે અને બીજા દરેક અવાજને દબાવી દે છે. તેથી પક્ષીઓ મૂંગાં હોય, વૃક્ષો હલતાં અને ઘસાતાં છતાં અવાજ ન કરતાં હોય અને પવન સાચવી સાચવીને સંચરતો હોય તેમ ભાસે છે. આથી યુદ્ધમાં ગયેલા પતિઓને માટે શોક કરવાથી પડતાં અનેક સહસ્ર સુંદરીઓના અશ્રુ જેવાં, વરસાદની અખંડ હેલી જેવાં, અને વસંતમાં ઊંચી ચડી વીખરાઈ જતી, શ્રીમંતના જલયંત્રમાંથી નીકળતી જલધારા જેવાં જલબિંદુઓ અહર્નિશ ચોપાસ છંટાયા કરે છે. ગંગા શંકરે મસ્તક પર ધરી અને મને શા માટે નહિ એવી રીસથી જેલમ જાણે પર્વતો-પરથી નીચે સૃષ્ટિ પર અને સૃષ્ટિ પરથી નીચે પાતાળમાં શંકર પાસે જઈ પ્રલય કરવા માગતી હોય તેવી દેખાય છે. ડાબી અને જમણી તરફના ઊંચા ડુંગરો અને ઝાડીમાંથી તે નદીનાં જ બચ્ચાં જેવા અસંખ્ય ધોધ વહી આવતા, માતુશ્રીને મળતા અને અવાજમાં વધારો કરતા નજરે પડે છે.

આ અદ્દ્ભુત જલના સુંદર દેખાવ સિવાય આંખ અને મનને હરી લેનાર ઊંચાનીચાં, લીલા અને ભૂરા, બરફથી ઢંકાયેલા અને

બરફ વિનાના, ગોળ અને અણીવાળા શિખરોવાળા, પાણીનાં ઝરણ અને પુષ્પલતાવાળા, છરેરા અને ઊંડી ગુફાવાળા, દૃષ્ટિમર્યાદાથી પણ વિશેષ લંબાઈ અને પહોળાઈવાળા પર્વતો, તેઓની રમણીયતા, તેઓની કલ્પી ન શકાય તેવી ઊંચાઈ અને તેઓ પરના અસંખ્ય, નાના પ્રકારના રંગનું ગારવ કાંઈ મન પર ઓછી અસર કરે તેવાં નથી.

આવાં સમાન સુંદર સ્થલમાં ઊંચીનીચી અને આડીઅવળી સડક પર કોઈ વખત ધીમે અને કોઈ વખત ઉતાવળે અમારી ગાડી ચાલી જતી હતી. તેની ગતિને અટકાવતી કરાંચીની હાર, અષ્ટાવક્ર પશુઓ( સાંઢિયા )ની કતાર, પનોતાં પ્રાણીઓ( ગધેડાં )નાં ટોળાં, પોઠિયાનાં જૂથ, અથવા બ્યુગલના અવાજ સાથે દોડી આવતા ટાંગા જ્યારે આડા આવતા ત્યારે ઘણી સંભાળ રાખવી પડતી હતી; કેમ કે સડક સાંકડી છે અને પડખે પાતાલ ફાટી પડેલું છે. આમાં જો કોઈ ભૂલ્યાંચૂક્યાં પડે તો જેલમ નદીમાં સ્નાન કરી તુરત જ સ્વર્ગવાસી થવું પડે. કરાંચીના બળદને રાશ હોતી નથી એ હું અગાડી લખી ગયો છું, અને તેમાં વળી હાંકનાર કોઈ કોઈ વખતે આ ગાડાં પર હોતા નથી તેથી ગાડીનું પઈ ઘણી વખત કરાંચી સાથે ભરાઈ જાય છે. આ વખતે શું કરવું એ સૂઝતું નથી. કૂદકો મારતાં ખાઈમાં જવાય અને બેસી રહેવું એ પણ ઘણું મુસ્કેલ છે, કેમ કે ગાડી જરાક જમણી તરફ ખસે તો રામરામ. આ પ્રમાણે થતું ત્યારે અમે ધીમેથી નીચે ઊતરીને ગાડીને ઉપાડી સમી મૂકી કરાંચીને બેસવી અગાડી ચાલતા હતા.

ટાંગાના ઘોડામાં એકને વચમાં રાખે છે અને બીજાને એક બાજુ રાખે છે; આમ કરવાથી એક ઘોડાને વધારે ખેંચવું પડે છે. આમ ઘોડા જોડવાનો રિવાજ ઘણો જ ખરાબ છે.

પર્વત પર ચરતી વિલાયતી જેવી ગાયો, ઘોડાની યાળ જેવા લાંબા વાળવાળાં બકરાં અને તેઓની સાથે એકાદ રીંછ જેવો

ફંછાવાળો કૂતરો પણ વારંવાર નજરે પડે છે. નદીના કિનારા પર, તેની પેલી ગમના પર્વતોની ખીણોમાં અને અમારા ડાબા હાથ પરના ડુંગરોનાં શિખરો પર અને મધ્યભાગ પર નાનાં નાનાં ગામડાં દેખાતાં હતાં. આ ગામમાં માત્ર પાંચ છ જ માટીનાં ખોરડાં હોય છે. ઘરની પાસે પગથિયાં જેવાં નાનાં, ગોળ, લંબગોળ, ચોરસ અને અર્ધચંદ્રાકારનાં કમોદ અથવા મકાઈનાં ખેતરો હોય છે. આ ખેતરો અથવા ક્યારા ઢાળવાળા હોય છે અને ઢાળને છેડે નાની માટીની પાળ કરેલી હોય છે. વરસાદ વધારે પડતો નથી તેમ વરસાદ અથવા કૂવાની જરૂર પણ નથી, કેમ કે વસંતમાં પર્વતોપરનો બરફ પીગળે છે અને તેનું શીતલ જલ આ ખેતરોમાં સિંચાતું સિંચાતું પાળથી જોઈતું ખેતરોમાં જ રહી બાકીનું જેલમ નદીમાં વહી જાય છે. પીવાનું પાણી પણ ગોતવા જવું પડે તેમ નથી, કેમ કે કેટલાક, દૂરથી સરપ અથવા રૂપાના રસ જેવા દીસતા ધોધ, દરેક ઋતુમાં વહ્યા જ કરે છે. ઘર પર નળિયાંને બદલે ધૂળનાં અગાશી જેવાં સપાટ છાપરાં રાખવામાં આવે છે. આ છાપરાં તે જ આ ગરીબ ખેડૂતોની ખળાવાડ છે. આ ખળાવાડ પર ખેડૂતો ચડી સૂપડામાં દાણા ભરી ભરી ઉછાળતા અથવા વાવલતા નજરે પડતા હતા.

આ ગોકુળ જેવાં રમણીય ગામડાંની પાસેના પાણીના ધોધ પર પાણીથી ફરતી અનાજ દળવાની ચક્કીઓ દેખાતી હતી. આ પ્રમાણે આ જંગલી લોકો પણ પાણીનો ઘણો સરસ ઉપયોગ કરી શકે છે. આ ચક્કીની ગોઠવણ ઘણી જ સાદી અને કાઠિયાવાડમાં અથવા બીજી કોઈ પણ જગ્યાએ દાખલ થઈ શકે તેવી છે. આ જંગલી લોકોની આવી સ્થિતિ જોઈ થોડા અગાડી ચાલ્યા ત્યારે કેટલાક માણસો સડક માપતા નજરે પડ્યા. ગાડી ઊભી રખાવી તેઓને આમ કરવાનું કારણ પૂછ્યું. તેમાંનો એક જે અમલદાર જેવો દેખાતો હતો તેણે કહ્યું કે, 'રાવળપિંડીથી શ્રીનગર સુધી ટ્રેન કરવાનો સરકારનો વિચાર છે.' અમે પૂછ્યું કે 'કેટલું ખરચ થશે? કેવા ગેજની ટ્રેન

કરવા વિચાર છે? પૈસા કોણ આપશે? ટ્રેન આ જ રસ્તે ચલાવવી છે કે બીજો કોઈ રસ્તો તૈયાર કરવો પડશે?' તેણે કહ્યું કે, 'બ્રોડગેજ કરવાનો ઇરાદો છે. ખરચ આશરે ૭૦,૦૦૦,૦૦૦ (સાત કરોડ) રૂપિયાનું થશે. રસ્તો આ જ લેશે પણ તેમાં કેટલોક ફેરફાર કરવો પડશે. અને મસુરી (મરિહીલ) ઘણું ઊંચું છે તેથી તેને છોડી દેવું પડશે. ખરચ કોણ આપશે તેની મને ચોક્કસ ખબર નથી પણ ઘણું કરી કાસ્મીરના મહારાજા આપશે. વળી આ ટ્રેન થશે જ એમ પણ કહી શકાતું નથી.' આવા પર્વતોમાં ટ્રેન લાવવી એ ખરેખાત મુશ્કેલ કામ છે, કેમ કે એક તસુ પણ સપાટ જમીન ક્યાંય નજરે પડતી નથી અને ડુંગરો પરથી વારંવાર પથ્થરનાં તોળાઈ રહેલાં હાથી જેવડાં ચોસલાં ગબડી પડે છે.

આ ટ્રેનને વિષે જ વાતો કરતા અમે અગાડી ચાલ્યા અને રામપુર જ્યાં એક ડાકબંગલો છે ત્યાં જઈ દોઢેક કલાક રોકાણા, ઘોડાને થાક ખવડાવ્યો અને અમે જમ્યા. હું રામપુરમાં હતો તેથી કાઠિયાવાડમાંનું લાઠીનું ગામ રામપુર જ્યાંથી લાઠી ચોખ્ખું નજરે પડે છે તે યાદ આવ્યું. ક્યાં એ સપાટ જમીન અને વિશાળ ખેતરોવાળું રામપુર અને ક્યાં આ સ્વર્ગપરનું સરોનાં ધુ ધુ અવાજ કરતાં વૃક્ષોથી ભરેલું ઊંચી ટેકરી પર આવી રહેલું કાસ્મીરી રામપુર! એ વખતે હું કાસ્મીરમાં છતાં જાણે કાઠિયાવાડમાં હોઉં, મારા મિત્રો સાથે જાણે લાઠી અથવા રાજકોટમાં જ ફરતો હોઉં, એકેલો હોઉં અથવા સ્વર્ગનું વર્ણન વાંચતો હોઉં તેમ ભાસ્યું. એ કાસ્મીરી પર્વતો, નદી, ખળખળિયાં, ઝરણ અને શીતલતા જાણે મારા મન સાથે જ કાઠિયાવાડમાં આવી વસ્યાં હોય, એ વૃક્ષની કુંજોને જાણે મારા હૃદયના વિચારો કાઠિયાવાડમાં ઉપાડી ગયા હોય, એ બરફનાં શિખરોને મારું મન જાણે કાઠિયાવાડમાં ઊંચકી ગયું હોય અથવા કાસ્મીર અને કાઠિયાવાડ જાણે એક થઈ ગયાં હોય અથવા મળી ગયાં હોય તેવી જ મને ભ્રાંતિ થવા લાગી. આવા જ વિચારોમાં

જમી રહ્યા પછીનો અર્ધો કલાક અર્ધી ક્ષણની માફક વીતી ગયો, ગાડી જોડાણી, કોઈએ મને બોલાવ્યો, સ્વપ્ન ઊડી ગયું અને હું ગાડીમાં બેસી કુદરતથી ચકિત થઈ તેના ને તેના જ સ્વપ્ન જેવા વિચારો કરતો, બીજાની સાથે અગાડી ચાલ્યો. આંખોને બદલે મનથી દેખતો હોઉં, દરેક અવયવ અને ઇંદ્રિયજ્ઞાન જાણે મનમાં સમાઈ ગયાં હોય અથવા દરેક દેખાવ જાણે દિલ પર ચિતરાઈ અથવા કોતરાઈ જતા હોય તેમ મને લાગ્યું. આ હૃદય છબી પાડવાનું નવું યંત્ર બન્યું !

આવી સુખકર નિદ્રાવસ્થામાં હું હતો તેટલામાં અમે એક જૂના ખંડેર પાસે આવી પહોંચ્યા. કાશ્મીરની ગાઈડમાં લખ્યું છે કે, રામપુર અને ઉરીની વચમાં એક પાંડુગઢ નામનો પુરાતન પડી ગયેલો કિલ્લો આવે છે. બારામુલ્લાં જતાં અમે અહીં રોકાણા ન હતા અને તેવું બીજું ખંડેર જોયું ન હતું, તેથી આ જ તે પાંડુગઢ છે તેમ ધારી અમે તેની અંદર ગયા. અંદર એક નીલા પથ્થરનું ખળભળી ગયેલું શિવાલય જોયું. ચોકમાં લીલું ઘાસ, બોરડી અને એવા બીજા નાના છોડ અને ઘૂંચવાઈ ગયેલાં મોટાં વૃક્ષો જોયાં. ચારેકોર કિલ્લાનો પાયો હતો પણ તે ગઢ ઘણી લાંબી મુદતથી પડી ગયેલો હોવાને લીધે તેના પર મોટાં ઝાડનો કુદરતી કિલ્લો થઈ ગયો હતો. આ સુંદર પથ્થરની એક ખાંભી મુસાફરો બહાર સડક પર લઈ આવેલ છે અને તેનો ઉપયોગ હજામની સલ્લઈ જેવો કરે છે, અથવા તેના પર ઘાસના જોડા, જેને કાશ્મીરમાં ચપલાં કહે છે તે રાખી વિશ્રાંતિ લે છે.

વટેમાર્ગુનું આ વિશ્રામસ્થાન અને અસલી ખંડેર જોઈ અગાડી ચાલ્યા. ખાઈ વધારે, વધારે ઊંડી થતી ગઈ. દેખાવ વધારે ભયાનક અને શાંત દીસવા લાગ્યા. સૂર્યાસ્ત સમય પાસે આવ્યો છે એમ સૂચવતાં પક્ષીઓ કિલકિલ કરી આમતેમ ઊડવા લાગ્યાં. સૂર્યનાં ઝાંખાં પડતાં લાલ કિરણો વૃક્ષોનાં પાનની ગાઢી ઘટામાંથી સોંસરાં

નીકળી પર્વતોને રંગવા લાગ્યાં. ઉરી ગામનો ડાકબંગલો જ્યાં અમારે રાત રહેવું હતું તે પણ દૃષ્ટિએ પડ્યો. જેલમ નદીના એક વિચિત્ર કાસ્મીરી પુલ પાસે આવી પહોંચ્યા. બન્ને કિનારે મોટાં લાકડાં અથવા ઝાડના થડ સાથે બે જોડાજોડ મજબૂત ચામડાનાં દોરડાં બાંધેલાં હોય છે, તેની ઉપર આશરે દોઢ હાથ બીજાં બે છૂટાં દોરડાં હોય છે, ઠેઠ નીચલાં દોરડાં અને ઉપલાં બન્ને દોરડાંને છૂટાં રાખવા, નીચેનાં અને ઉપલાં દોરડાં વચ્ચે નાના લાકડાના દંડીકા બાંધેલા હોય છે. નીચલાં દોરડાં પર પગ રાખી ઉપલાં દોરડાંને ઝાલી માણસો સામસામા ઘાસની ભારીઓ ઉપાડી અને સ્ત્રીઓ બાળકને તેડી ચપલાં પગમાં પહેરી વગર બીકે પુલ ઓળંગ્યા કરે છે. પુલમાં ઘણો ઝોળ પડી જાય છે અને હીંચક્યા કરે છે. એકે વખતે કેટલા માણસોએ આ પુલ પર ચાલવું તેનો કાંઈ નિયમ નથી તેથી ઘણા માણસો ચાલવાથી કોઈ કોઈ વખતે અતિ બોજો થવાથી આ ઝૂલતો પુલ તૂટી જાય છે.* માણસના પગ પાણીથી માત્ર ત્રણ ચાર હાથ ઊંચા રહે છે. દોરડાના આ ભયંકર પુલ પર ચાલવાની અમારામાંથી કોઈની હિંમત ચાલી નહિ. કાશ્મીરમાં આવા ઘણા પુલ હોય છે. નાનાં નહેરાં પર એક આડું ગોળ મોટું ઝાડનું થડ મૂકી દે છે અને તે વિચિત્ર પુલ પર કાશ્મીરી ટટ્ટુ અને માણસ દહેશત વિના ચાલ્યાં જાય છે. જેલમ નદી એટલા જોરથી વહે છે કે બારામુલ્લાં પછી વચમાં થાંભલાવાળો એકે પુલ બાંધી શકાયો નથી.

એ દોરડાનો પુલ જોઈ જરા અગાડી ચાલ્યા એટલે એક મોટું મેદાન આવ્યું. લીલું ઘાસ તે પર છવાઈ ગયું હતું. ચોપાસ સુંદર લીલા અને સંધ્યા રાગથી ગુલાબી દીસતા પર્વતો છવાઈ ગયા છે.

* નીચે પથ્થરમાં પછડાતી, ઘૂઘવતી, ફૂંફવતી જેલમ નદી પૂરજોસથી ચાલી જાય છે.

આવા મેદાનની વચ્ચે એક સારી સગવડવાળો ડાકબંગલો છે તેમાં અમે રાત રહ્યા.

તા. ૧૨-૧૧-૯૧: સવારમાં ચા પીધા પછી આઠ વાગે ઉરી છોડ્યું. રસોડાના સામાન સાથે કેટલાંક માણસોને, રસ્તામાં બપોરે જમવાનું તૈયાર રાખવા અગાડી મોકલી આપ્યાં હતાં. આ વળતી મુસાફરીમાં અમે હમેશાં આવી ગોઠવણ કરતા, કેમ કે જતી વખત તેમ ન કરવાથી અમને ઘણી જ મુશ્કેલી પડી હતી. સાંજે ગરી પહોંચવું હતું. તે ઉરીથી ચોત્રીસ માઇલ દૂર છે.

આ રસ્તો ઘણો જ વિકટ છે. એક બાજુએ ઊંચા પર્વતો અને બીજી બાજુએ એક હજારથી વધારે ફીટ ઊંડી, જેલમના ઘુઘવાટથી ગાજી રહેલી ખાઈ આવી રહેલી છે. કેટલાએક પર્વતો કાળા સખત પથ્થરના છે, કેટલાએક સ્લેટના છે અને કેટલાએક માટીના છે. આ દરેક પર્વત પર સરખાં જ સુશોભિત વૃક્ષો આવી રહેલાં છે, ઊંચાઇમાં પણ ઘણાખરા સરખા જ. ગિરના જેવા કાળા કાગડાના વિચિત્ર જાતના અવાજ, કોઈ કોઈ કુંજમાં મધ્યાહ્ન સમયે છુપી રહી મધુર ગાયન કરતાં ચંડૂલોના સુસ્વર અને વર્ષાની શાંત રાત્રિનું ભાન કરાવતાં તમરાંના ધ્વનિ દરેક પર્વત પર સંભળાય છે. જેલમ નદીનાં ઊછળતાં ફીણ દરેક ડુંગર પરથી દેખાય છે, સામે ટેકરીઓ પર ચરતાં ઢોર અને પહાડી બકરાં અને ફરતાં જંગલી માણસો દરેક જગ્યાએથી નજરે પડે છે અને નાનાંમોટાં ઝરણ, ખળખળિયાં અને ધોધથી દરેક પહાડ સુશોભિત દીસે છે; પણ ધૂળના પર્વતો તો નિરંતર ભીના જ રહે છે; પાસેથી પસાર થતી દરેક વસ્તુને શીતલ કરી દે છે અને ઝાડની અતિગીચ કુંજગલીઓથી છવાયેલા છે. આ પર્વતો પર અસંખ્ય ગડગડિયા નાનામોટા પથ્થરો ચોંટી રહેલા છે. સખત વરસાદના ઝપાટાથી આ પથ્થરો ધૂળની સાથે નીચે સડક પર અને સડક પરથી નીચે ખાઈમાં ઠેઠ જેલમ સુધી ધસી પડે છે. આના સપાટામાં જે કોઈ પ્રાણી અથવા ચીજ આવી જાય છે

તેનો તત્કાલ નાશ થાય છે અને તે ફરીથી દષ્ટિએ પડતી નથી. આવા અકસ્માતોથી ઘણી વખત ઘણા જીવનું નુકસાન થાય છે. ચોમાસામાં ધરતીકંપ, વાવાઝોડું, વંટોળિયા અથવા ઝપાટાની વખતે જ આવા અકસ્માતો બને છે તેમ નથી; પણ ધૂળ અને નાના ગોળ પથરા હમેશાં ખર્યા જ કરે છે. આમ થવાથી કેટલાક મજૂરો સડક સાફ કરવા દરરોજ કામે લાગેલા જ હોય છે અને રસ્તે ચાલતી ગાડીને દબાઈ, દટાઈ, છુંદાઈ અથવા ઘસડાઈ જવાની નિરંતર ધાસ્તી રહે છે. પથ્થરનું દરેક ચોસલું હમણાં આવી પડશે એમ દેખાય છે. આમાંથી બચવાનો એકકે ઉપાય નથી, કેમ કે આવા પર્વતો ઘણા લાંબા છે અને સડક હમેશાં તેની અડોઅડ જ ચાલી જાય છે. આ જીવને હાનિકર્તા છે પણ આંખને આનંદ આપે છે; મૃત્યુ જેવા ભયંકર છે પણ મનને રીઝવે છે; રોગથી પણ વિશેષ દુઃખ આપનાર થઈ પડે તેવા છે, પણ વિચારોને પ્રફુલ્લ કરે છે; ત્યાંનું રહેઠાણ મૃત્યુનું સહોદર છે પણ મનને તે છોડી જવું ગમતું નથી અને આ દેખાવો માંસાહારી પશુઓ, એકાંત, બરફ અને ઝાડીથી વિકરાળ છે પણ સર્વ રમણીય વસ્તુઓમાં શ્રેષ્ઠ, દૃષ્ટવસ્તુઓમાં સર્વોપરી અને સર્વ આહ્લાદક, સુખકર, શાંત કરનારી અને શીત ચીજોમાં ઉત્તમ છે.

આવા જોખમવાળા આનંદદાયી પ્રદેશોમાં ચાલતી ચાલતી અમારી ગાડી ચિકોટી આવી પહોંચી. આ ગામ પાસે નાની ટેકરી પર ડાકબંગલો છે. તેની બાજુમાં પાસે જ એક ઝરણુ વહ્યા કરે છે. આ ઝરણુની અડોઅડ રસોડાનો તંબુ લગાડેલો હતો. જમવાને થોડી વાર હતી તેથી અમે ડાકબંગલાની અગાશીમાં ખુરસી પર બેઠા અને દૂરબીનથી દરેક ખીણુ, દરેક ખળખળિયો, દરેક ધોધ, દરેક ઝરણુ, દરેક વૃક્ષ અથવા ઝાડ, ઘટાવાળી ટેકરી અને દરેક ડુંગરનું અવલોકન કરવા લાગ્યા.

બારામુલ્લાં જતી વખત આ ડાકબંગલામાં વિચિત્ર રીતે જ

રહ્યા હતા. રસોડાનો સામાન અને બધા એકા પછાડી હતા. અમારી પાસે કાંઈ જમવાનું ન હતું; સવારે જમ્યા વિના ચાલ્યા હતા, ક્ષુધા બરાબર વ્યાપી હતી. ચા, પ્યાલા અને કિટલી સિવાય બીજું કાંઈ પાસે ન મળે; ગામમાં ક્યાંય ઘઉંનો લોટ મળે નહિ; ન મળે દૂધ, ચા પણ કેમ પિવાય? આખરે ગીગાભાઈએ ચા મૂક્યો અને રવા-ભાઈ મામા કાંઈ જમવાનું ગોતવા ગયા. આ ગામડું છોડી એક વાણિયો બીજે જવાનો હતો, તે અડદની ખૂબ ખારી દાળ અને ઘઉંનો રોટલો થાળીમાં પીરસી ખાવાની તૈયારી કરતો હતો, તેટલામાં મામા ત્યાં પહોંચી ગયા. તે રોટલો અને એક છાલિયું દાળ તે વેચાતાં લઈ આવ્યા. 'ખરેખાત, હાથમાંનો કોળિયો મોંમાં મૂકવો એ મનુષ્યના હાથમાં નથી.' તેટલા વખતમાં ડાકબંગલાનો પટાવાળો થોડું દૂધ લઈ આવ્યો. હવે તો જમણ તૈયાર થઈ ગયું. પ્રાણજીવન-ભાઈએ માત્ર ચાનો ઉકાળો દૂધ સાથે પીધો અને અમે ત્રણે સાથે બેસી પેટની પૂજા કરી. જમી રહ્યા કે તુરત જ એકા અને માણસો આવી પહોંચ્યાં. તેઓને પણ બરાબર ભૂખ લાગેલી. ભૂખ અને તરસથી એટલા ધાંધા થઈ ગયા કે પાણી ક્યાંય ગોતી શક્યા નહિ; એક જણો આખા ગામમાંથી ગોતી એક માણસનું પેટ ભરાય તેટલા દાળિયા લઈ આવ્યો. તે બધા ભેગા થઈ ચાવી ગયા પણ દાવાનલમાં પાણીનું એ એક ટીપું શું કરી શકે? અગાડી રસ્તો કેવો છે તેથી અમે સૌ અજાણ્યા, તેથી વધારે પણ કેમ રોકાઈએ? અંધારું થઈ જાય. ડુંગર અને ખાઈ વચ્ચે અંધારામાં શી રીતે ચલાય! આવી રીતે છતે પાણીએ તરસ્યા અને વગર ઇલાજે ભૂખ્યા બધા માણસો ઉરી તરફ ઊપડ્યા. કેટલાકની આંખમાં પિલ્લુડાં આવી ગયાં હતાં. આ કેવું ખોટું! લડાઈના વખત જે માથાપર ગડગડી રહ્યા હતા, માંસ ભાલાની અણી પર રાખી મુડદાંની ચેહ પર શેકી લઈ ચાવી જવું પડતું હતું, અરણ્યમાં પથ્થર પર પણ સુખે સૂવાનું મળતું નહિ, ઘોડા પરથી પલાણ પણ દૂર થતાં નહિ, લોહીમાં તરવારો હમેશાં ભીની રહેતી, શરીર પર જખમ

વિનાના કોઈ માણુસો નજરે પડતાં નહિ, સંકટની સંખ્યા થઈ શકે તેમ ન હતી, એ સમય વીસરી જવાનો નથી. સુખશાંતિથી નપુંસક બની જવાનું નથી. મોજનું વ્યસન સુખ આપનારું નથી. સ્પ્રિંગવાળા પલંગ અને ચાર ઘોડાની ગાડીમાં બેસી ચટપટ કરવી અને તેમાં જ મગ્ન રહેવું, એ સુધારો, સુખ અથવા આનંદ નથી. બૂટ, મોજાં, નાજુક સોટી અને રેશમી રૂમાલ ગજવામાં રાખી, ફાંકડા બની, આંટા મારવા એ જ સંપત્તિ અથવા મજા નથી. સોનાનાં ચશ્માં વગર કારણે ઘાલી, સોનાનાં નાજુક ઘડિયાળ અને અછોડા છાતી પાસે લટકાવી, ટેબલ પર ટાંટિયા ઊંચા ચડાવી, વિસ્કી પેગ ચડાવવો એ સુધારાના સાથીનાં લક્ષણ નથી; ધીરજ અને ધૈર્યથી અગાડી વધવું એ જ સુધારો છે, એ જ સુખ છે, એ જ ધર્મ છે અને એ જ સંપત્તિ છે. 'ધીરજ ધર્મ મિત્ર અરુ નારી, આફત કાલ પરખીએં ચારી.' ખરેખાત આવી સ્થિતિમાં જોકે ધીરજથી શાંત રહેવું જોઈએ તોપણ આ ભૂખ્યા માણસોની એ વખતની સ્થિતિ જોઈ અમને ઘણી જ દયા આવી અને જે કોઈએ આવી સ્થિતિ અનુભવી અથવા જોઈ હશે, તેને તેઓના પર દયા આવ્યા વિના રહેશે જ નહિ.

હવે આ વખતે ડાકબંગલામાં અમે પર્વતો નીહાળતા હતા ત્યારે શું થયું તે લખું. એક જમીનદાર અમને મળવા આવ્યો. તેની સાથે કેટલીક વાતચીત કરી જોતાં માલૂમ પડયું કે, આવા ત્રીશ ત્રીશ ચાગીશ ચાળીશ હજાર રૂપિયાની આવકવાળા કાસ્મીરની રાજ્યસત્તા નીચે ઘણા ખંડિયા જાગીરદારો છે. જાગીરદાર સાથે વાતો કરતા હતા તેટલામાં રસોઇયાએ આવી કહ્યું કે, જમવાનું તૈયાર છે તેથી અમે તંબુમાં જ જમવા ગયા, કેમ કે એ સ્થળ ઘણું સુંદર હતું. તંબુમાં જમી, ખળખળ વહેતા ઝરણ પાસે એક પથ્થર પર જરાવાર બેસી, ગાડીમાં બેસી રસ્તે પડ્યા. જેઅમી રસ્તા પર કેટલાક સાંકડા પુલ ઓળંગી અમે સાંજે ગરી પહોંચી ગયા. એકા અને

માણસો આવી પહોંચ્યાં ન હતાં.

ડાકબંગલામાં ઉતારો કર્યો. વાઇસરોય સાહેબ તે બંગલામાં ઊતર્યા હતા તેથી તેનાં કેટલાંક માણસો અને રાવલપિંડીના કમિશ્નર તે બંગલામાં હોવાને લીધે જોકે બંગલો ઘણો સારો છે; તોપણ અમને માત્ર એક જ કમરો (ઓરડો) મળી શકયો.

કાશ્મીરના મહારાજા થોડી મુદતમાં જમ્મુ જવાના હતા તેથી આ બંગલાના કમ્પાઉંડની બહાર ઘણા તંબુ તૈયાર રાખ્યા હતા. મહારાજા ડાકબંગલા અને હોટેલોને અપવિત્ર માને છે, તેથી તેમાં અથવા તેના ફળિયામાં આવતા નથી, પણ તંબુમાં જ રહે છે.

રાવળપિંડીના કમિશ્નરને અમે મળ્યા અને થોડી વાતચીત કર્યા પછી અમારા ઓરડામાં આવી દેશના કાગળ લખવા બેઠા.

બે-ત્રણ કાગળ લખ્યા તેટલામાં અમારા એક્કા અને માણસો આવી પહોંચ્યા અને મેં 'પડ્યા' એ શબ્દ સાંભળ્યો. કાગળ પડતો મૂકી લેખણ કાને ખોસી તુરત બહાર જઈ એક માણસને 'શું થયું ? કોણ પડ્યું ?' એમ પૂછવા લાગ્યો. તેણે મને જવાબ નહોતો આપ્યો તેટલી વારમાં વશરામ ખવાસે ખોડંગતા ખોડંગતા આવી કહ્યું કે, 'હું પડ્યો.' ડૉકટરે તેને શેક કર્યો, પછી અમને કહ્યું કે, 'નેલીબ્રિજ પર વશરામ ખવાસવાળા એક્કાનો ટટ્ટુ એક વખત પડ્યો, પણ તેણે લાકડું પકડી રાખ્યું અને તેથી બચ્યા. ઘોડાને ઊભો કરી અગાડી ચલાવ્યો પણ તે જ પુલ પર પાછો તે જ ઘોડો પડ્યો. આ વખતે વશરામ ઘોડાના પાછલા પગ પાસે પડ્યા એ ઘણું સારું થયું; એમાંથી એક્કે બાજુએ પડત તો હાડકાંપાંસળાં વિખાઈ જાત. વશરામ પડ્યા કે તરત જ ઘોડો ઊભો થઈ ચાલવા લાગ્યો અને વશરામ ઢસરડાણા. આખરે નીચે નમી પાછળથી નીકળી ગયા, પણ તેના સાથળમાં બહુ વાગ્યું છે.'

ચિકોટી અને ગરીહી વચમાં આ નેલીબ્રિજ છે. માત્ર લાકડાં-નો જ બનાવેલો છે. ડાબા હાથ પરના પર્વતમાંથી જેલમ જેવી જ

એક ધૂધવતી નદી નીચે થઈને ચાલી જાય છે અને જેલમને મળે છે. પુલ ૭ ફીટ પહોળો નહિ હોય. લાંબો આશરે વીશ ફીટ છે. ઊંચો આશરે પંદર ફીટ હશે, પણ જમણી તરફ તો ખાઈ છે અને તેમાં પડી તે નદી જેલમને મળે છે. ઈશ્વરકૃપાથી અમારી ગાડી સહીસલામત આવા પુલો ઊતરી આવી અને વશરામ પણ એક તરફ ન પડતાં વચમાં પડ્યા, નહિ તો બન્ને બાજુ મૃત્યુ ડાચું ફાડી ઊભેલ હતું. વશરામ સહેલાઈથી એક્કા નીચેથી નીકળી શકત, પણ એક્કો પાછળ ઊલળી ન પડે તે માટે એ ધોકા નીચે રાખેલા હોય છે તેથી તેમાં તે ભરાણા અને ઘસડાણા. તેનો પગ ભાંગી ગયો હશે તેમ તેને અને બધાને લાગ્યું. પણ ડૉકટરે તુરત સાથળ તપાસી કહ્યું કે, કાંઈ ઈજા નથી. તોપણ તેને એટલું સખત લાગ્યું હતું કે, જ્યાં સુધી કાસ્મીરની મુસાફરી પૂરી થઈ ત્યાં સુધી તેને શેક કરવો પડ્યો.

આ પ્રમાણે બિચારા વશરામે રાત આખી શેક કરાવ્યા કર્યો અને અમે 'તે બચ્યા એ સારું થયું, ઈશ્વરની એટલી કૃપા' એવી એવી વાતો કરતા સૂઈ રહ્યા.

તા. ૧૩–૧૧–૯૧ : રાત આખી સગડીમાં ધુમાડા વિનાનાં ચિનારનાં લાકડાં સળગ્યા કર્યાં હતાં, તેથી સવારના સાડાચાર વાગે ઊઠી કપડાં પહેરી તાપવા બેસી ગયા.

ચા પીધો કે તુરત ગાડીમાં બેસી રસ્તે પડ્યા. કાસ્મીરના આ સુંદર દેખાવો વિશે હું શું લખું? દરેક જગ્યાએ સરખી જ રમણીયતા દેખાય છે. જેલમ નદી પડખે ધસી આવતી હતી, તેની આસપાસ ભવ્ય દેખાવો જોઈ દૃષ્ટિ કદી તૃપ્ત થતી જ નથી.

આવા પ્રદેશોમાં આમતેમ સડક પર ચાલતાં અમો કોઈ કોઈ ઠેકાણે પ્રતિધ્વનિ સાંભળવા પિસ્તોલના અવાજ કરતા હતા. આ અવાજ દરેક ડુંગરમાં અને ખાઈમાં ગાજી રહેતા. અવાજ સાંભળી કોઈ કોઈ વખતે ઊંડી ખીણમાં દીપડા જેવાં કેટલાંક જાનવર ઘીચ ઝાડીમાંથી બહાર નીકળી આવતાં; દૂરબીનથી અમે તેઓને જોયાં

તોપણ ખાઈ એટલી ઊંડી છે કે, અમે તેની જાત ઓળખી શક્યા નહિ. આમાંનાં કેટલાંક પીળાં અને વાંદરાના આકારનાં હતાં.

બપોરે અમે ડુમેલ આવી પહોંચ્યા. આ જગ્યાએ એક પુલ છે. તેની નીચે જેલમ નદી વહે છે. તેનું પૂર એટલું જોસવાળું છે કે, આ પુલની વચમાં એકે થાંભલો બની શક્યો નથી. આ સસ્પેન્શન બ્રિજની પાસે જ મુસાફરો માટે ત્રણ ચાર ઓરડીઓ છે. આ પુલ અને ઓરડીઓ કાશ્મીરના સ્વર્ગવાસી મહારાજાની નામના માટે ચણાવેલાં છે.

ઓરડીમાં ઊતરવાને બદલે અમે પુલ અને ઓરડીઓને પડખે એક ચણાવેલ ઓટો છે ત્યાં જ બેઠા; કેમ કે આની પાસે એક નાજુક ગુલાબનાં પુષ્પોની વાડી છે; અને નીચે જ જેલમનું સ્વચ્છ અને શીતળ જળ વહેતું દેખાય છે. આ ગુલાબનાં ફૂલ ઘણાં જ ખુશબોદાર અને મોટાં છે.

અમને જોઈને એક સરોદો લઈને ગવૈયો ગાવા આવ્યો. આ શું ગાતો હતો તે અમે પૂરું સમજી શક્યા નહિ, પણ જે ગાયનો અને વાજાં અમે શ્રીનગરમાં સાંભળ્યાં અને જોયાં હતાં તેથી આ જુદી જ તરેહનાં હતાં. કાશ્મીરની આબેહૂબ રીતભાત બારામુલ્લાં છોડ્યા પછી નજરે પડતી નથી. આ ગવૈયો કાઠી લોકોના રાવળ જેવો હતો. તેઓના જેવો જ સૂર કાઢતો હતો અને સરોદો પણ તેવો જ વગાડતો હતો. ખામી માત્ર અવાજની જ હતી. થોડીવારમાં અહીંનો એક માળી કેટલાંક સફરજન અને નાખ લઈ આવ્યો. આ કાશ્મીરમાં જ ઉત્પન્ન થતાં સફરજન જેવાં જ નાખ અને કાસ્મીરી સફરજન ઘણાં સ્વાદિષ્ટ અને દાડમ જેવડાં મોટાં હોય છે. કાશ્મીરી લોકો નાખનું અથાણું પણ કરે છે. જમવાનું તૈયાર થયું તેથી રસોડાના તંબુમાં જઈ જમીને પાછા નદી આગળ આવી બેઠા.

પુલની એક બાજુએ આ ઓરડીઓ, ઓટો અને ફૂલવાડી છે, અને બીજી બાજુએ ટ્રેનનાં સ્લિપર વહેરવાનું કારખાનું છે. આ કામ

એન્જિન અને સાંચાથી થાય છે. આ પાટિયાં કાશ્મીરમાં કામ આવતાં નથી, પણ એકસોથી વધારે માઈલ દૂર મોકલી આપવાનાં છે. મજૂર ગાડાં અથવા ખટારા પર, આ પાટિયાં તેટલે દૂર મોકલાવાતાં નથી, પણ પચાસ–સાઠ પાટિયાં તૈયાર થયાં કે તુરત જ જેલમ નદીમાં ફેંકી દેવામાં આવે છે, તેથી વેહેણુ સાથે તણાતાં ચાલ્યાં જાય છે. નવાઈ જેવું એ જ છે કે, આ પાટિયાં વહેણમાં ઘણી વખત કિનારે ચડી જાય છે, છતાં કોઈ માણસ તેને ઉપાડી જતું નથી, પણ પાછાં નદીમાં ફેંકી દે છે. વળી કદાપિ કેટલાંક લાકડાં ખોવાતાં પણ હશે તોપણ આ જગ્યાએ લાકડાંની એટલી છત છે કે, તે ખોટ કાંઈ નજરમાં લાવવા જેવી નથી.

એક વાગ્યો. આ દીવાલ સાથે અથડાતું પાણી, જેલમ નદીને આ જગ્યાએ એક બીજી નદી મળે છે તેથી થતો મોટો અવાજ, ગુલાબનાં આ સુંદર પુષ્પ, અને આ સસ્પેન્શન બ્રિજ છોડી ચાલવાનો વખત થઈ ગયો. 'મે અને મે'માન કેટલા દિવસ!'

કાશ્મીરની હદમાંથી ગાડી અથવા એક્કા ભાડે કર્યાં હોય તેઓને માટે અહીં કાંઈક દાણ આપવું પડે છે. દાણ લેનારા માગવા આવ્યા પણ અમે ગાડી તેમ જ એક્કા રાવલપિંડીથી ભાડે કરેલા હતા તેથી કાંઈ આપ્યા વિના ચાલી નીકળ્યા. એક્કાવાળાને પણ ચાલવાનું કહી દીધું અને લાલચુ દાણ ઉઘરાવનારને રકઝક કરતા ત્યાં જ રાખ્યા.

અમારી સાથે જેલમનાં પાણી પર સેંકડો પાટિયાં તણાતાં આવતાં હતાં, ચક્કર ખાતાં હતાં, કોઈ ટાપુ પર અટકી પડતાં હતાં, કિનારા પર ઊછળી પડતાં હતાં અને પાછાં રસ્તે ચડતાં હતાં, આ પણ ખરેખાત જેલમના ગૌરવમાં કાંઈક વધારો કરતાં હતાં અને તેની ઝડપની મહત્ત્વની છાપ દિલ પર વધારે સજ્જડ બેસાડતાં હતાં.

દાણ ઉઘરાવનારા માણસોએ અમારા માણસોને કાંઈ હરકત તો નહિ જ કરી હોય ને! એવા વિચાર કરતા કોહાલે આવી પહોંચ્યા. અહીંના ડાકબંગલામાં અમારે રાત રહેવી હતી.

કોહાલા ગામ અર્ધું કાશ્મીરની હદમાં છે અને અર્ધું પંજાબની હદમાં આવેલું છે. વચમાં એક સસ્પેન્શન બ્રિજ આવેલો છે. આ પુલ ઉપર ઊભા રહી નીચે વહી જતું જેલમનું પાણી નિહાળવા જેવું છે.× કાચનો રસ વહી જતો હોય તેવો જ આબેહૂબ આભાસ થાય છે; કેમ કે આટલા ભાગમાં પથ્થર ન હોવાથી પાણી ઊછળતું નથી અને તેથી ફીણ દેખાતાં નથી, પણ નિર્મળ જળ એકસરખું સરખી સપાટીમાં ઝપાટાબંધ ચાલ્યું જાય છે, કાશ્મીર અને પંજાબ-ની હદ વચ્ચે પાટિયાં જાણે છોકરાંને રમવાનાં નાનાં વહાણ હોય અને જાણે ફૂંકથી ચાલ્યાં જતાં હોય અથવા કાચ પરથી લપસી પડતાં હોય તેવાં દેખાય છે. આ પુલ પર એક વખતે એકથી વધારે ગાડી ચલાવવાનો હુકમ નથી અને દરેક ગાડી, એક્કા, ખચ્ચર, પોઢિયા અને ક્રાંચી માટે દાણ તરીકે અમુક રકમ આપવી પડે છે. પુલને બંને છેડે અકેકી કોટડી છે તેમાં સિપાઈઓ દિવસ આખો રહે છે અને ઉપલો ધારો અમલમાં લાવે છે.

આ પુલ ઓળંગ્યો. કાશ્મીર છોડયું, પણ તેનું સૌંદર્ય અને શીતળતા હજી તજ્યાં નહોતાં. તેની શીતળતા અને આંખ આગળથી સૌંદર્ય પણ તજવાનો વખત હવે નજદીક આવી ગયો; પણ હૃદયમાં ચીતરાઈ, જડાઈ અને કોતરાઈ ગયેલી છાપ હૃદયમાંથી કદાપિ યાવત્-ચંદ્રદિવાકરૌ જીવવાનું હોય તોપણ કદી ભૂંસાઈ, ઊખડી અથવા બગડી જવાની નથી!

સડક પર વેપારીઓની નાની દુકાનો, જ્યાં માત્ર લોટ, ઘી, મીઠાઈ, માંસ અને હાડકાં જ દેખાતાં હતાં, તેની પાસે ગાડી ઊભી રહી. અહીંથી એક મોટો કેડી જેવો સડકની માફક જ બાંધેલો રસ્તો

---

× આદિ કવિ વાલ્મિકીના ગંગાષ્ટકમાં ગંગાજીના પાણીનું વર્ણન સરસ કરેલું છે. તેમાંથી ફક્ત બે લીટી નમૂના તરીકે નીચે લખું છું:

एतत्तालतमालसालसरलव्यालोलवल्लीलता ।
च्छन्नं सूर्यकरप्रतापसहितं शंखेंदुकुंदोज्वलम् ॥

ઉપર ડાકબંગલે જાય છે. સામાન મજૂર પાસે ઉપડાવી અમે ડાકબંગલે ગયા. ખાનસામા પાસે બે ઓરડા ઉઘડાવ્યા અને ત્યાં સરસામાન મુકાવ્યો.

ડાકબંગલામાં દસ-બાર કમરા છે અને સળંગ એક લાંબી ઓસરી છે, ફળી મોટું અને સ્વચ્છ છે. ફળીને છેડે લાકડાની રેલિંગ છે અને રેલિંગથી જ શરૂ થતી એક ઊંડી ખાઈ છે, જેમાં જેલમ નદી ઘૂઘવ્યા કરે છે. તે ખાઈ અને નદીની પેલીગમ, બંગલાની પાછળ અને ચોપાસ પર્વતોની હારો આવી રહેલી છે.

આ ઓસરીમાં રાવલપિંડીના કમિશનર લખતા બેઠા હતા. તેણે અમને જોતાંવેંત જ કહ્યું કે, 'દુમેલમાં દાણ ઉઘરાવનાર સિપાઈઓએ મને અને મડમ સાહેબને ઘણી અડચણ કરી છે, તેથી તેઓની એવી વર્તણૂક વિશે હું કાશ્મીરના રેસિડન્ટ પર એક ફરિયાદ લખું છું. તમને તેઓ કાંઈ નડ્યા હતા?' અમે કહ્યું: 'તેઓએ દાણ લેવા માટે તકરાર કરી હતી, પણ અમે તેઓને કાંઈ આપ્યું નથી. અમારો સામાન, એક્કા અને માણસો પાછળ છે, તેઓને જો તેઓએ હેરાન કર્યાં હશે તો અમે પણ રેસિડંટને એક કાગળ લખી ખબર આપશું અને તે કાગળ આપના કાગળ સાથે આપ જ મોકલજો.'

આમ કહી તે જ ઓસરીમાં અમે ટેબલ પર ઘરના કાગળ લખવા બેસી ગયા. થોડાક કાગળ લખ્યા તેટલામાં માણસો આવી પહોંચ્યા અને લૂલા વશરામ ખવાસે કહ્યું, 'ભેસાં દુમેલમાં હેરાન થવાને?' અમે પૂછ્યું, 'શું થયું?' ડૉક્ટરે કહ્યું: 'આપની ગાડી ચાલી ત્યાર પછી અમે તુરત જ એક્કા ચલાવ્યા પણ એક્કા દાણવાળાએ અટકાવ્યા. એકે આવી મને કહ્યું કે, 'દશ રૂપિયા મને આપો તો તેમાંથી પાંચ તમારા અને રીસિટ તમને દશ રૂપિયાની પૂરેપૂરી આપું.' આથી મેં કહ્યું: 'છીઃ એક પાઈ પણ નહિ મળે.' એક્કા પરાણે ચલાવ્યા પણ એક એક્કો જરા પાછળ રહી ગયો તેથી તેના કોચમેનને તેઓએ સખત માર માર્યો, પણ તે તેઓના હાથમાંથી છૂટી

એકદમ એક્કો દોડાવી ચાલ્યો આવ્યો. જો તે હરામખોરોએ આ પ્રમાણે ન કર્યું હોત તો તેઓની તકરારની જ વાત અમે રેસિડંટને લખત નહિ, પણ આ પ્રમાણે થયું તેથી ઉપલી બધી હકીકત અને તેની સાથે કોહાલાના એક હવાલદારે અમને ઘણી સારી સગવડ કરી આપી હતી તે લખી, રાવળપિંડીના કમિશનરને કાશ્મીરના રેસિ-ડંટ તરફ તે કાગળ રવાના કરવા આપી દીધો.

અમે કમિશનર સાથે વાતચીત કરતા હતા અને સંધ્યાથી અતિ રમણીય લાગતું તે અલૌકિક સૌંદર્ય આમતેમ આંખો ફેરવી આનંદ અને આશ્ચર્ય સહિત જોતા હતા, તેટલામાં થાળી પિરસાઈ ગઈ તેથી જમવા ગયા.

સવારે વહેલું ચાલવું હતું તેથી જમીને જલદી બિછાનાનો સંગ કર્યો.

આ વખત તો કોહાલામાં શાંતિથી આ પ્રમાણે સૂઈ રહ્યા, પણ કાશ્મીર જતી વખતે ત્યાં શું થયું તે હવે જરા લખું:

મસુરી(મરીહિલ)થી નામના જ જમીને બપોરે ચાલ્યા હતા. ખરેખાત જ 'નામના જ જમીને,' કેમ કે ઘીથી દરેક વસ્તુ વૈદરાજ ઝંડુભટના સુદર્શન અથવા હાવર્ડ ક્વિનાઈન જેવી કડવી થઈ ગઈ હતી! આ ખાવાથી તાવ આવતો અટકવાનો નથી એમ ધારી કાંઈ મોંમાં પણ નાખ્યું નહોતું. ચા પીધા પછી ચાલવાનું નક્કી કર્યું, પણ તે પણ ઢોળાઈ ગયો અને વધારે દૂધ ન મળે; ઊનું પાણી પીવાની કોઈને ઇચ્છા થઈ નહિ. ઈશ્વરની જ ઇચ્છા આજ અહીં પેટ ભરવા દેવાની નથી તો બીજે ક્યાંય જમી લેશું એમ વિચારી અમે ગાડીમાં બેસી ભૂખ્યા, મરીહિલ છોડયું. કાશ્મીરની મુસાફરીનો આ બીજો જ દિવસ હતો તેથી ત્યાંનાં ગામડાં કેવાં છે, ત્યાં શું શું મળે છે અને શું શું મળતું નથી તેથી અજાણ્યા હતા. ડુંગરનો રસ્તો વિકટ હોવાથી ગાડી પડી જશે એવી ધાસ્તીથી કોઈ વખતે ખુશીથી અને કોઈ વખતે ઘોડા અટક્યાથી મરજી ઉપરાંત પગ ઢસડવા પડતા હતા. પેટમાં તો

[ ૧૮ ]

અગ્નિ બળે, ચક્કર અને અંધારાં આવે, પણ કરવું શું ! આખરે એક ફગવાડી નામનું મોટું શહેર નજરે પડ્યું ! ત્યાં જમવાની વસ્તુ સિવાય બીજું બધું મળતું હતું ! શોધી શોધી થાક્યા ત્યારે ગોળની રેવડી અને મકાઈના ડોડા મળ્યા, પણ 'ભૂખ ન જાણે ઠંડો ભાત,' આ કહેવત પ્રમાણે ઈશ્વરે આપેલાં તે ડોડા અને રેવડી અમને સુદામાના તાંદુલ જેવાં મીઠાં લાગ્યાં અને તે મળ્યાં તેટલાં ખાધાં. પેટમાં ખાડો રહેવાથી આ માટે દૂધ ગોત્યું પણ તે ત્રણ ઝૂંપડાંના શહેરમાં ક્યાંથી ? તેથી પાણી પી ટાઢું પેટ કરી અગાડી ચાલ્યા. ઠીક ! મરીહિલથી જમણની આશાએ મોડા ચાલ્યા, રસ્તામાં ચાલવું પડતું હતું અને ફગવાડીમાં ડોડા ફાક્યા તેથી કોહાલે અંધારી રાતે ઘણા મોડા પહોંચ્યા. જવું ક્યાં ? જમવું ક્યાં ? સૂવું ક્યાં ? ગાડી નીચે ઊતરી, લબાચા ગાડીમાં જ રાખી અમે વેપારીઓને પૂછતા પૂછતા અંધારામાં ઠેસું ખાતા, લાકડીને ટેકે ટેકે, 'ખાનસામા, ખાનસામા,' એમ મોટેથી સાદ કરતા, ડાકબંગલે આવી પહોંચ્યા, અને આરામખુરશી પર પડ્યા. 'મામા, ખાવાનું ગોતો. પેટની પૂજા વિના ઊંઘ આવવાની નથી' એમ મેં કહ્યું, એટલે 'ઠીક બાપુ' કહી તે નીચે ઊતર્યો; થોડા વખતમાં પાછા આવ્યા અને કહ્યું કે, 'એક મોદી ગોત્યો છે તે રાંધે છે.' તે પાછા ગયા અને અરધી કલાક પછી એક થાળીમાં જમવાનું લઈ આવ્યા. થાળીમાં શું હતું ? ઊધરસનાં માબાપ ! ખોરાં ભજિયાં, બીજું કડવી પણ સાકર જેવી રોટલીઓ, આલુ(પટેટા)નું કાચું શાક અને નાખનું ખારું અથાણું ખૂબ ખાધું ! 'શાંતિ :' મામા વળી માંકડનાં લશ્કરો સહિત ત્રણ ખાટલા ઉપાડી લાવ્યા. 'જો ભૂખ ન જાણે ઠંડો ભાત તો ઊંઘ ન જાણે તૂટી (અને માંકડવાળી) ખાટ,' ક્યાંથી જાણે ? ઘસઘસાટ ઊંઘી ગયા.

સવાર થયું, ચાલવાની તૈયારી કરી, એક્કા અને ગાડીમાં સામાન ભર્યો, ચા પીધો, પણ આકાશ વાદળથી છવાઈ ગયું. જેલમનાં પાણીની સપાટી પર, ડુંગર ઉપર અને દરેક ખીણમાં કાળાં ઘટ્ટ વાદળાં આમતેમ

દોડવા લાગ્યાં, અંધારું વધારે ઘાડું થવા લાગ્યું, ડુંગર પર મયૂરો જળધરની ઘરઘર ગર્જના સાંભળી ટેંહુટેંહુ કરવા લાગ્યા, સૂર્ય ક્યાંય આકાશમાં સંતાઈ ગયો. અંધારી કોટડીમાં સગડીથી જ અજવાળું હતું, ઝાડની ઘટા શ્યામ થઈ ગઈ, પર્વતો બમણા રમણીય, શાંત, અને ગંભીર દીસવા લાગ્યા. થોડા જ વખતમાં ટપટપ ટપટપ વરસાદનાં મોટાં મોટાં બિંદુઓ પડવા લાગ્યાં, થોડા જ વખતમાં મેઘવૃષ્ટિ વધારે જોસથી થવા લાગી, થોડા જ વખતમાં વૃક્ષો અને નેવાં વરસવા લાગ્યાં, થોડા જ વખતમાં પશુ, પક્ષીઓ અને માણસો શાંત થઈ જવાથી માત્ર આકાશમાંથી પડતી ધારાનો જ તડતડાટ સંભળાવા લાગ્યો, અને આકાશ, પૃથ્વી અને વાદળ ફાડી નાખે તેવી ગર્જના અને મોટા કડાકા થવા લાગ્યા. પણ વરસાદ વધારે થતો હતો અને વાદળાં પણ વધારે જ ઘટ્ટ જામતાં હતાં. થોડા જ વખતમાં ડુંગર-પરથી ખળખળિયાં ચાલવા લાગ્યાં; અને થોડા જ વખતમાં સૃષ્ટિ જલમય થઈ ગઈ.* પાણીનાં ફોરાં પાણી પર જ પડવાથી તે પાછાં ઊછળતાં હતાં તેથી હજારો ભાલાની અણીઓ જાણે પૃથ્વીમાંથી બહાર નીકળી પાછી તેમાં સમાઈ જતી હોય તેમ દેખાવા લાગ્યું. પાણી આકાશમાંથી પડતું હતું, પહાડ પરથી ઊતરતું હતું, વૃક્ષો પરથી ખરતું હતું, છાપરાં પરથી રડતું હતું, નેવાં પરથી ટપકતું હતું અને પૃથ્વીમાંથી પણ ઊછળતું હતું. આ વરસાદની હેલી હવે સાત આઠ

---

* રાજા શૂદ્રકે પોતાના મૃચ્છકટિકમાં વરસાદની હેલીનું સરસ વર્ણન કરેલું છે, તેમાંથી નીચેના બે શ્લોક સંસ્કૃત જાણનારાઓને માટે સાદર કરું છું:

एता निषिक्तरजतद्रवसंनिकाशा धाराजवेन पतिता जलदोदरेभ्यः ।
विद्युत्प्रदीपशिखया क्षणनष्टदृष्टा छिन्ना इवांबरपटस्य दशाः पतन्ति ॥ १ ॥
महावाताध्मातैर्महिषकुलनीलैर्जलधरैश्चलैर्विद्युत्पक्षैर्जलधिभिरिवान्तः प्रचलितैः ।
इयं गंधोद्दामानवहरितशस्यांकुरवती धराधारापातैर्मणिमयशरैर्भिद्यत इव ॥ २ ॥

N. B. J.

અથવા ત્રણ ચાર દિવસ સુધી અટકવાની નથી એમ ધારી ગાડી અને એક્કા છોડાવી ચાલવાની આશામાં નિરાશ થઈ—પણ આવા સુંદર પ્રદેશમાં આવા સુંદર વરસાદનું અવલોકન કરવાનો વખત મળ્યો તેથી કૃતાર્થ થયેલા માની નિરાંત કરી, રામનું નામ લઈ, ઓસરીમાં આંટા મારવા લાગ્યા. અડધી કલાકમાં આકાશમાંથી પાણી પડતું બંધ થયું તેથી પવનની મંદ લહરીથી જરા જરા હલતાં કુંજોનાં પાંદડાંમાંથી જ પાણી ટપકવા લાગ્યું. જરા વારમાં તે પણ બંધ થયું. જરાવારમાં અજવાળું થવા લાગ્યું અને વાદળ વીખરાવા લાગ્યું. જરાવારમાં ફળી પરનું પાણી રડી ગયું, જરાવારમાં પશ્ચિમ દિશામાં મોટું અનેક ચળકતા રંગવાળું ઇંદ્રધનુષ નજરે પડ્યું, જરાવારમાં તે ઝાંખું થયું, અને સૂર્યનાં લાંબાં કિરણો, ભીની જમીન, ભીના પર્વતો, ભીની વેલી, ભીનાં ઝાડ, ભીનાં છાપરાં અને ભીની ખીણોમાં પ્રસરવા લાગ્યાં, સૃષ્ટિસૌંદર્ય ઓર જ થઈ ગયું. ફળીમાં સૌ ફરવા લાગ્યા, કોઈ સિસોટી વગાડવા લાગ્યું, કોઈ એક જ પર્વતના કોઈ સુંદર ભાગ પર દૃષ્ટિ અચળ રાખી ઊભું થઈ રહ્યું; કોઈ ગાવા લાગ્યું; આ પ્રમાણે સૂર્યના એ ચળકાટથી દરેકના હૃદયમાં અજવાળું થઈ ગયું.

આજ ચાલવાનું બંધ રાખ્યું. સાંજ પડી. પાછાં સવાર જેવાં જ વાદળ છાઈ ગયાં. પાંચ વાગ્યા ત્યારે એટલું* અંધારું થઈ ગયું કે અમે સૌ વાળુ કરી સૂઈ ગયા. અડધી કલાક પછી ડાકબંગલાના એક માણસે આવી બાલુભાઈને કહ્યું, 'સાબ, કોઈ બહાર મત આવ, બાલુ (રીંછ) આયા હૈ.' અમે તો સૂતા જ હતા. રાત લાંબી થઈ પડી, ઊંઘ સવારે વહેલી ઊડી ગઈ, હવે સવારે

* જંગલ અને ડુંગરવાળા પ્રદેશોમાં વાદળાં ને વરસાદ થાય છે તે વખતે અંધારું કેવું દેખાય છે તેનું વર્ણન મૃચ્છકટિકના પ્રથમ અંકમાં 'लिंपतीव तमोंगानि वर्षतीवांजनं नभः' એટલે 'અંધારું જાણે શરીરને લીંપી દેતું હોય નહિ અને આકાશ જાણે કાજળનો વરસાદ વરસાવતું હોય નહિ!'

ઊઠી અમે શ્રીનગર તરફ ચાલ્યા.

તા. ૧૪-૧૧-૯૧ : સવારમાં સૂર્યોદય પહેલાં કોહાલા છોડયું. રાતે જરાક વરસાદ આવી ગયો હતો તેથી તથા ઝાકળથી પૃથ્વી ભીનાશવાળી હતી. શુક્રનો તારો પ્રભાતકાળ સૂચવતો ચળકી રહ્યો હતો, સપ્તઋષિ મંડલ પર્વતોની ખીણોમાં કોઈ વખતે લટકતું નજરે પડતું હતું. કાશ્મીરમાં આ સાતે ઋષિઓ આખી રાત દર્શન દેતા હતા. ઝળઝળિયું થયું, ઝૂંપડામાં અહીંતહીં તબકતા કાશ્મીરી લાકડીઓના દીવા ઓલાવા ને આકાશ પરના તારાની સાથે ઝાંખા પડવા લાગ્યા. કોઈ વખતે એકાદ તારો ખરી પડતો હતો. એક ઊંડી ગુફામાંથી પાણીનો ધોધ પડતો હતો. તેના પર વાદળાં જાણે સ્નાન કરવા આવ્યાં હોય તેમ છવાઈ ગયાં હતાં, પાણીની સાથે ગુફામાંથી બહાર નીકળતાં અથવા રેડાતાં હોય તેમ દીસતાં હતાં, પાંખોવાળા હાથીઓ જેવાં ભાસતાં હતાં અને મંદગતિથી આમતેમ ફરતાં હતાં. એક અતિ ઊંડી ખીણની વચમાં એક મગરના જેવું મોટું વાદળું લટકતું હતું, લાંબું થતું જતું હતું, થોડા વખતમાં મોટા અજગર જેવું ભાસવા લાગ્યું અને થોડા વખતમાં ટેકરી આડી આવી જવાથી દૃષ્ટિ બહાર થઈ ગયું, નાનાંમોટાં વાદળાં દેવનાં વિમાનો જેવાં ચોતરફ આમતેમ દોડતાં હતાં, રાક્ષસોની માફક કદ અને આકાર બદલતાં હતાં, પ્રભાતના સંધ્યારાગને શોભાવતાં હતાં અને શોભતાં હતાં. હરિણ અને તેનાં બચ્ચાં જંગલમાં ફરવા લાગ્યાં હતાં અને ગાડીથી ચમકી, ચપળ, બીકણ, વિશાળ નેત્રોથી આમતેમ જોઈ કૂદી કૂદી ભાગી જતાં હતાં; પક્ષીઓ માળામાંથી બહાર નીસરી સૂર્યને આમંત્રણ આપતાં હતાં અને કેટલાંક આકાશમાં ભ્રમણ કરતાં હતાં. માણસો હજી ઊઠ્યાં નહોતાં, પણ અમારા જેવા વટેમાર્ગુ, પોતાના સ્નેહીઓની વાતો કરતા, નિસાસા મેલતા, બગાસા ખાતા, વિચિત્ર રીતે કાંઈક ગણગણતા, ઊંટનાં અને પોઠિયાનાં ટોળાં સાથે ચાલ્યા જતા દેખાતા હતા. ખરેખાત, ‘ જેની

આંખમાં કમળો હોય તે સર્વ પીળું ભાળે.' અમે અમારા મિત્રોને મળવાને આતુર છીએ તેથી આ વટેમાર્ગુ પણ તેવા જ લાગે તેમાં કાંઈ નવાઈ નથી. કોઈ વખતે ચડાણ ઘણું હોવાથી ઘોડા અટકતા હતા. આમ અમે ચાલ્યા જતા હતા તેમ તેમ અજવાળું વધતું જતું હતું. અમારી ગાડી સૂર્યનાં દર્શન કરવા ઊંચી ચડતી હતી, પૂર્વ દિશામાં લાલ કિરણો દેખાયાં, તારા આકાશમાં ક્યાંઈ ઊડી જવા લાગ્યા, થોડા વખતમાં અમારી નીચે દૂર પૂર્વ દિશામાં સૂર્ય દેવતા દૃષ્ટિએ પડવા લાગ્યા, થોડા વખતમાં ઝાકળ વીખરાઈ ગઈ, થોડા વખતમાં વાદળાં ઊડી ગયાં, થોડા વખતમાં લાલ તડકો દરેક વસ્તુને રંગવા લાગી ગયો, થોડા વખતમાં કિરણો પીળાં થયાં, થોડા વખતમાં દરેક વસ્તુ સફેદ થઈ ગઈ અને સ્પષ્ટ દૃષ્ટિએ પડવા લાગી, તેથી જાણે અનેક વસ્તુઓ સૂર્યોદય સાથે જ ઉત્પન્ન ગઈ હોય તેમ ભાસવા લાગ્યું; ઝાડ છૂટાં પડી ગયાં હોય તેમ દીસવા લાગ્યું. થોડા વખતમાં ટાઢ ઓછી થઈ અને સૂર્ય ગરમ થવા લાગ્યો. થોડા વખતમાં રૂંછાંવાળા કોટ ઉતાર્યા અને અમે જરા પાળા ચાલવા લાગ્યા. દાતણ કરવાનો સમય થઈ ગયો પણ કોઈ અજાણ્યા ઝાડનું દાતણ કરતાં વખતે હરકત થાય તેથી કોઈ ડાંખળી તોડતું નહીં; આખરે દાડમી નજરે પડી તેથી તેનું દાતણ કરી અગાડી ચાલ્યા.

અર્ધચંદ્રાકાર અને ચક્કર જેવા આકારમાં આવી રહેલા પર્વતોમાં ઊંચી ચડતી સડક પર ગાડી ધીમે ધીમે ચાલી જતી હતી. આ પ્રદેશમાં ઝાડ અને સૌથી વધારે સરોની ઘટા ઘણી સુંદર છે. કેટલાંક વન બળી ગયેલાં દીસતાં હતાં, તેનાં ઝાડ ભૂખરાં અને પાંદડાં વિનાનાં હતાં. આવાં કેટલાંક ઠૂંઠાં પડી ગયેલાં હતાં અને કેટલાંક ઊભાં અને આડાં ઊભેલાં હતાં, જાણે કેમ ભગવાં વસ્ત્રવાળા જોગી આસન કરી સમાધિસ્થ રહ્યા હોય! કેટલેક સ્થાને ઘણી જ લીલી વૃક્ષઘટામાં પાણીના ધોધ પડતા હતા. ડાબી બાજુ જેલમ નદી દૂર જતી અને નાની થતી દેખાતી હતી; કેમ કે અમે ઘણા જ

ઊંચા ચડતા હતા.

(કાશ્મીર જતી વખતે જ્યારે એવા ઊંચા પર્વત પરથી એવી ઊંડી ખાઈમાં ચાલી જતી તે જેલમને પ્રથમ જોઈ હતી ત્યારે આ જેલમ છે એમ કોઈએ ધાર્યું નહોતું.)

જેલમમાતાએ સંઘાત છોડ્યો. અરે! તેણે એક માની માફક શ્રીનગરમાં અને શ્રીનગરથી કોહાલા સુધી અમારી સંભાળ લીધી. તેના ખોળામાં અમને રમાડ્યા, તેના પયથી અમારું પોષણ કીધું, હાલરડાં ગાઈ અમને આનંદ આપ્યો. ઘૂઘરો વગાડી રીઝવ્યા, નવી નવી વસ્તુઓ દૃષ્ટિ આગળ ધરી તૃપ્ત કીધા, આખરે સીતાની માફક પૃથ્વીમાં સમાઈ ગઈ, તેના પ્રથમના ઇરાદા પ્રમાણે બલિરાજા પાસે ચાલી ગઈ, વજ્ર જેવા, આ સ્વર્ગના પાષાણોને ફાડી લોપ થઈ ગઈ, પર્વતોને આડા ધરી સંતાઈ ગઈ, કોણ જાણે ક્યાંય દૃષ્ટિમર્યાદા બહાર દોડી ગઈ; હવે તેનાં ફરી દર્શન ક્યારે થશે! તેના વિના ઘાટ, સુંદર, રમણીય, વિશાળ અને નવપલ્લવ વૃક્ષો અને વેલી પણ શૂન્ય દીસવા લાગ્યાં, તેના વિના મોટી મોટી ખીણો સૂની ભાસવા લાગી, તેના વિના મહાન પર્વતો અને બરફથી ઢંકાયેલાં શિખરો પણ અલંકારવિહીન દેખાવા લાગ્યાં. જેલમ માતા ગઈ તે ગઈ જ!

કોહાલેથી દશેક માઈલ દૂર નીકળી આવ્યા. ચડાણ અતિશય સખત છે. માણસને ચાલતાં પણ શ્વાસ ચડી જાય અને ઊભા થઈ રહેવું પડે તેવું છે, તો ધન્ય છે આ છ માણસોને ઝપાટાબંધ ખેંચી જતા ઘોડાને! કોચમેનને કુમચી ભાગ્યે જ મારવી પડતી હશે, પણ તે વારંવાર 'બાદરા' અને 'અલારખા' એ શબ્દો બોલી તેના નિમકહલાલ, મજબૂત અને તેજી ઘોડાને શાબાશી અને આશીર્વાદ આપતો હતો.

ડોડા-રેવડીવાળું ફગવાડી આવ્યું. આ વખતે ત્યાં માણસો અગાડીથી ગયાં હતાં અને રસોઈ તૈયાર હતી તેથી એક ઝાડની એકલ છાયા નીચે કોઈનાં ખાટલા પર બેસી જમી લીધું. શ્રીનગરથી

લીધેલાં થઈ રહેવા આવેલાં પાન ચાખ્યાં અને કૂચ કરવાની પાછી તૈયારી કરી ચાલ્યા.

શી ઝાડની સુંદર ઘટા! કેવી ઠંડી પવનની લહર! કેવા રમણીય દેખાવ! ફગવાડી અને મસુરીની વચમાં ચાર ભોંયરાં (ટનેલ્સ) છે, તેની નીચે થઈને ઘોડાગાડીને અને દરેક વટેમાર્ગુને ચાલવું પડે છે. આમાંનું એક ઘણું મોટું છે. ભોંયરામાં ઉપરથી અને બંને બાજુએ પાણી વહ્યા કરે છે. નીચે ચાલતી વખતે કોઈ કોઈ ટીપાં ઉપર પડે છે તેથી આ નાની જુદી જ સૃષ્ટિમાં હમેશ વર્ષાઋતુ વસતી હોય તેવું ભાસે છે. ઉપર ભારે પથ્થર ટટળી રહેલા છે, તેથી કોઈ વખતે પડશે અને તેથી કોઈના જીવની હાનિ થશે એવી ધાસ્તી રહે છે. આ ભોંયરાંને પાડી નાખવાં અથવા અંદરથી ચણાવી લેવડાવવાં જોઈએ, નહિ તો તે કોઈ નહિ ને કોઈ દિવસ અસલી કાળકાની માફક કોઈ નિરપરાધી મનુષ્ય–પ્રાણીનો ભોગ લેશે.

મરી હિલ પર રહેતા સોલ્જરોની બંદૂકોના બાર સંભળાવા લાગ્યા તેથી જાણ્યું કે હવે અમે મસુરી પહોંચી ગયા છીએ. આ ડુંગરની ઉપલી સપાટી જ્યાં શહેર છે તે સમુદ્રની સપાટીથી સાત હજાર ફીટ ઊંચી છે તેથી હવા ઘણી ઠંડી રહે છે. આટલા ભાગમાં પાઈન અને સરોનાં વૃક્ષોની ઘણી જ સુંદર ઘટા છે, આવાં ઊંચાં વૃક્ષો અમે ક્યાંય જોયાં નથી. પાઈનના કેટલાક સોટા એકસો ફીટ અથવા તેથી પણ વધારે ઊંચા હશે. ખરેખાત સ્વર્ગનાં જ વૃક્ષો! આ સ્વર્ગના વાવટાની છાયામાં આવ્યા કે શીતળતા ઘણી જ વધી ગઈ. ઠંડી વધી, ગરમ કપડાં પહેર્યાં.

સાંજના ત્રણ વાગે મસુરીના ડાકબંગલા પાસે જ્યાં ગાડીઓ અને એક્કા ઊભા રહે છે ત્યાં પહોંચી ગયા. આ જગ્યાને સનિબેંક કહે છે. ગાડી પરથી ઊતરી, ઘોડા પર હાથ ફેરવી, શાબાશી આપી, આળસ મરડી ટેકરીના એક ખૂણા પર ડાકબંગલો છે તેમાં ઉતારો કર્યો.

અમે કાગળ લખવા બેઠા અને ડાકબંગલાના એક માણસને

ડાંડી લેવા મોકલ્યો. ડાંડી એ એક જાતની 'ડોળી' છે, તેમાં એક માણુસ બેસે છે અને ચાર માણુસ તેને ઉપાડે છે. બેસવાને માટે ખુરશી ગોઠવેલી હોય છે. તેનો આકાર નાની હોડી જેવો હોય છે.

ડાંડીઓ આવી, પાછળ રહેલા એક્કામાંના કેટલાક આવી પહોંચ્યા, કાગળ બંધ કર્યો, ફરવા જવાની તૈયારી કરી.

એકેકી ડાંડીમાં એકેક જણુ બેસી ગયા કે તુરત જ ઉપાડ્યા. 'રામ બોલો ભાઈ રામ.' આ ડાંડી ઊંચકનારા મિયાનાવાળાની માફક બૂમો પાડતા ચાલતા નથી. લંગોટી સિવાય બીજાં કપડાં ભાગ્યે જ શરીર પર હોય છે, છતાં નેણુ સુધી વાળનાં પટિયાં પાડેલાં હોય છે. સૌંદર્ય, જે પોતાને થોડું જ ઉપયોગી છે, તેને મેળવવા માણુસ કેટલાં મથે છે! આ પટિયાં પાડવાને બદલે જો આ માણુસો દરરોજ નહાતાં હોય તો કેટલું સારું!

ડાંડીવાળા ઊંચી ચડતી સડક પર ચાલ્યા જતા હતા. ઉપર બેઠેલા માણુસે આમ તેમ હલવું જોઈએ નહિ, નહિ તો તેને નીચે પડવું પડે, તેવી ડાંડીની ગોઠવણુ છે. અમે જહાંગીરની દુકાને ગયા, ત્યાં કેટલોક સામાન જોયા પછી એક તસવીર પાડનારને ત્યાં ગયા, કેમ કે અમારે કાશ્મીરી સ્થિતિની એક તસવીર પડાવવી હતી. તે દુકાનેથી ઝાડીમાં ફરતા ફરતા અમે પાછા ડાકબંગલે આવ્યા.

સાંજ પડી ગઈ, પર્વતો ચોતરફ લાલાશવાળા થઈ ગયા, બરફના પહાડ ગુલાબી દીસવા લાગ્યા, વાળુ કર્યું. અમારો એક માણુસ અને એક્કો પાછળ રહી ગયા, તેનું શું થયું? રાત થઈ ગઈ તોપણુ તે આવ્યા નહિ, સવારે ચાલવું જોઈએ, તેના વિના તસવીર ન પડાવાય; કેમ કે તે પણુ કાશ્મીરમાં સાથે હતો.

તે માણુસનું શું થયું તે હજી કોઈ જાણુતું નહોતું. અમે તો સૂઈ ગયા. તેને ગોતવા માણુસ મોકલત, પણુ રાતે અંધારામાં આવા જંગલમાં અને પર્વતોમાં તેને ગોતવા કોઈને મોકલતાં 'લેને ગઈ પૂત ઔર ખો બેઠી ખંસમ' જેવું થવાની ધાસ્તી રહેતી હતી. સગડી

બજ્યા કરતી હતી, કમાડ બધાં બંધ હતાં અને શાલ ધડકી, અને ધૂંસા, દરેકે સારી રીતે ઓઢ્યાં હતાં, તોપણ પડખું ફેરવવાનું મન થતું નહોતું.

શ્રીનગર જતી વખતે આ મરિ હિલ પર શું થયું હતું તે લખું: અમે ત્રણ વાગે મસુરી પહોંચ્યા ન હતા. સનિબેંક પાસેના ડાક-બંગલામાં ઉતારો નહોતો. હવા પણ આ વખતના જેવી સૂકી ન હતી. દિવસ પણ આવો ચોખ્ખો ન હતો. દરેક જોઈતી વસ્તુ આ વખતની માફક હાજર ન હતી. રાતના સાત વાગે સનિબેંક પાસે ગાડી પહોંચી. રાવલપિંડીના એક વહોરા શેઠ મામુજીએ માઉન્ટ-પ્લેઝંટ પર પોતાની કોઠીમાં અમારે માટે ઉતારાનો બંદોબસ્ત કરાવ્યો હતો. ડાકબંગલાથી તો અમે અજાણ્યા હતા અને સનિબેંકમાં એ સિવાય બીજી રહેવાની સોઈ નથી તેથી માઉંટપ્લેઝંટ પર ગયા વિના છૂટકો ન મળે. સનિબેંકથી માઉંટપ્લેઝંટ કઈ દિશામાં આવ્યો? કેટલે દૂર છે? કયો રસ્તો? તે અમે જાણુતા ન હતા. મજૂર અથવા ગાડું આસપાસ ક્યાંય ન મળે. ગાડીને ઉપર જવા હુકમ નથી અને હોય તોપણ ઘોડા થાકીને લોથ થઈ ગયા હતા; કેમ કે રાવલપિંડી અને મસુરી વચમાં એ જોડ બદલવાની હતી, પણ નવી જોડમાંથી એકે ઘોડો એક ડગલું પણ અગાડી ચાલ્યો નહિ. તેથી આ ઘોડાને જ એ ચાળીશ માઈલનો ટપ્પો ભરવો પડ્યો હતો. ખરેખાત, ધન્ય છે એ ઘોડાને. તેને તો વિસામો આપવો જ જોઈએ. કોચમેનને કહી દીધું કે, 'અમારી ફિકર નહિ, ઘોડા છોડી નાખો.' ટાઢ સખત પડતી હતી. વાદળાં પર્વત આસપાસ અને ઉપર છવાઈ ગયાં હતાં. ધુમ્મસ પણ આવી પહોંચ્યું હતું. કોઈ કોઈ તારો ઝાંખો ચળકતો નજરે પડતો હતો. પર્વત અને ઝાડ એકરૂપ થઈ ગયાં હોય તેમ ભાસતું હતું. આગલે દિવસે સખત વરસાદ પડ્યો હતો અને આજ પણ પડશે એમ લાગતું હતું. દેડકાં ચોતરફ ડ્રૌં ડ્રૌં કરતાં હતાં. તમરાંનો છીનકાર જામી ગયો હતો. અમે રાવલપિંડી છોડયું ત્યાર

પહેલાંની રાતે અગાડી મસુરી મોકલેલ અમારા માણસે અમને આ પ્રમાણે તાર કર્યો હતો: 'Heavily rained all night clouds still hanging on.' આની અમે દરકાર રાખી ન હતી, પણ આજ હેરાન થશું એવી હવે ખાતરી થઈ. ગાડી પરથી સામાન ઉતાર્યો અને હવે શું કરવું તેનો વિચાર કરતા હતા, તેટલામાં અમારો એક માણસ નજરે પડ્યો. તેની સાથે એક મજૂર પણ હતો. આ માણસ અમારી રાહ જોતો સનિબેંક પર બેઠો હતો, પણ તેની પાસે ફાનસ ન હોવાથી તે અમને અને અમે તેને અંધારામાં ઓળખી અથવા જોઈ શક્યા ન હતા. તે અમારો અવાજ સાંભળી અમારી પાસે આવ્યો હતો. ઠીક થયું! હવે રસ્તો તો જડ્યો. મજૂર પાસે સામાન ઉપડાવ્યો. અગાડી મજૂર અને અમારો માણસ અને પછાડી અમે એમ ચાલવા લાગ્યા. આંખો ઉઘાડી રાખી હતી, પણ તેથી થોડો જ ફાયદો હતો. અમારાં સારાં ભાગ્યે એટલું ઠીક હતું કે ભૂતથી અથવા ડાકણથી ભડકે તેવું અમારામાં કોઈ નહોતું! સનિબેંકથી અમારો ઉતારો ત્રણ ચાર માઈલ દૂર હશે, પણ અમને તો તેટલા ગાઉ થઈ પડ્યા હતા! કેમ કે મરી હિલ આવતાં રસ્તામાં જ્યારે જ્યારે ઘોડા અટકતા ત્યારે ચાલવું અને પઈ લેવાં પડતાં હતાં. ગાડીનો રસ્તો પણ સખત ચડાવવાળો હતો અને આ સડક જેના પર અમે ચાલતા હતા તે પણ તેવી જ હતી. થોડા દૂર ચાલ્યા ત્યારે એક સાંકડી કેડી આવી. ઓછામાં પૂરું આના પર ચાલવું પડ્યું. એક તરફ પર્વત, ઝાડ અને ગટર અને બીજી બાજુએ ઝાડી અને ઊંડી ખાઈ! અંધારામાં પર્વત અને ખાઈ સરખાં જ નજરે પડતાં હતાં, તોપણ ડાબી બાજુએ આવેલા ડુંગર તરફ અમે ચાલતા હતા. ગટરમાં અથવા ખાડામાં પગ પડવાથી અથવા ઠોકર લાગવાથી અમે વારંવાર બોં ભરતા હતા! પણ પાછા કપડાં ખંખેરી ઊભા થઈ ચાલવા લાગતા હતા. 'આ એક પડ્યો, આ બીજો, આ ફલાણો, આણે હમણાં કૂદકો માર્યો.' એમ ધુબાકા ગણતા જતા હતા. પગ

દુખવા આવ્યા, પણ ટાઢ ઊડી ગઈ. દીવા નજરે પડ્યા, સોલ્જરોનાં ટોળાં સામે મળતાં હતાં તેમાં ઘણી વખત કોઈ ભટકાઈ જતું હતું. આખરે મામુજીશેઠની કોઠી આવી. પથરા અને પાંદડાંમાં થઈને ઉપર ચડ્યા, પણ બીજો એક માણસ બત્તી લઈ આવ્યો તેથી કોઈ અહીં પડ્યું નહિ. હતા તેટલા જ અને તેવા જ ઉતારે પહોંચી ગયા; ઇશ્વરની કૃપા, આરામખુરશી પર પડ્યા અને ઊનો ચા ખૂબ પીધો. વરસાદ નહોતો પડતો પણ ધુમ્મસ અને ઝાકળથી નેવાં ચૂતાં હતાં. નીચલી ભોં ભીની થઈ ગઈ હતી. કમાડ ઉઘાડવા કોઈની હિંમત ચાલતી નહોતી. રાતના દશ થઈ ગયા. ઊંઘ આવવા લાગી, પણ 'ઓઢવા ઓસરી અને પાથરવા પડથાર જ હતાં.' માણસો, એક્કા અને સામાન હજી આવ્યાં નહોતાં. આખરે કોઈ મોજાં વગેરે પાથરી મોટા કોટ ઓઢી સગડી પાસે પડ્યા, પણ થોડા વખતમાં માણસો આવી ગયાં. તેઓએ બિછાનાં તૈયાર કર્યાં અને અમે સૂઈ રહ્યા. ત્યાર પછી બે ધડકી અને બે બંડુસ અમે હમેશાં સાથે જ રાખતા. સવારે ઊઠી કેવી રસોઈ જમીને ચાલ્યા હતા તે અગાડી લખાઈ ગયું છે. હવે ડાકબંગલામાં અમે સુખે સૂઈ રહ્યા હતા ત્યાર પછી બીજે દિવસે શું થયું તે લખું :

તા. ૧૫–૧૧–૯૧ : સવાર થયું, દરેક વસ્તુ ભીની થઈ ગઈ હતી સૂર્યનાં કિરણો પડવાથી નવપલ્લવ ભીનાં વૃક્ષોની રમણીયતા વધારે રમણીય દીસતી હતી. પર્વતની ઝાડની ઘટાવાળી ખીણો સુંદર છતાં વધારે સુંદર દેખાતી હતી. પર્વત પરના બરફનો ચળકાટ મનોહર છતાં વધારે મનરંજક ભાસતો હતો. પાણીના ધોધની ખૂબી એવડાતી હતી. આકાશ અને વાદળના રંગનું સૌંદર્ય મન પર દ્વિગુણ અસર કરતું હતું. પક્ષીઓના અવાજ આ કુદરતને ભૂષિત કરતા હતા. તેઓના નવીન રંગ પુષ્પના નાના પ્રકારના રંગ સાથે બરાબરી કરતા હતા. મંદ પવન સાથે જરા જરા ખુશબો આવતી હતી. ટાઢ છતાં બહાર ફરવાનું મન થતું હતુ.

રાત વીતી ગઈ, પણ પાછળ રહેલો માણસ હજી આવ્યો નહિ ! ચા પી લીધો અને ડાંડીમાં બેસી તસવીર પાડનારને બંગલે ગયા. તસવીર પડાવશું નહિ એમ કહી કાશ્મીરના કેટલાક સુંદર દેખાવોની તસવીરો લઈ પાછા ઉતારે આવ્યા. ઈશ્વરની મોટી કૃપા ! પાછળ રહેલો માણસ આવી પહોંચ્યો પણ તેના કપાળમાં એક મોટું તાજું પડેલું ચાઠું હતું ! આ શું ? તે બિચારે કહ્યું કે, 'મરિ આવતાં હું તો મરી જાત. મારા એક્કાનો પુલ તૂટી ગયો. હું ખાઈમાં પડત, પણ જરા જમણી તરફ પડ્યો. મારા અને કોચમેનના માથામાં વાગ્યું છે. મારાં હાડકેહાડકાં કળે છે, એક્કો સમો કરાવી તુરત હું ચાલી નીકળ્યો અને હમણાં જ અહીં આવી પહોંચ્યો છું. એક્કાવાળાએ અથવા મેં કાંઈ ખાધું નથી.' 'ઠીક ભાઈ, સારું થયું તું બચ્યો. તમે બન્ને ખાઈને રાવલપિંડી જજો. સંભાળીને ચાલજો, ઉતાવળ કરવાની કશી જરૂર નથી. રસ્તો ઘણો ખરાબ છે.' એમ તેઓને કહી ગાડીમાં બેસી રાવલપિંડી તરફ અમે રવાના થયા.

હવે ઉતરાણ ઘણું હતું. ગાડીને બ્રેક નહોતી તેથી પાછલે પૈડે એક લાંબો લાકડાનો ઘોડો બાંધ્યો હતો, પઈ સાથે આ ઘસાતો હતો, તેથી ચડુડુડુ અવાજ થતો જતો હતો. સડક આમતેમ વળતી ત્યારે ગાડી પડી જવાની ધાસ્તી રહેતી હતી. અહો ! સાત હજાર ફીટની ઊંડી ખાઈમાં પડવું ! પછી જીવવાની આશા રાખવી એ જ મૂર્ખાઈ. 'આસ્તે આસ્તે ચલાવો, સંભાળો, યુ મેન, આસ્તે, આસ્તે.' એમ બૂમો પાડી અમારા કોચમેનસાહેબને અમે શિખામણ આપતા જતા હતા અને કાળજું તો ફડફડી જતું હતું, પણ બિચારો કોચમેન કરે શું ? તે તો તેનાથી ખેંચાય તેટલી લગામ ખેંચતો હતો. ખાસદારને પાછલી લાકડીની વિચિત્ર બ્રેક પર ઊભો રાખ્યો હતો, જેથી પઈ વધારે ઘસાય, તોપણ ઉતરાણ એટલું હતું કે ગાડી રડી જતી હતી. ઘણી વખત અમે ઊતરી જતા હતા અને ગાડી ધીમી પડે ત્યારે દોડીને ચડી જતા હતા. એક વખત એક સાંકડું વળવાનું

આવ્યું. ગાડી જોસમાં રડી જતી હતી. 'ગાડી હમણાં ખાઈમાં ચાલી, હવે રામ રામ, કૂદકો મારીએ તોપણ તે જ ખાઈ આડી આવે છે, દુનિયાને પ્રણામ' એમ વિચાર કરતા હતા તેટલામાં કોચમેને એકદમ ડાબી લગામ ખેંચી અને ગાડી રોકવા કોશિશ કરી, પણ તેનાં બે પઈ ગટરમાં પડી ગયાં અને પર્વતમાં ગાડી અટકી ગઈ! જો જમણી તરફ અથવા સીધી જરા વધારે ચાલત તો પછી કોઈ પાછું કાઠિયાવાડ જાત નહીં. 'પરમાત્મા પલમાં ચાહે સો કરે.'

અસ્તુ. ટેંટ નામનું ગામ આવ્યું. ઉતરાણનો ઘણો ભાગ ઊતરી ગયા, ઘોડાને વિસામો આપ્યો.

મરી હિલ જતી વખતે અહીં ઘોડા બદલાવવા હતા, પણ ઉપર લખ્યા પ્રમાણે તેમ બની શક્યું નહોતું. ઘોડા બદલાવતાં અને તે જોડ અટકી તેથી પાછી અગાડીની જ ઘોડાની જોડ જોડતાં જેટલો વખત ગયો તેટલો વખત અમે જરા અગાડી ચાલી છવીશ માઈલના પાટિયા નીચે એક પથરા પર થોડો વખત બેઠા હતા, અને ત્યાં દુનિયાની વાતો કરી આનંદ મેળવ્યો હતો. ગીગાભાઈ, બાલુભાઈ, અને હું એ ત્રણ જ જણા હતા. બીજા બધા પાછળ ગાડી પાસે હતા. આ જગ્યા ખરેખાત, કોઈ મનસ્વી અથવા તપસ્વીને યોગ્ય છે. ઉપર હાથી હાથી જેવડા મોટા પથરા છે, તેમાં ઘાડ ઘૂઘવતું અંધારું, લીલું, શીતળ, સુગંધી, રમણીય, ભવ્ય અને મોટું જંગલ છે. છાયા ઘણી જ મનોહર છે, દેખાવ ઘણો જ સુશોભિત છે, ખીણ ઘણી જ ઊંડી છે. પર્વતો ઘણા જ ઊંચા છે. આ જગ્યા પર કોણ જાણે મને સ્વાભાવિક જ નિષ્કારણ પ્રેમ ઉત્પન્ન થાય છે અને તેથી વર્ણન લખવું એ અસંભવિત છે; કેમ કે તેને વિષે હું જે કાંઈ લખીશ તે મને ઓછું જ લાગશે. તેને હું કૈલાસથી પણ વધારે સુખકર અને સ્વર્ગથી પણ વધારે સુંદર માનું છું.

અમારા વિશ્રામસ્થાનને પ્રેમ સાથે પ્રણામ કરી ટેંટ છોડ્યું. તે છોડ્યું ત્યારે એક મિત્રથી જુદા પડતાં જેટલું દુઃખ થાય તેટલું

થયું હતું અને આ લખતાં પણ તે જ વખત જેવું નિષ્કારણ દુ:ખ થાય છે. ઈશ્વર તેનાં એક વખત ફરી દર્શન આપો. તથાસ્તુ.

કાસ્મીરના છેલ્લા રમણીય દેખાવો જોતા જોતા આતુર મને અમે છત્તર આવી પહોંચ્યા. ત્યાં કાસ્મીરની ઠંડી નથી, ત્યાં ડુંગર નથી, ત્યાં બરફ નથી, ત્યાં ઝાડી નથી, ત્યાં કુંજો નથી, ત્યાં ઝરણ નથી, ત્યાં ખળખળિયાં નથી, ત્યાં નાળાં નથી, ત્યાં ખીણો નથી. નથી તે ખૂબસૂરતી, નથી તે રમણીયતા, નથી તે ભવ્યતા, નથી ત્યાં મનોહર વેલી, કુદરતી બગીચા, લીલી જમીન, કાળાં અને નવરંગી વાદળાં. તે તો હવે ગયાં, હવે તે સ્વર્ગ છોડયું, હવે તે સુખ ખોયું, હવે તે આનંદ ગયો, તે ખૂબી સ્વપ્નામાં જ જોવાની. તે પક્ષીઓનાં તે મધુર ગીત તો હવે નિદ્રામાં જ કાને પડશે. જેલમ નદીની તે ગર્જના હવે સ્વપ્નામાં જ સંભળાશે. સ્વપ્નામાં જ હવે સરોની ઝૂલવતી ઘટા દેખાશે અને સંભળાશે. સ્વપ્નામાં જ હવે તે ડાલલેક, તે તખ્તે સુલેમાન, તે વુલરલેક, તે નદીનાળાં, તે ફળફૂલ અને તે વનસ્પતિ દર્શન દેશે! રોઉં તોપણ શું?

છત્તરમાં એક સુંદર બગીચો છે. તે કાસ્મીરી સૌંદર્યની શેષ છે. કાસ્મીરી રમણીયતાની છાયા છે. કાસ્મીરી દેખાવનું એક બગડેલું ચિત્ર છે. શીત કટિબંધમાંથી ઊચકીને અમને જાણે ઉષ્ણકટિબંધમાં નાખ્યા હોય તેવું થયું. શરીર બળવા લાગ્યાં. ગરમીથી ચહેરા લાલચોળ થઈ ગયા. મધ્યાહ્ન સમય થઈ ગયો હતો. કોઈ હાલતુંચાલતું ન હતું. કોઈ બોલતું ન હતું, શ્રાવણની મેઘલી રાત જેવું મૌન સર્વવ્યાપક થઈ ગયું હતું. પવન જ હલતો અને ખડખડાટ કરતો હતો. એક સુંદર સુગંધી વૃક્ષ નીચે ખાટલો નખાવી અમે પડ્યા. જરા દૂર એક પાણીનું ઝરણ વહેતું હતું તેમાં અમારાં માણસો ખુશી થઈ થઈ નાહતા હતા. રસોડું પણ એક ઝાડ તળે જ કર્યું હતું. કાસ્મીરની મુસાફરી હવે સહીસલામત પૂરી થઈ તેથી આ પણ એક ઉત્સવનો દિવસ હતો, પણ સ્વર્ગ છોડતાં કોને

દુઃખ ન થાય?

રસોડું તૈયાર હશે એમ અમે ધાર્યું હતું તેથી લૂલા વશરામ ખવાસને બોલાવી કહ્યું કે, 'કેમ થાળાને કેટલી વાર છે?' તેણે કહ્યું 'સાહેબ, તૈયાર નથી. લાખો હમણાં જ આવ્યો.' મેં પૂછ્યું 'કેમ?' તેણે કહ્યું 'ભેંસાં એક્કાવાળો એવો ડરી ગયો, કે એક્કો ઊંધો નાખ્યો અને લાખો પડ્યો.' ગીગાભાઈ અને હું વાતો કરવા લાગ્યા. લાખો રસોઇયો રાંધતો હતો ત્યાં વશરામ ખવાસ ગયા અને પોતે પણ પડ્યા હતા તેથી આવેશમાં આવી જઈ ઉસમાન સાથે વાતો કરવા લાગ્યા: એકેવાળા એડા ખરાબ જે એકા ધસીંતા એ ત્રે માડુ છણ્યાપેં. હિ એડા ખરાબ અઇં કે કેજીંગ ટંગબાં જુરીધાં.' ઉસમાન બોલી ઊઠ્યો: 'હિ ગાલ ખરી આય, મુંકે ફગાયો એટલે મૂંજોય મથો ફાટી વિયો. નેર વસરામ, લાખો હેરપ્યો. તેંજીટંગ મોયડાજી વઈ' ભેંસાં એકેવાળા ઢીંય આયનાં.'

અમારું ધ્યાન આ ગમતી વાતો તરફ ગયું અને ભાઈએ વશરામને પૂછ્યું 'શું વાતો થાય છે?' તેણે કહ્યું, 'સાહેબ લાખો પડી ગયો! અરે! તે ખાઈમાં જાત, માંડ બચ્યો. ભગવાનજી કિરપા આય કે બાચ્ચવીયો.' ભાઈએ કહ્યું, 'તમારા પગને અને ઉસમાનના માથાને કેમ છે?' વશરામે જવાબ દીધો કે, 'અમારું મ પૂછો, બિચારા લાખાજો જીવ બચ્યો ઈ જ ઠીક ગાલ થઈ.' ભાઈએ કહ્યું, 'હવે ફીકર નથી, બે કલાકનો રસ્તો છે.'

આ બિચારા માણસો આમ બૂમો પાડે તેમાં તેઓનો થોડો જ દોષ છે! કાશ્મીરના રસ્તા અને કાશ્મીરી એક્કાવાળા માણસોના જીવ લે તેવા જ છે. અમારાં માણસો માથે કાશ્મીરમાં ઘણી વીતી ગઈ છે. તેઓનાં હાડકાં–પાંસળાં ઈશ્વરકૃપાથી જ સાજાં રહ્યાં છે. કાશ્મીરની સડક તો બધી ભરી લીધી છે, પણ ખાઈ ભરવા કોઈ ન ગયો એ ઘણું સારુ થયું. અમારું એકેએક માણસ પડ્યું હતું અને દરેકને શેક કરવો પડ્યો છે. દરેક એક્કો તૂટ્યો, ભાંગ્યો અથવા પડ્યો છે. એકે

દિવસ અકસ્માત વિના ગયો નથી. અમારી ગાડી ડુંગર સાથે અથડાણી એ તો હમણાં જ લખાઈ ગયું, પણ એ સિવાય રાવલપિંડીથી મરી હિલ જતાં અમારી ગાડી એક ફ્રાંચી સાથે ભરાણી હતી અને પડખેની ખાણમાં ઝંપલાત, પણ એ તસુના તફાવતથી જ અમે સૌ બચી ગયા.

થાળી થોડા જ વખતમાં તૈયાર થઈ. જમી લીધું. થોડી વાર બેસી ગુલાબનાં સુગંધી થોડાં પુષ્પ અને એલચીનાં પાન ચૂંટી લીધાં અને નિસાસો નાખી ગાડીમાં બેઠા. મરી હિલ પાછળ રહેલો માણસ પણ આવી પહોંચ્યો.

સપાટ જમીન પર ઘોડા આનંદથી દોડવા લાગ્યા. પર્વતોને બદલે લાંબાં ખેતરો દેખાવા લાગ્યાં. ઝાડ ઘણાં જ થોડાં દૃષ્ટિએ પડવા લાગ્યાં. બળદને બદલે ઊંટવાળાં હળ ખેતરમાં દેખાતાં હતાં. બરફના પહાડ દૂર દૃષ્ટિએ પડતા હતા.

શ્રીનગર છોડ્યું ત્યારથી પ્યારા પત્રો મળ્યા નહોતા તેથી તેનાં દર્શન કરવા હૃદય ઉત્સુક હતું. રાવલપિંડીનાં ઘર દેખાવા લાગ્યાં. સૂર્યબિંબ પશ્ચિમાચલ ઉપર લટકવા લાગ્યું. સંધ્યારાગ ખીલવા લાગ્યો. પણ અરે, તે કાશ્મીરી સંધ્યારાગ હવે ક્યાંથી દેખાય? તે ડાલ સરોવરના દેખાવ હવે ક્યારે નજરે પડે?

રાવલપિંડી પહોંચી ગયા. અમારાં સોળ માણસમાંથી ચાર માણસ અને કેટલોક સામાન રાવલપિંડી રાખ્યાં હતાં. એક માણસ સામો આવ્યો હતો. તેણે કહ્યું કે, ઉતારો બદલવો પડ્યો છે. અમે તેની પાછળ પાછળ ગાડી ચલાવી અને નવે ઉતારે પહોંચી ગયા. જતાંવેંત જ કાગળની તપાસ કરી. એક માણસે આશરે પોણોસો પત્રોનો થોકડો આપ્યો. તે બધા વાંચ્યા; કેટલાક ફરીથી વાંચ્યા; કેટલાક ત્રણ વખત વાંચ્યા અને પછી કેટલાક ગજવામાં ગોઠવી ફળીમાં ખુરશીઓ મગાવી, ચાંદનીમાં વાતો કરતા બેઠા અને ચા પીધો. આજે હૃદય તેમ જ ચંદ્રનું ગ્રહણ હતું!

•

અમારી કાશ્મીરની ટૂંકી મુસાફરી ઈશ્વરકૃપાથી ખુશી આનંદમાં પૂરી થઇ.

કાશ્મીર એ સ્વર્ગ છે અને ત્યાં જવું એ મુશ્કેલ પણ છે. દેશનું યથાસ્થિત વર્ણન લખવું એ એક કવિનું કામ છે. તે કૈલાસ એવું છે કે, ગમે તેવો કવિ તેને માટે ગમે તેવાં વિશેષણો અને ગમે તેવા અલંકારો લખે તોપણ તેમાં અતિશયોક્તિ થવાની જ નથી.

મેં કાશ્મીરની રમણીયતા અને મુશ્કેલી એ બન્ને થોડાં ઘણાં લખ્યાં છે. સૌંદર્ય વાંચનારને તે દેશ જોવાનું વખતે મન થશે, પણ બધા માણસોને સૃષ્ટિસૌંદર્યનું અવલોકન કરવાનો સરખો શોખ હોતો નથી; તે મુશ્કેલીઓ તરફ ધ્યાન આપી વખતે તેનાથી દૂર જ રહેવાની પણ કેટલાએકને ઇચ્છા થશે તો મારે એટલું જ કહેવાનું છે કે:

મૃત્યુ સર્વવ્યાપક છે: ડુંગર પર કે ખેતરમાં, ભોંયરામાં કે ઘરમાં, જંગલમાં કે મહેલમાં, કિલ્લામાં કે અગાશી ઉપર મૃત્યુને જવામાં જરા વાર લાગતી નથી, તેનાથી નાસવું, એ તેની પાસે જવા જેવું જ છે, તેણે કોઈને છોડ્યો નથી કે તે કોઈને છોડવાનું નથી. હજારો તલવારોની વચમાં થઈને મહાન રાજાને તેમ જ ચોમાસામાં પલળતા પથરા પર પડેલા ભરવાડને તે સરખી રીતે જ ઝડપી જાય છે, માટે બીવાનું નથી. કોઈ એમ કહેશે કે, સરપના મોંમાં વગર કારણે હાથ શા માટે નાખવો? જો વગર કારણે હોય તો આમ કહેવું યોગ્ય છે, પણ મુસાફરી કરવી એ કેટલું જરૂરનું છે તે સૌ જાણે છે. મુસાફરીમાં પણ કુદરતી લીલાનું અવલોકન કરવું એ કેવું ઉત્તમ છે! કુદરતી લીલા જોવાનાં સ્થાનો માત્ર પર્વતો જ છે એમ નથી, પણ પર્વતોમાં કુદરતી લીલાનો સૌથી મોટો અંશ રહેલો છે, કેમ કે પાણી અને ગરમી ત્યાં પુષ્કળ હોય છે તેથી વનસ્પતિ ઘણી જ સારી નીપજે છે. વનસ્પતિ સિવાય પર્વતોની ગોઠવણ પણ મનોરંજક અને રસિક હોય છે. ઉષ્ણ દેશમાં રહેનારાને પર્વતો સિવાય બીજે ક્યાંય બરફ જોવાની તક મળતી નથી. બરફ જોવો અને તપાસવો એ

પણ થોડું રસિક નથી. પાણીની હિલચાલ તપાસવી એમાં પણ ઘણું જ્ઞાન સમાયલું છે. ટૂંકામાં એવા પ્રદેશોમાં, દરેક ઝાડ, દરેક ઝરણુ, ટેકરી, દરેક ખીણુ, દરેક વાદળું અને દરેક પથ્થર મનુષ્યના આત્મા સાથે આનંદની વાતો કરે છે અને ગુરુની માફક જુદા જુદા બોધ આપે છે. ' જીવ્યા કરતાં જોયું ભલું ' એ વાક્ય બિલકુલ સાચું છે. કયું સારું કામ કઠિન નથી? દેશ જીતવો એ સહેલું છે? પરમાર્થી થવું એ સહેલું છે? નીતિથી ચાલવું એ સહેલું છે? ખરેખાત, દરેક વસ્તુ કઠિન છે. કઠિન છે ખરી, પણ તેનાથી ડરી દૂર રહેવાથી તે વધારે ભયંકર દીસે છે. સિંહ પણ પાસે રહેવાથી નરમ થઈ જાય છે. માણસો ઉત્તર મહાસાગરના બરફમાં રખડે છે, માણસો દરિયામાં જ વસે છે, માણસો ગોળીના વરસાદમાં ફરે છે, માણસો બાણશૈયા પર શયન કરે છે; માણસો શું નથી કરતા! કાશ્મીરમાં જઈ આવવું એ આની સાથે સરખાવતાં કાંઈ જ નથી. સુખની કિંમત દુઃખથી જ થાય છે અને સંપત્તિની કિંમત વિપત્તિથી જ થાય છે. વિપત્તિ એ જ માણસને માણસ બનાવે છે અને વિપત્તિ એ જ માણસની તુલના કરે છે. વિપત્તિથી જ મોટાનાનું થવાય છે, અને વિપત્તિથી જ ચડતી પડતી થાય છે. ' સબસે ભલી વીપતડી જો થોરે દિન હોય ' એમાં જરા પણ સંશય નથી. કાશ્મીરમાં જવું એમાં જરા વિપત્તિ પણ છે ખરી, પણ તે દુઃખનો બદલો વ્યાજ સુદ્ધાંત કુદરત આપી દે છે. ઠેકડો મારી ડુંગર પર ચડાતું નથી અથવા એક ઘાથી કૂવો ખોદાતો નથી. એક માણસ આજ બીકણ હોય તે કાલ શૂરો થઈ શકતો નથી. જેને નાનાં કામ માટે નાનાં સાહસ કરવાની ટેવ પડેલી હોય છે તે જ મોટાં સંકટોમાં નીડર રહી મોટાં પરિણામો મેળવી શકે છે. ' બાઉ ' કહેતાં જે છોકરું ડરે તે મોટું થયા પછી શું તરવાર મારવાનું? કલકત્તામાં થોડા દિવસ પહેલાં એક માણસ વિમાન( બલુન )માં ઊંચે ચડ્યો હતો, અને પછી છત્રી ઝાલી નીચે ઊતર્યો હતો. એક બાળકે આ તમાશો જોયો. બે દિવસ પછી તે

તેના બાપની છત્રી હાથમાં પકડી સાત માળની હવેલી પરથી નીચે કૂદી પડ્યો અને ઈશ્વરકૃપાથી સહીસલામત રહ્યો. આ બન્ને બાળકને જેવી તેઓને મળતી આવી છે તેવી જ કેળવણી જો આખી જિંદગી મળે તો પહેલો બાયલો અને બીજો બહાદુર થવાનો તેમાં કાંઈ શક છે? વિમાનની હકીકત જ તે બહાદુર બાળકને બીકણ થવા દેશે નહિ. જે વખતે તેને જંગલમાં વાઘ સામો મળશે તે વખતે તેને તે અગાશી પરનો કૂદકો શું હિંમત નહિ આપે? આવાં આવાં નાનાં મોટાં સંકટો અને દ્દઢતાનાં કૃત્યો એ પણ મેટ્રિક્યુલેશન, એફ ઈ એ. અને બી. એ. જેવી પરીક્ષાઓ છે. એથી માણસ આગ્રહી અને અચળ મનનો થાય છે. સંસાર–વ્યવહારમાં પણ તેમ જ છે. 'બત્રીશ ઠોકર ખાય તે બત્રીશ લક્ષણવાળો થાય.'

• સંકટોમાં ન પડવાથી કીર્તિ નથી મળતી, એટલું જ નહિ પણ તન અને મન કેળવાતાં નથી; નવનાગેલીઓ, ફૂટબોલ, અગર-પાટ, ક્રિકેટ, ખીલપાડો અને પોલો એ રમતો પણ આપણને સખત કરવા જ મથે છે. જે માણસ એક જગ્યાએ બેસી રહ્યો હોય અને મુશ્કેલીમાં પડ્યો જ ન હોય તે શું સુખી છે? તે પોતે જ ના કહેશે. તેને ઉંબર ડુંગર જેવો લાગશે. જે માણસ દુઃખમાં ફસાયેલો હશે તે એકે સંકટને દુઃખ માનશે જ નહિ, તો તે સુખી જ છે, કેમ કે સુખદુઃખ તો માનવાનું જ છે. એક માણસ એકને સુખ માને તો બીજો તેને દુઃખ માને છે. એ તો ખરું જ છે કે માણસની સ્થિતિ એકસરખી રહેતી નથી. માણસ આજ રાજા તો કાલ જંગલવાસી થઈ જાય છે. એક માણસ એક વખતે સદાવ્રત આપતો હોય, તે જ બીજે વખતે સદાવ્રતનું ખાતો નજરે પડે છે. લક્ષ્મી ચળ છે તે તો સૌ જાણે છે; અને તેનો કેટલાએકને અનુભવ પણ થયો હશે. જે માણસ ફસાયેલો હોય તે આવી પડતીને વખતે મૂંઝાતો નથી, પણ વધારે દૃઢ છાતીવાળો થાય છે. નદીના પૂર સામે થવાની હિંમત સર્પ જ ધરી શકે છે. વળી સંકટોમાં ધીરજથી તરી ગયેલાં માણસો

કેટલાં દ્રષ્ટિએ પડે છે? આમ જ છે તો કસાવું એ જ ઉત્તમ છે; અને સંકટ સમયે નીચેનો ઉત્તમ ઉપદેશ હમેશાં મનમાં રાખવો જોઈએ :—

'સીત હરી દિન એક નિશાચર,
લંક લહી દિન એસોહિ આયો;
એક દિનાં દમયંતી તજી નલ,
એક દિનાં ફિરહી સુખ પાયો;
એક દિનાં બન પાંડુ ગયે,
અરૂ એક દિનાં શિર છત્ર ધરાયો;
શોચ્ય પ્રબીન કછુ ન કરો,
કિરતાર યહી બિધિ ખેલ રચાયો.'

લિ. સુરસિંહજીના
સચ્ચિદાનંદ સ્મરણપૂર્વક નમસ્કાર.

★

ગુજરાતી
૨૨૨૪૦
૧૪-૧૧-૬૭
મુંબઈ-૪.

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

# કેટલાંક ઉપયોગી પ્રકાશનો

## ધર્મગ્રંથો

| | રૂ. ન. પૈ. |
|---|---|
| તુલસીકૃત રામાયણ ૧–૨, | ૧૦–૦ |
| વાલ્મીકિ રામાયણ, ૧–૨ | ૧૧–૦ |
| ગિરધરકૃત રામાયણ ... | ૪–૫૦ |
| શ્રીરામચરિતમાનસ મૂળ પાઠ | ૨–૦ |

### પુરાણો

| | |
|---|---|
| શ્રીશિવમહાપુરાણ ૧–૨ | ૧૨–૦ |
| શાંતિપર્વ–મહાભારતનું | ૮–૫૦ |
| શ્રીમદ્ ભાગવત ૧–૨ | ૧૦–૦ |
| શ્રીમદ્ ભગવતી (દેવી) ભાગવત | ૬–૫૦ |
| એકાદશ સ્કંધ–ભાગવતનો (એકનાથી ટીકા) | ૬–૦ |
| એકાદશ સ્કંધ–ભાગવતનો | ૨–૫૦ |

### ઉપનિષદો

| | |
|---|---|
| એકાદશ ઉપનિષદ ... | ૩–૦ |
| બૃહદારણ્યક ઉપનિષદ | ૨–૦ |
| સો ઉપનિષદો ... | ૫–૦ |
| તૈત્તિરીય ઉપનિષદ | ૦–૧૯ |

### શ્રીમદ્ શંકરાચાર્યકૃત ગ્રંથો

| | |
|---|---|
| મોહમુદ્ગર અને બીજાં દશ રત્નો ... | ૧–૦ |
| શતશ્લોકી અને બીજાં ચાર રત્નો ... | ૦–૭૫ |
| સ્તોત્રસંગ્રહ ... | ૦–૬૨ |
| સર્વવેદાંત સિદ્ધાંત-સારસંગ્રહ | ૧–૨૫ |
| વિવેકચૂડામણિ ... | ૧–૦ |

*

| | |
|---|---|
| હસ્તામલકસ્તોત્ર અને વાક્યસુધા ... | ૦–૧૨ |
| પ્રશ્નોત્તરમાળા અને જીવન્મુક્ત આનંદલહરી | ૦–૧૯ |

## ભગવદ્‌ગીતાઓ

ભગવદ્‌ગીતા–પુરુષાર્થ-
બોધિની ટીકા ... ૧૨–૫૦
શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા–
શાંકરભાષ્ય ... ૪–૦
શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા–
નીલકંઠી ટીકા સાથે ૩–૦
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા ૪–૫૦
શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા
(મોટા અક્ષરોમાં) ૦–૭૫
જ્ઞાનસત્રગીતા (સં.લિપિ) ૧–૨૫
,, (ગુજ. લિપિ) ૧–૨૫

શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા (ગુટકો) ૦–૩૭

*

ઉત્તરગીતા ... ૦–૩૭
ગીતાસાર ... ... ૦–૨૫
ગીતાપોથી ... ૦–૩૭
ગીતાસંકલન ... ૦–૧૯
શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા
(૧૨ અને ૧૫ અધ્યાય) ૦–૧૯

## નીતિગ્રંથો

બાલવિલાસ ... ... ૧–૫૦
હિંદુધર્મની બાળપોથી ૦–૬૨
મનુષ્યધર્મ... ... ૨–૦
આર્યધર્મનીતિ અને
ચાણક્યનીતિસાર ... ૦–૭૫
મનુસ્મૃતિ ... ... ૪–૫૦

સુભાષિત નીતિમંજરી ૧–૫૦

*

પરવાળાં ... ... ૦–૧૯
વ્યવહારમાળા ... ૦–૫૦
નીતિશતક ... ૦–૨૫
વિજ્ઞાનશતક ... ૦–૩૭
નવસંહિતા ... ૦–૩૭

## સ્વ. પઢિયારનાં પુસ્તકો

સ્વર્ગનો ખજાનો ... ૨–૦
સ્વર્ગનો પ્રકાશ ... ૨–૦
સ્વર્ગનો આનંદ ... ૨–૦

સાચું સ્વર્ગ ... ૨–૦
સ્વર્ગની સીડી ... ૨–૦

# ધર્મકથા-પ્રાર્થના


| | |
|---|---|
| શ્રીસત્યનારાયણની કથા | ૦–૬૨ |
| નિત્યપાઠ ( પાકું પૂંઠું ) | ૧–૦ |
| શ્રીએકાદશીમાહાત્મ્ય | ૧–૫૦ |
| સંતોની અનુભવ-વાણી | ૧–૫૦ |
| જપ અને નામસ્મરણ | ૧–૦ |
| શ્રી રામકૃષ્ણ વાર્તાલાપ ( પુ. ૧લું ) | ૨–૫૦ |
| ,, ,, ( પુ. ૨જું ) | ૨–૦ |
| તુકારામગાથા ૧–૨ | ૬–૦ |
| ધર્મજ્યોતિ | ૧–૫૦ |
| ઉપદેશસારસંગ્રહ | ૧–૫૦ |
| આપણો ધર્મ | ૨–૦ |
| સંતગુરુનો પરિચય | ૨–૦ |
| શ્રીસુબોધરત્નાકર | ૧–૫૦ |
| સદ્બોધસરિતા ... | ૧–૫૦ |
| સંતની વાતો ... | ૧–૫૦ |

*

| | |
|---|---|
| ધર્મકથાઓ | ૧–૫૦ |
| સુબોધક કથાવાર્તાઓ | ૧–૫૦ |
| બોધક વાર્તાઓ | ૧–૫૦ |
| સંતોની ફૂલવાડી | ૦–૫૦ |
| પ્રભુમય જીવન | ૦–૭૫ |
| પ્રભુમય જીવનનું રહસ્ય | ૧–૦ |

*

| | |
|---|---|
| નારાયણકવચ | ૦–૫૦ |
| શિવમહિમ્નઃસ્તોત્ર ... | ૦–૫૦ |
| શ્રીવિષ્ણુસહસ્રનામ ... | ૦–૨૫ |
| હનુમાનચાલીસા ... | ૦–૦૬ |
| ગજેન્દ્રમોક્ષ ... | ૦–૩૭ |
| ભગવત્પ્રસાદ ... | ૦–૨૫ |
| કંઠાભરણમ્ ... | ૦–૧૯ |
| ગંગામાતા ... | ૦–૩૭ |
| મેનાવતી ને ગોપીચંદ તથા ભર્તૃહરિ ને વિક્રમ | ૦–૧૯ |
| જેસલ-તોરલ તથા જાલંધર-ગોપીચંદ | ૦–૨૫ |
| તંત્રની સાધના | ૦–૨૫ |
| શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ " (ભાગ ૧) | ૦–૫૦ |

# જીવનચરિત્રો

| | |
|---|---|
| પિતામહ ભીષ્મ ... | ૧–૦ |
| ભારતના વીર પુરુષો | ૨–૫૦ |
| વીર દુર્ગાદાસ ... | ૧–૨૫ |
| શિવાજી છત્રપતિ ... | ૧–૨૫ |
| અકબર ... ... | ૧–૦ |
| લક્ષ્મીબાઈ ... ... | ૦–૭૫ |
| જોન ઑફ આર્ક ... | ૦–૭૫ |
| બેન્જામિન ફ્રેંકલિન ... | ૧–૨૫ |
| બૂકર ટી. વૉશિંગ્ટન | ૧–૫૦ |
| મહર્ષિ દયાનંદ ... | ૧–૫૦ |
| હંસ મહારાજ ... | ૨–૫૦ |
| ભિક્ષુ અખંડાનંદ ... | ૩–૦ |
| સ્વામી ભાસ્કરાનંદ ... | ૧–૨૫ |
| સ્વામી સહજાનંદ ... | ૧–૫૦ |
| સ્વામી વિવેકાનંદ ... | ૧–૫૦ |
| સંત તુકારામ ... | ૩–૦ |
| સ્વામી બ્રહ્માનંદ ને શિવાનંદ | ૧–૩૭ |
| આખ્યાનમાળા (ભાગ ૧લો) | ૩–૦ |
| મહર્ષિ દધિચી અને બીજાં બે આખ્યાનો ... | ૦–૫૦ |
| ભક્તચરિત્ર ... ... | ૨–૦ |
| સ્વામીશ્રી નિત્યાનંદ ... | ૦–૫૦ |
| આદર્શ ચરિત્રસંગ્રહ (૨) | ૩–૦ |
| યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય ... | ૦–૫૦ |
| શ્રી રામચંદ્ર દત્ત અને નાગમહાશય ... | ૧–૦ |
| મહાત્મા દાદૂ દયાળ ... | ૦–૫૦ |
| * | |
| ગૌતમ બુદ્ધ ... | ૧–૫૦ |
| શ્રીમત્ શંકરાચાર્ય ... | ૦–૭૫ |
| મહાત્મા ટૉલ્સ્ટૉય ... | ૧–૨૫ |
| મીરાં દાસી જનમ જનમકી | ૦–૭૫ |
| સ્થલચિત્રો ... | ૧–૦ |
| વ્યક્તિ–ચિત્રો ... | ૧–૫૦ |
| * | |
| દેવર્ષિ નારદ ... | ૦–૩૧ |
| ભક્ત પીપાજી ... | ૦–૩૭ |
| બાળકોના વિવેકાનંદ | ૦–૨૫ |
| સંતશિરોમણિ નામદેવ | ૦–૫૦ |
| વિશ્વામિત્ર અને હરિશ્ચંદ્ર | ૦–૨૫ |
| સંત મૂળદાસ ... | ૦–૩૭ |
| ગોસ્વામી તુલસીદાસ... | ૦–૩૭ |
| નાનભટ્ટ બાપા ... | ૦–૨૫ |
| શ્રીશુકદેવજી ... | ૦–૨૫ |
| જડભરત ... ... | ૦–૧૯ |
| ભક્ત પ્રહ્લાદ ... | ૦–૩૭ |

શ્રી ફાર્બસ ગુજરાતી સભા
૨૧૧૪૦

દત્તાત્રેય (અવધૂત) ... ૦–૨૫
સ્વામી રામતીર્થ ... ૦–૨૫
શ્રીરામકૃષ્ણ પરમહંસ ૦–૩૭
શ્રી તૈલંગસ્વામી ૦–૨૫
મહાત્મા મસ્તરામજી .. ૦–૩૭
કબીરસાહેબ ... ૦–૩૭
નાનક ... ... ૦–૩૭
ભક્ત રોહીદાસજી ... ૦–૧૯
ભક્ત જલારામ ... ૦–૨૫
હરિજન સંતો ... ૦–૨૫
શ્રીરામકૃષ્ણ પરમહંસ–
સંક્ષિપ્ત જીવન ... ૦–૨૫
સુદામાચરિત્ર (કાવ્ય) ૦–૧૯

## સ્ત્રી ઉપયોગી પુસ્તકો

કન્યાવાચનમાળા ... ૨–૦
ભારતનાં સ્ત્રીરત્નો ... ૩–૦
મહાસતી વૃંદા ... ૧–૦
ઓખાહરણ ... ૦–૬૨
નળાખ્યાન... ... ૧–૦
શ્રી શારદામણિદેવી ૦–૫૦
ગૃહજીવનનાં દૃશ્યો ... ૦–૭૫
ગૃહિણી ... ... ૧–૦
વિદ્યાર્થી બહેનોને ... ૦–૫૦
સુખી જીવનની પગદંડી (અથવા
ગૃહજીવનનું માંગલ્ય) ૧–૫૦
કલ્યાણમયી ... ... ૧–૫૦
પાકશાસ્ત્ર ... ... ૧–૭૫
શકુંતલા ... ... ૦–૬૨

*

બાળક ... ... ૧–૨૫
ગૃહજીવનની કલા ... ૦–૭૫
જીવનની કલા ... ૦–૭૫
રાખની ઢગલી ... ૦–૭૫

*

સતી સાવિત્રી ... ૦–૨૫
સુશીલા ... ... ૦–૨૫
તરંગલોલા ... ૦–૩૭
વીર બાળાઓ ... ૦–૩૧
એક હતાં શેઠાણી ... ૦–૫૦
દયાળુ માતા ... ... ૦–૨૫
સદ્‌ગુણી પુત્રી ... ૦–૩૭
દુષ્યંત ને શકુંતલા અને
બીજી વાતો ... ૦–૩૭

**વધુ માહિતી માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો:**

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–અમદાવાદ

# જીવનચરિત્રો

| | |
|---|---|
| પિતામહ ભીષ્મ | ૧–૦૦ |
| ભારતના વીર પુરુષો | ૨–૫૦ |
| વીર દુર્ગાદાસ | ૧–૨૫ |
| શિવાજી છત્રપતિ | ૧–૨૫ |
| અકબર | ૧–૦૦ |
| લક્ષ્મીબાઈ | ૦–૭૫ |
| જોન ઑફ આર્ક | ૦–૭૫ |
| બૂકર ટી. વૉશિંગ્ટન | ૧–૫૦ |
| બૅન્જામિન ફ્રેંકલિન | ૧–૨૫ |
| મહર્ષિ દયાનંદ | ૧–૫૦ |
| હંસ મહારાજ | ૨–૫૦ |
| ભિક્ષુ અખંડાનંદ | ૩–૦૦ |
| સ્વામી ભાસ્કરાનંદ | ૧–૨૫ |
| સ્વામી સહજાનંદ | ૧–૫૦ |
| સ્વામી વિવેકાનંદ | ૧–૫૦ |
| સંત તુકારામ | ૩–૦૦ |
| સાક્ષાત્કારને પંથે તુકારામ | ૨–૦૦ |
| સ્વામીશ્રી બ્રહ્માનંદ ને શિવાનંદ | ૧–૩૭ |
| આખ્યાનમાળા–૧ | ૩–૦૦ |
| મહર્ષિ દધીચિ અને બીજાં બે આખ્યાનો | ૦–૫૦ |
| ભક્તચરિત્ર | ૨–૦૦ |
| સ્વામીશ્રી નિત્યાનંદ | ૦–૫૦ |
| આદર્શ ચરિત્રસંગ્રહ-૨ | ૩–૦૦ |
| યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય | ૦–૫૦ |
| શ્રીરામચંદ્ર દત્ત અને નાગમહાશય | ૧–૦૦ |
| મહાત્મા દાદૂ દયાળ | ૦–૫૦ |

| | |
|---|---|
| ગૌતમ બુદ્ધ | ૧–૫૦ |
| શ્રીમત્ શંકરાચાર્ય | ૦–૭૫ |
| મહાત્મા ટૉલ્સ્ટૉય | ૧–૨૫ |
| મીરાં દાસી જનમ જનમકી | ૦–૭૫ |
| વ્યક્તિ–ચિત્રો | ૧–૫૦ |
| દેવર્ષિ નારદ | ૦–૩૧ |
| ભક્ત પીપાજી | ૦–૩૭ |
| બાળકોના વિવેકાનંદ | ૦–૨૫ |
| સંતશિરોમણિ નામદેવ | ૦–૫૦ |
| ગુજરાતના ભક્તો | ૦–૭૫ |
| વિશ્વામિત્ર ને હરિશ્ચંદ્ર | ૦–૨૫ |
| ગોસ્વામી તુલસીદાસ | ૦–૩૭ |
| નાનભટ્ટ બાપા | ૦–૨૫ |
| શ્રી શુકદેવજી | ૦–૨૫ |
| જડભરત | ૦–૧૯ |
| ભક્ત પ્રહ્લાદ | ૦–૩૭ |
| દત્તાત્રેય (અવધૂત) | ૦–૨૫ |
| સ્વામી રામતીર્થ | ૦–૨૫ |
| શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૦–૩૭ |
| રામકૃષ્ણ પરમહંસ (સંક્ષિપ્ત) | ૦–૨૫ |
| ભક્ત જલારામ | ૦–૨૫ |
| શ્રીતૈલંગસ્વામી | ૦–૨૫ |
| મહાત્મા મસ્તરામજી | ૦–૩૭ |
| કબીરસાહેબ | ૦–૩૭ |
| નાનક | ૦–૩૭ |
| રોહીદાસ | ૦–૧૯ |
| હરિજન સંતો | ૦–૨૫ |
| સુદામાચરિત્ર (કાવ્ય) | ૦–૧૯ |
| સતી સાવિત્રી | ૦–૨૫ |

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–અમદાવાદ